કુમાર

શ્રાવણ · ૧૯૯૦ · અંક ૧૨૮

આ માસની હરીફાઈમાં ઈનામ મેળવાર
ચિત્ર : "ઘરભણિ" ફાટોઃ નસિંહ પરમાર






મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂ. ૬ (પરદેશ ૧૨ શિ.) ગ્રાહકે. વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છુટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ—૨

કલકત્તા : ઉપયોગી વસ્તુભંડાર • ૧૪, અમરતલા સ્ટ્રીટ

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



નિશા અને ઉષા

ચિત્રકાર • કનુ દેસાઈ

માવતરને

· શિખરિણી ·

પિતા! હું તો નાનું ઝરણુ અમથું, ઈશ્વરકૃપા
થકી જન્મ્યું, જીવું, જગતલ વહું આર્દ્ર ઉરથી
તમારા પ્રેમાળુ—ઉપરથી ભલે વજ્ર સમ હો!—;
મીઠું ગાણું મારી રગરગ વહે આપ રગનું.
ઉછંગે ખેલું, ઝાંખરમૂછ મહીં ભેરવી કરો,
ગળે બાઝી, પીઠે રમત ઘડી એવી અવનવી
રમું કે શંકાથી તમ ઉર સીઝેઃ આ ચપળતા
મને રહેવા લાંબી મુદત નહિ દે આપની કને!

મને રોકો ના ના, ખડક ધરી આડે! યમશિલા
વચાળે રૂંધો મા! શિદ ભીડી રહો બાથ-જડમાં?
રહ્યા જૂના પ્રાચીનપ્રિય તમ, ભવ્યોન્નત છતાં.
ન પ્રીછો કે પ્હેલો જીવનદ પિતા સિંધુ મુજનો,
તમારી યે કૂંળી ઉરસરસતાનો રચયિતા.
પિતા! એ સિંધુની ગમ વહું, પછી દ્રોહ તમ શો?
બની બાદલ્ પાછું તમ ઉર વસું જો પ્રભુકૃપા!

અરે માડી મીઠી! જનકગિરિઅંકે ધરી મને
ન જંપ્યાં, પહેરાવ્યાં રુમઝુમ પગે ઝાંઝર ઝીણાં,
લટે કોટે ફૂલો મૃદુલ ધરિયાં, સોબત દીધી
તટે વેલીની, ને ધીરી ઠમકતી ચાલ શિખવી.
સુણાવ્યાં હાલરડાં ખગકુલતણાં, ગીત પઢવ્ય
કદી તાતે ક્રોધે ફગવી દીધ ધોધે, તુરત ત્યાં
ઝીલી લૈને ખોળે ચઢઉતર રસ્તા ચલવિયા.
રહ્યાં સાથે ભૂ–મા! નિશદિન; જુદાઈ ન સ્વપને!

મને આંટીઘૂંટી વનવનનીમાં રે! ન ગુંચવો!
મળે સંગી કે ના ફિકર ન કરો; સ્તન્ય વહવી
કદી જો પોષો મા! અવનીતલ જે સિંધુ ઝીલતું
બની મોજું ભેટું તહીં જઇ ભૂમિ આદ્યજનની,
જહીંથી આવી હું તમ હૃદય લેટી ક્ષણ રહ્યું,
પ્રતાપે જેને અંચળ હરું તમારું ફરફરે.
—કિનારે કો વેળા ઉભય વળી આલિંગી રહશું.

· સોરઠા ·

પર્વતહૈયે ઘાવ, દ્રઝચો કારી રાત દિ'
એ તો દુઃખપ્રભાવ, કે ઝરણું સાગર સૂતું!
થયું રણે જઇ ખાખ, માડી ઉર પલળ્યું અરે!
પહોંચાડયું દઈ સાથ, ફરી મળવાં તો દોહ્યલાં!
ક્યાં મોજું, ક્યાં ભોમ? મઝધારે રમણા ચગી!
સ્વાતિ વરસવા કોડ, ક્યાં ગિરિવર? ક્યાં મેહુલા?

(૩૦-૧-૩૩) **ઉમાશંકર જોષી**

[પિતા પર્વત અને માતા ધરિત્રીને ઉદ્દેશેલી બાળક ઝરણાની આ ઉક્તિમાં એ રૂપકને સુંદર સફળતાથી ઉતારવા સાથે 'તેની ઓથે પ્રગતિવાંછુ મહત્ત્વાકાંક્ષી બાળકના સંબંધો અને એમાંથી નીપજતી દશાનું આલેખન છે. તેજસ્વી બાળકને આશંકા થાય છે કે પોતાની ચપળતાથી શંકિત થઈ પિતા પર્વત રખેને એની બાથમાં રૂંધી રાખે? એટલે એને કહે છે કે તમારા પણ ઉરની સ-રસતાનો આદિ કારણ જે સમુદ્ર એમાં જઈ મળવ.ના મને કોડ છે; એમાં તમારો દ્રોહ શો? અને પ્રભુકૃપા હશે તો ત્યાંથી યે પાછો વાદળ બનીને તમારા જ ઉરમાં આવી ઠરીશ. અને ભૂ-માતાને પણ એમ જ કહીને જાય છે કે આદ્યજનની જે અવની-તલ ત્યાં જઇ સિંધુનું મોજું બનીશ તો તમારા કિનારાને કોઇક દિવસ ભેટીશ. આ વિયોગથી વહેતા માવતર હૃદયના જખમના પ્રભાવે જ એ ઝરણું સાગર સુધી પહોંચી શકે છે. પણ એની મહત્ત્વાકાંક્ષાને ક્યાં મર્યાદાઓ છે? એ તો મધદરિયે મોજાંની રમણા જાગી છે એમાં મસ્ત છે. હવે મેહુલો બનીને પાછા પર્વતહૈયે જઈ વસવાનું કેવું? એને તો હવે સ્વાતિબિંદુરૂપે વરસીને સમુદ્રતળિયે મોતી થવાના કોડ છે.'—તાજેતરમાં પ્રકટ થનારા લેખકના કાવ્યસંગ્રહ 'ગંગોત્રી'માંથી]



ગૂજરાતના બે વયોવૃદ્ધ સાક્ષરવર્યો

● શ્રી નરસિંહરાવ દિવેટિયા તથા દી. બ. કેશવલાલભાઇ ધ્રુવ જેમની જ્ઞાન-જ્યોતિએ ગુજરાતની ભણીગણી આલમને લગભગ અરધી સદીથી અજવાળ્યા કરી છે તેમને પોણોસો વર્ષની અવધે પહોંચેલા જોઇ ગુજરાતની સંસ્કારપ્રેમી પ્રજા હર્ષ દર્શાવે એ સ્વાભાવિક છે. ગુજરાતી સાહિત્યમાં આયુષ્યભર મોખરે રહી તે બંનેએ ગુજરાતી ભાષાની એકનિષ્ઠાથી સેવા કરી તેને સમૃદ્ધ બનાવી છે એમાં બે મત છેજ નહિ. શ્રી નરસિંહરાવભાઇની કવિતાની લિજ્જત મેં વિદ્યાર્થીજીવનમાં માણેલી પ્રેમી પ્રિયાનાં ગીતોથી કે ગઝલોથી કંટાળેલા મગજને તેમની નિસર્ગસ્તુતિઓ તાઝગી બક્ષતી. આમ જેમની પિછાન બાળપણમાં માત્ર છાપેલી ચોપડીઓમાંના નામથી જ થઇ હતી તેમનો સાક્ષાત પરિચય કરવાનો યોગ મારા જીવનમાં મળી ગયો એ મારૂં એક સદ્‌ભાગ્ય માનું છું.

'વીસમી સદી'ના તંત્રી શ્રી હાજીમહમ્મદે આપણા વર્તમાનપત્રના ઈતિહાસમાં એક નવી જ કેડી પાડી હતી જે આજે તો સામાન્ય જનમાર્ગ સમી થઇ પડી છે. નવીન સાહિત્યયુગમાં વિદ્વાનો ને સાક્ષરો પોતાના સમકક્ષી વાચકો માટે જ લખતા અને તેમાં જ તેમની અમીરાઇ ગણાતી. સામાન્ય જનસમુદાયના પત્રમાં કે પત્ર માટે લખવું તેમને પદચ્યુત થવા જેવું લાગતું; એટલે લોકભોગ્ય ચોપાનિયામાં ગમે તેવા લેખકોનો અડ્ડો જામી પડતો અને વાચન હમેશાં ક્ષુદ્ર પંક્તિનું રહેતું. સ્વ. હાજીમહમ્મદની વ્યાપક દૃષ્ટિ અને કુનેહે તેમના 'વીસમી સદી'ના દરબારમાં ગુજરાતનાં સર્વ વિદ્વદ્‌રત્નોના ઉત્તમોત્તમ થાળ પીરસ્યા. એ પહેલી નવાઇ 'વીસમી સદી'ની જ હતી. શ્રી નરસિંહરાવભાઇ જેવા અડગ સાક્ષરે ત્યાં ડોલ્યા. તેમાં એ રસિક કવિ અને રસિક અધિપતિની સરલ સુરસ માનવતા જોવાની જે તકો મને મળી તેની અહીં નોંધ લેવા ઇચ્છું છું.

દિવસની ક્ષણેક્ષણ હિસાબથી ગાળનારા નરસિંહરાવભાઇને હાજીમહમ્મદને આંગણે કલાકો સુધી દિલ્લગીભરી વાતો કરતા હું જોતો. નવું નાટક કે સીનેમા જોવામાં તેમના એકલા સોબતી તરીકે ઘણી યે વાર નક્કી કરેલા સ્થળે તેમને રાહ જોતા મેં જોયા છે.

પરિચય વગર અન્ય માણસો જોડે ભાગ્યે જ વાતમાં ઉતરે એવા નરસિંહરાવભાઈ સ્વ. હાજી સાથે નિશાળિયા જેવી છૂટ અને મહોબ્બત બતાવતા. એકબે વાર રસ્તામાં સાથે જતાં 'ચાલોને હાજીમહમ્મદ કંઇક ખાઇએ!' એમ કહી આ સફેદ વાળવાળા વૃદ્ધ કોઇ રેસ્ટોરાંમાં ખેંચી જતા એકાદ વાર એમના વાંદરા ખાતેના બ્લ્યુ બંગલામાં ગએલો ત્યારે જે અથાગ પ્રેમ અને ઉમળકાથી સ્વ. હાજીનો તેમણે સત્કાર કરેલો તેની છાપ હું ભૂલ્યો નથી. અનેક ઝીણી બાબતોમાં ચીવટ, ચોકસાઈ અને સ્પષ્ટતા દાખવવાની તેમની ટેવથી સાધારણ માણસ તેમની જોડે કામ પડતાં કે વાત કરતાં ક્ષુબ્ધ બન્યા વિના રહે જ નહિ. પરંતુ સ્વ. હાજી માટે તેમની એ કાયદાપોથી અલોપ જ થઈ જતી.

થોડેથોડે અંતરે થએલી આ પ્રકારની મુલાકાતો પછી તેમણે મને પણ થોડાથોડા પરિચયના હક્કો આપેલા. ઇ. ૧૯૧૯માં સાન્ટાક્રુઝની મારી નાની ઓરડીમાં તેઓશ્રી ઘણીવાર અચાનક ચાલી આવતા અને મારા દેવદારી ખોખા પર બિછાવેલા મૃગચર્મ પર બેસી મારા નમ્ર સ્વાગત રૂપે ધરેલી ચા સ્વીકારતા ત્યારે મને કેટલો આનંદ થતો! કોટ, પાટલુન અને હેટના એ પોશાકમાં એક સાચા સ્નેહાળ ગુજરાતીનું હૃદયદર્શન કરી હું ધન્ય બનતો. ગલીચ અન્યાયી ને જુઠી વાતો તરફનો તેમનો તિરસ્કાર હમેશાં ઉગ્ર રૂપ લેતો; પણ તેવું કંઇ ન હોય ત્યારે મીઠા વાત્સલ્યભર્યાં હાસ્યથી તેમની સરલતા વર્ષતી. મોં પર કે વાતોમાં કોઈનાં વખાણો કરી નાખવાની તેમને ચીડ જ હશે એમ લાગતું; પણ એક પ્રસંગે કોઇએક સંસ્થા માટે નીમણુક મેળવવા માટે તેમની ભલામણની જરૂર પડી ત્યારે તેમણે મારા માટે જે પત્ર લખ્યો તેમાં વાપરેલાં વિશેષણો અને આગ્રહ જોઇને હું તાજુબ જ થઇ ગયો. કેટલા લાંબા સમયથી તેમણે મારા માટે આવો અભિપ્રાય સંઘરી રાખ્યો હશે તે તો કોણ જાણે, પણ તેમની કલમે જે પક્ષપાત બતાવ્યો તે મારે મન મોટું પ્રમાણપત્ર થઈ પડ્યું.

વર્ષો થયાં તેમનાં પ્રત્યક્ષ દર્શન થયાં નથી, પણ આજે આ અભિનંદન અવસરે એમનાં સ્મરણદર્શનનો આનંદ પામું છું.

શ્રી કેશવલાલભાઇને તો હું 'વીસમી સદી'માં આવતાં, એમના 'પ્રતિજ્ઞા યૌગંધરાયણ' નાટકનાં ચિત્રો કરતો હતો ત્યારથી જ પિછાનું. સચિત્ર પત્રના ચિત્રકારને અનાયાસે સાહિત્યના અભ્યાસની તક સાંપડે છે. મેં તેનો પૂરો ઉપયોગ કર્યો છે અને રસ પીધો છે સંસ્કૃત જેવા ગૌરવથી ગુજરાતી ભાષા લખાતી જોઈ હું સાહિત્યનો અનભ્યાસી યે મુગ્ધ બન્યો હતો. હિંદની પ્રાચીન કલાનું ગૌરવ શોધનાર મારા સરખાને એમની વાણીમાંથી ખૂબ પ્રેરણા અને પ્રોત્સાહન મળતાં.

તે પછી જીવનઘટનાનુસાર મારે અમદાવાદમાં રહેવું થયું અને એ જ અરસામાં અચાનક મારા પરમ સ્નેહી હાજીમહમ્મદ બેહિસ્તનશીન થયા. એમની એંધાણી રાખવાનું મારે નસીબે સરજ્યું હશે એટલે તેમના સંબંધમાં આવેલા અનેક વિદ્વાનો પાસે તેમના એ સ્મારક-ગ્રંથ



શ્રી નરસિંહરાવ



શ્રી કેશવલાલ ધ્રુવ

માટે લેખપ્રસાદી મેળવવા મારે જવું પડ્યું. તેમાં કંઇક દીર્ઘસૂત્રીપણું બતાવ્યું તો કંઇક આંખઆડા કાન કર્યા. પણ સ્વ. હાજીનું ઋણ પ્રામાણિકપણે સ્વીકારનારા જે વિરલ નરો એ વખતે જોયા તેમાં દી. બ. કેશવલાલભાઇનું નામ અગ્રપદે રહેશે. મને મુલાકાત આપતાં તેમણે અતિ ગદ્‌ગદ્ ભાવે સ્વ. મિત્રનું સ્મરણ કર્યું અને એ વખતે તેમને તાજેતરમાં જ સાંપડેલું ગૂજરાતના કલાસાહિત્યના અપ્રતિમ રત્ન સમા ‘વસંત વિલાસ’નો અનુવાદ એ ગ્રંથ માટે આપી દીધો. વસંતવિલાસનો કાવ્યભાગ સાહિત્યની રસભરી સામગ્રી છે, તે સાથે તેનાં ચિત્રો પણ ગૂજરાતની કળાનો એક અનોખો માર્ગસ્તંભ છે, અને હાજીમહમ્મદ જેવા કલા-સાહિત્યના પ્રેમી શહીદને યોગ્ય એ પુષ્પ આજે સમગ્ર ભારતવર્ષની કલાના ઇતિહાસમાં પણ સર્વપ્રમાણિત મહત્ત્વનું સ્થાન મેળવી શક્યું છે. નમ્રપણે કહું તો એની કલાને ગૂજરાતની સ્થાનિક શૈલી તરીકે નિર્ધારિત રીતે જાહેર કરવાનું સદ્‌ભાગ્ય મારું છે, પણ તેનો બહુવિધ પ્રજાઓમાં પ્રચાર કરવાનો સર્વ યશ શ્રીમાન નાનાલાલ મહેતાને છે. તેમણે પોતાની ભાવવાહી અંગ્રેજી મીમાંસા શક્તિથી હીંદી કલાના એક અગ્રગણ્ય મીમાંસકનું પદ સિદ્ધ કર્યું છે તેમાં આ ‘વસંત-વિલાસ’ની પ્રાપ્તિ અને તેની ચર્ચાએ તેમનું ગૌરવ સવિશેષ કર્યું છે.

‘વસંત વિલાસ’નાં અસલ ચિત્રો અને શ્રી કેશવલાલભાઇનું કરેલું એ સમશ્લોકી ભાષાંતર એકીસાથે ગૂજરાતી ભાષામાં પ્રકટ થાય તો તેમના જીવનકાર્યનું એક ચિરંજીવ સ્મારક બની રહે. આમ, કામ પરત્વે પણ તેમને મળવાના જે જે પ્રસંગો મને સાંપડ્યા છે તે બધાની સમગ્ર છાપરૂપે સૌજન્ય, ગાંભીર્ય ને સંસ્કારિતા-ભરી એમની મૂર્તિ મનપર તરી આવે છે.

સ્વ. છોટાલાલ જાગીરદાર-એક સંસ્મરણ

● એક સવારે ‘વીસમીસદી’ની ઑફિસમાં હું ગયો તેવા જ હસતા હાજીએ મારા હાથમાં ફૂલસ્કેપ કાગળોનો પેન્સિલથી લખેલો એક થોકડો મૂક્યો: ‘જરા આ જુઓ તો! ભાઈ મિસ્કીન લઇ આવ્યા છે.’ મેં વાંચવા માંડ્યું અને હસવાની છોળોમાં શબ્દો અદ્ધર રહેવા લાગ્યા. ‘પણ આનો લખનાર કોણ?’

‘લખનાર ગમે તે હોય; મારી ખાત્રી થઈ છે કે એની કલમમાં આબાદ અસર કરવાની શક્તિ છે. મિસ્કીન કહે છે કે એ પોતે બહુ શરમાળ હોવાથી જાતે આવ્યા નથી. લેખ છપાશે પછી કોઇવાર મળશે.’ ને લેખ લખનાર છાપેલ કાટલું જ જોઇએ એવો આગ્રહ એ મિયાં સાહેબે કદી રાખ્યો નહોતો. ગુણથી જ માણસને ઓળખનાર એ અજબ ઉદાત્ત તંત્રી હતા.

‘કેમ, તમે તેનાં ચિત્રો ઉપાડશો કે? જેવું વાંચો છો અને કલ્પો છો તેવી જ રમતથી ચિત્રો થવાં જોઇએ!’ મેં જરા સંક્ષોભથી કામ હાથમાં લીધું ખરૂં, પણ પછીથી તે લેખની હાસ્યલહરીઓમાં તણાતાં ચિત્રો કરવામાં યે મેં મજા જ માણી હતી. ‘ફઈબા’નું પાત્ર તો મુંબાઇમાં એવું લોકપ્રિય થઇ પડેલું કે લેખકને એ લેખ ધાર્યા કરતાં ત્રણગણો લાંબો કરવો પડ્યો.


એ લેખના લેખક અને ચિત્રકાર તરીકે અમારાં બંનેનાં નામો એક સાથે પ્રજા આગળ રજુ થવા છતાં અમે રૂબરૂ તો એક કે બે વાર મળ્યા હતા; અલબત્ત સ્વ. હાજીના સાથમાં જ. એક શરમાળ નિશાળિયાની જેમ ક્ષોભ પામી સંકોચાતા એ લેખકને જોઇ કોઇને લાગે નહિ કે ‘ફોઇબા-ભત્રીજા’ના સર્જક તેઓ હોય.

એ સર્જન આજ પૃથ્વી પર નથી એ વિચારથી દુઃખ થાય છે. ધર્મબુદ્ધિ અને પ્રેમળતાથી ભરેલો એમનો આત્મા જ્યાં હશે ત્યાં આનંદપૂર્ણ જ હશે.

અરુણનું અદ્‌ભુત સ્વપ્ન

કુમારમાં છપાતું તેના કરતાં યે પુસ્તક રૂપે બહાર પડતાં વધારે અદ્‌ભુત બન્યું છે. તમે એ પુસ્તક હાથમાં લઇને જોશો તો આ વાતની ખાતરી થશે. ગમે તે પાના પર નજર ઠેરવો અને તમારા મનને વાચનના રસમાં ખેંચી જાય એવી કોઇ ને કોઇ મનોરંજક હકીકત કે માહિતી મળ્યા વગર નહિ રહે; એટલું જ નહિ પણ તમે એવા તો આકર્ષાશો કે અરુણના ગરુડ સાથે પ્રવાસી જ બની જશો. માતાના ખોળામાં સાંભળેલી ગણપતિની દંતકથામાંથી આજની અનેકવિધ થરો વાળી દુનિયાના ઇતિહાસ, રાજપ્રકરણ અને માનવ વિભૂતિઓનું દર્શન કરાવવામાં શ્રી હંસાબેનની કલમે સફળતા બતાવી છે. ભાષાની મધુરતા અને રસપૂર્ણતા એવી છે કે વાંચી શકે એવા બાળકને તેમજ પ્રૌઢ સ્ત્રી પુરુષોને પણ તે એકસરખો આનંદ આપે છે. નહિ વાંચવાની ઇચ્છાવાળાં યે ચિત્રો જોતાં જોતાં કંઇ કંઇ જ્ઞાન અને કલ્પનાનો પ્રસાદ અનુભવશે. બાળવાચનની ચડતી શ્રેણીઓમાં આ પુસ્તકનું સ્થાન આપોઆપ આગળ રહેશે. સુંદર વાણી અને સુંદર રૂપરંગવાળાં પુસ્તકો બહાર પાડવાનો આગ્રહ રાખી શ્રી હંસાબેને તેમનાં બધાં પ્રકાશનોની જાત ભાત અનોખી જ કરી બતાવી છે, એટલું જ નહિ પણ તેમાં આગેવાની ટકાવી બીજાઓને દૃષ્ટાંત આપ્યું છે.

ર.મ.રા.



ફોટોગ્રાફિક શિક્ષક

એ નામનું નાનું સચિત્ર પુસ્તક મૉમ્બાસાની અલીદીના હાઈસ્કુલના ડ્રૉઈંગ માસ્તર ડી. એસ. પટેલે બે શિલિંગે બહાર પાડ્યું છે તે શિખાઉ ફોટોગ્રાફરો માટે બેશક ઉપયોગી થઇ પડે તેવું છે.

કચ્છનું ખમીર હજી ઓસર્યું નથી



માતાજીના બંધરાનું સ્થાન કચ્છના પાટનગરથી ચૌદ માઇલ છેટે લક્કીની ધાર વચ્ચે આવેલું છે. કચ્છના પ્રદેશમાં પૂર્વથી પશ્ચિમ જતી આ ધાર કચ્છમાં મોટામાં મોટી ધાર છે. સાગરનાં મોજાંની જેમ એ ધાર ઢોળાવ ને ચઢાવમાં માઇલોમાં વિસ્તરેલી છે. કચ્છના ચિત્તાઓનો મોટો વસવાટ આ ધારવાળા પ્રદેશમાં જ છે.

મુસાફરને શોધતાં મુશ્કેલી પડે એવી રીતે ધારની તળેટીમાં બંધરા આવેલું છે. ગામને અડોઅડ થઇને વહેતાં નદીનાં પાણી બંધરાને બારે માસ લીલું અને સુખી રાખે છે. બંધરાની વાડીઓ હમેશાં ફાલીફૂલી રહે છે; ખેડૂતો આબાદ અને સુખી છે, અને ઢોરો પર વેંતવેંતની ચરબીના થર બાઝેલા રહે છે. ગામની આ સમૃદ્ધિ અને આબાદી એ નદીને લીધે છે. માતા સમી એ નદીની હૂંફે ગામ સીઝાઇ સીઝાઇ મોટું બન્યું છે.

નદીના પેટાળમાં અનેક હુઆઓ આવેલા છે. પાણીના સતત મારથી ઘસાઇ ઘસાઇને નદીની બંને બાજુએ સુંદર કોતરો અને બખોલો પડેલી છે, અને આ નાનકડા એકાદ માઇલના વિસ્તારમાં, ગામના પાદરમાં થઇને જ વહેતી આ નદીવાળા ભાગનાં કોતરો તથા બખોલોમાં અવારનવાર ચિત્તાઓનો વસવાટ રહે છે. આજુબાજુ રહેતાં સસલાં અને હરણો મારી નદીનું પાણી પીતાં આ હિંસક પ્રાણીઓ હમેશાં બખોલોમાં પડ્યાં રહે છે.

સંધ્યાનો સમય થયો. નદીના તટ પર આવેલા મહાદેવના મંદિરમાં ઘંટારવ થયો. તે જ વખતે બંધરા ગામના કુમારોની એક ટોળી મંદિરમાં દાખલ થઇ. રણકાર કરતી આરતીઓ પર લોહીઆળ ભુજા વડે ડંકા દીધાઅને આરતી પૂરી થએથી નિયમ મુજબ નદીના પેટાળમાં આવેલા રેતીવાળા ભાગમાં સૌ રમવા–કૂદવા ઊતરી પડ્યા.

‘રતુભા, અજ ચિતરો નાંય આયો ભલા!’ ટોળીમાંથી એક જણ બોલ્યો. રતુભા પંદર વર્ષનો ફાંકડો ઊગતી યુવામાં દાખલ થતો ઠકરાઇ કુમાર હતો. ટોળીના સૌ સાથીઓએ એને સરદાર બનાવ્યો હતો.

એ બતાવતી
છેક આ જમાનાના કુમારોની નીડર રમતની સાચી કથા

'સે કલ્લા! ચિતરો કુલાય ન આયો હું ઘો?' રતુભાએ નવાઇથી કહ્યું. કલ્લો આહીરનો દીકરો હતો. ટોળીમાં રતુભાથી બીજે નંબર એનો હતો. ઉમરમાં એ રતુભાનો બરોબરીઓ હતો.

'ધૂળમેં ઇનજા પગ દીસાજે ન તા! યાંથી ધ્રુજીવ્યો હું ઘો?' કલ્લાએ વાત સ્પષ્ટ કરી. બધા સાથીઓ દરરોજ સાંજે અત્રે રમવા આવતા. પહેલાં સૌ રેતીમાં ચિત્તાના પગ જોતા. પગ જોઇ, ચિત્તો આવ્યો છે કે નહિ એ નક્કી કરતા અને ત્યાર બાદ રમત શરૂ કરતા. આજે ચિત્તો આવ્યો નથી એમ નક્કી કરી સાએ રમત રમવા કપડાં ઉતાર્યાં.

રમતને પાએક કલાક થયો ત્યાં તો એક ભેખડમાંથી ચિત્તાની ભયંકર ત્રાડ સંભળાઇ અને બીજી જ પળે બધાએ ચિત્તાને આવતો જોયો. ચિત્તાની ત્રાડથી સાથીઓ ટેવાઇ ગયા હતા, પરંતુ તેનું આવું સમીપ દર્શન કોઇને આજ સુધી થયું નહોતું. ટોળીમાંના બધા યે કુમારો ચિત્તાને આમ નજીક આવતો જોઈ મૂઠી વાળી ગામ ભણી નાઠા. ન ભાગ્યા માત્ર રતુભા અને કલ્લો. ભાગતા સાથીઓને જોઇ રતુભાએ બૂમ પાડીઃ 'બેલીઉં ભજો કુલાયતા? હથમેં લઠ ખણો, ચિતરે કે હેવર જ સૂમાડી દીઉં!' (દોસ્તો! ભાગો છો શું? હાથમાં લઠ્ઠ લ્યો. ચિત્તાને અહીં જ સુવાડી દઇએ.) પણ એનું સાંભળે કોણ? સાથીઓએ ભાગવામાં જ ડહાપણ માન્યું. અને જાણે એ આખાય વિશાળ મેદાન પર પોતાનું જ સ્વામિત્વ ધરાવતો હોય તેમ ચિત્તો વિજયી ચાલથી રતુ અને કલ્લાથી પચાસ કદમ દૂરથી ચાલ્યો ગયો. કોઇ વિજયી અને તિરસ્કારયુક્ત દૃષ્ટિથી ધવાયો હોય એમ રતુને થયું. સાથીઓનાં કપડાં લઈ કલ્લા સાથે તે ગામ ભણી વળ્યો. પોતે જાણે ચિત્તાથી મહાત થયો હોય એમ તેને લાગ્યા કરતું હતું.

રાત્રે ગામને ચોરે સૌ ભેળા થયા થયા. રતુએ સાથીઓના બીકણપણાની સખ્ત ઝાટકણી કાઢી. કલ્લાએ તેમાં સાથ પુરાવ્યો. સાથીઓ ઝંખવાણા પડી ગયા. આવતી કાલે સાંજે બધાએ ડાંગ લઇ ફરી નદીમાં જવું અને ભેખડે ભેખડમાં તપાસ કરી ચિત્તાને શોધી કાઢી તેને પૂરો કરી નાખવો એમ નક્કી કરી સૌ છૂટા પડયા.

બીજા દિવસની સાંજ પડી. નદીના વિશાળ પટને ફરી પાછી એ ટોળી ખૂંદી વળી. સૌના હાથમાં મોટી ડાંગો હતી. રતુના હાથમાં કડીઆળી હતી. થોડીવારે રતુએ અવાજ કર્યોઃ 'હુશીયાર પાં મડે ઉતરાદી ભેખડમેં નીઆરી અચોં, ચિતરો હુતે વધુ રેતો.'

સૌ ઉતરાદી ભેખડ તરફ વળ્યા. રતુ અને કલ્લો મોખરે હતા. નીચા નમીનમી તેમણે ભેખડ નીચેની બખોલમાં જોયું, પોતાની ડાંગ અંદર પછાડી જોઇ પરંતુ અંદર કોઇ મળે નહિ. માત્ર એક સાપ ફુંફાડો મારતો પડખેથી ચાલ્યો ગયો.


'ધીસાં દખણાદિ ભેખડમેં હુંધો!' કલ્લાએ પોતાનો મત જાહેર કર્યો. બધા દક્ષિણ બાજુની ભેખડ તરફ વળ્યા. અને હતું પણ તેમ જ. ચિત્તાએ કુમારોનો શોરબકોર સાંભળ્યો હતો. પોતાનું હમેશનું સ્થાન છોડી આજે એ આ ભેખડની બખોલમાં આવી બેઠો હતો અને પોતાની ચપળ આંખોથી બધું જોયા કરતો હતો. ટોળીને મોખરે ચાલતો રતુ બખોલ આગળ આવી પોતાની કડીઆળી અંદર નાખવા જાય છે તેવી જ ચિત્તાએ ગાત્ર ઢીલાં કરી નાખે એવી ભયંકર ત્રાડ નાખી. ટોળીમાંના બધાયના હોશકોશ ઉડી ગયા. કોઈ કોઈ ધ્રૂજવા લાગ્યા. પણ રતુના શબ્દોએ આજ સૌને પાણી ચડાવ્યું હતું. ભાગવા કોઇ તૈયાર ન હતું.

'કલ્લા! અચી જ હણે, અજ ભરાભર સોડીમેં અચીવ્યો આય. હણે કુત્તો ધીઆં વેંધો કિતે?' રતુમાં બમણું જોર આવ્યું અને તેણે કડીઆળી જોરથી ભેખમાં ઘાલી. ચિત્તો છંછેડાયો. કડીઆળી અડતાં જ તે ધુરકયો અને બધાની અજાયબી વચ્ચે એક લાંબી ફલંગ મારી બહાર કૂદી આવ્યો.

ચિત્તાને બહાર આવેલો જોઇ ટોળીના કુમારો ભયથી અવાક્ બની ગયા. સૌને પોતાનું મૃત્યુ હાથવેંતમાં દેખાયું અને જેને જેમ ફાવે તેમ નાસવા લાગ્યા. રહ્યા માત્ર રજપૂતનો દીકરો રતુ અને આહિરનો મર્દબચ્ચો કલ્લો.

સાથીઓને ભાગતા જોઇ રતુની આંખ લાલ થઇ. પરંતુ તેણે એક પળમાં જ સ્વાસ્થ્ય મેળવ્યું અને ચિત્તાના બરડા પર ફટકો લગાવતાં કહ્યુંઃ 'કલ્લા! હિમ્મતમેં રોજ. બ્યા મૂંડસ નઇન! ઇનકે અજ પૂરો કયો જ ખપે.' આ બધું એટલું ઝપાટાભેર બની ગયું

(અનુ ં ન આગળ પૃષ્ઠ ૨૯૬મે)



પોતાનાં ટીખળી પરાક્રમો ને ચેટકોથી દુનિયાભરના

મિકી માઉસ અને તેનો સર્જનહાર

દુનિયાભરના સીનેમાશૉખીનોમાં આજે,પ્રખ્યાત સીનેમા-સિતારા ચાર્લી ચૅપલિન કે હેરૉલ્ડ લૉઈડ, ગ્રેટા ગાર્બો કે રૅમન નોવારો વગેરેના નામ જેટલાં મશહૂર છે તેટલું જ, બલ્કે તેથી વધારે, એક અડપલા ઉંદરડાનું નામ મશહૂર છે;—વધારે એટલા માટે કે પેલાઓ તો કદાચ મોટી ઉમરના શૉખીનોના જ માનીતા હશે, પણ આ ઉંદર તો નાનાં ભુલકાંઓથી માંડી બોખાં બુઢ્ઢાંઓ સુધીનાં સૌનો લાડકવાયો બની ગયો છે. પોતાની કરામતો, ચવિત્રાવેડા અને અડપલાંથી સાર્વભૌમ બનેલો એ ઉંદરડો તે મિકી માઉસ.

સૌ જાણે છે કે એ કોઇ જીવતુંજાગતું પ્રાણી નથી, પણ એક ફળદ્રુપ ભેજાવાળા ચિત્રકારની ફાંટાબાજ કલમનું સર્જન છે. અલકમલક કરતા અંગમરોડ, લહેકાતા હાથપગ અને ટીખળથી મુશ્કેરાટ કરતાં મોં અને આંખોવાળા એ ઉંદરનાં નાટકી પરાક્રમોની ફિલ્મનો દસેક મિનિટનો હસામણો કાર્યક્રમ સૌએ મુખ્ય ફિલ્મ શરૂ થતાં પહેલાં માણ્યો હશે, અને મોટે ભાગે મુખ્ય ફિલ્મ જેટલી જ સજ્જડ તેની છાપ મન પર લઇ સૌ ઘેર ગયાં હશે.

આજથી સાત વરસની વાત પર વૉલ્ટ ડિઝનીના ખડિયાની શાહીમાંથી આ અદ્ભુત ઉંદરડો જન્મ્યો તે પહેલાં પણ આવાં હાથે ચીતરેલાં ચિત્રોનાં હસામણાં ચેટકો ચાલતાં તો હતાં જ; પણ આ ભાગ્યશાળી ઉંદરડા જેટલી કીર્તિ એ કોઇને નસીબે નહોતી લખાએલી. એ દિવસોમાં 'ફેલિક્સ' નામની બિલાડી પોતાનાં ડાહ્યલાં સાહસોથી સૌને રમુજ પમાડતી. સામાન્ય રીતે બિલાડીને જોઇને ઉંદર નાસી જાય છે; પણ આ ભાઇસાહેબ મિકીએ દુનિયાનો એ ક્રમ પલટાવી નાખ્યો; કેમકે એણે (ઉંદરડાએ) આવીને એ ફેલિક્સ (બિલાડી)ને ભગાડી મૂકી છે! બિચારી ફેલિક્સને આજ કોઇ સંભારતું યે નથી.

મિકી પહેલાં પણ ડિઝનીની કલમમાંથી એક સસલો જન્મેલો. એનું નામ 'ઓસ્વાલ્ડ ધ લક્કી રૅબિટ' (ભાગ્યશાળી સસલો). પણ એના નામ પ્રમાણે ગુણ ન નીકળ્યા અને એ કમભાગી નીકળ્યો; કેમકે એના હક વિષે એના બતાવનારા સાથે ડિઝનીને કાંઈક વાંધો પડ્યો અને તેના બધા હક જવા બેઠા. આ બાબતની ચોખવટ કરવા ગએલો એ બેકાર કલાકાર ન્યૂ યાર્કથી નિષ્ફળ થઇને હૉલીવૂડ પાછો ફરતો હતો ત્યાં ટ્રેનમાં મિકીનો જન્મ થયો.

ટ્રેનને સીનેમાનગર હૉલીવૂડ પહોંચવાને હજુ થોડી વાર હતી, એટલામાં વિચાર-રમણે ચડેલા એ ખિસ્સાખાલી કલાકારને પોતાના નવા સર્જનની યોજના સૂઝી, અને એ વાત તેણે પોતાની સામી બેઠકે બેઠેલી સ્ત્રીને કહી.

આ નવી વાર્તા એક ઉંદરનાં પરાક્રમો વિષે હતી અને તેનો પહેલો હપ્તો ઉંદરના એરોપ્લેનના ઉડ્ડયનનો હતો;—કેમકે એ વેળા લિન્ડબર્ગનું હવાઈ પરાક્રમ જગબત્રીસીએ ચડેલું હતું.

વૉલ્ટ શબ્દવ્યંજનાનો શોખીન હોવાથી તેણે કહ્યું કે 'એ ઉંદરનું નામ મૉર્ટિમર માઉસ રાખીએ તો કેમ?' સામે બેઠેલી સ્ત્રીએ છાપામાંથી ઊંચે જોયું અને પૂછ્યું, 'તમને મિકી માઉસ વધુ સારૂં નથી લાગતું?'

જે સ્ત્રીએ દુનિયાના આ વિખ્યાત ખેલાડીનું નામ પાડ્યું તે જાણીતી મિસ લીલિયન બાઉન્ડ્ઝ અથવા ખરી રીતે તો મિસિસ ડિઝની—વૉલ્ટની પત્ની હતી.

પણ મિકીના જન્મનાં અદૃષ્ટ બીજ તો ઘણાં વર્ષો પર ડિઝની જ્યારે નાનો ચેકુસ હતો અને ઘર

જે અડપલા ઉંદરનાં ચવિત્રાં સાહસોએ નાનાં ભુલકાંથી માંડી બોખાં બુઢ્ઢાંઓ

સીનેમા-શૉખીનોનો લાડકવાયો બનેલો સાર્વભૌમ ઉંદરડો

કલાકાર વૉલ્ટ ડિઝની

પાછળના વાડાઓમાં જાતજાતનાં જનાવરોની લીલાઓ જોતો ભમતો ત્યારનાં નંખાએલાં. એ કહે છે કે 'નાનપણથી જ મને પ્રાણીઓ બહુ ગમતાં; એટલે મહાયુદ્ધ બંધ પડયું અને હું તથા મારો ભાઈ રૉય તેમાંથી છૂટી કામધંધાની શોધમાં પડયા ત્યારે આવાં ઍનીમેટેડ કાર્ટૂન–સજીવ વ્યંગચિત્રો–આલેખવાનો તુક્કો મને સૂઝયો; અને હાથવગી પડેલી એક ખાલી બૉક્સરૂમમાં ચિત્રો આલેખવા માંડયાં.' પ્રત્યેક ફિલ્મ માટે આવાં દોઢ હજાર ચિત્રો કરવાં પડતાં અને વૉલ્ટ પોતે જ એકલે હાથે એ ચીતરતો. વાર્તા પણ એ જ ગોઠવતો અને અભિનય, ઍકશન તથા દૃશ્યપરિવર્તનની બધી એકેએક ઝીણામાં ઝીણી વિગત સાથેનો સીનેરીઓ પણ પોતે જ લખતો. આ ઓસ્વાલ્ડ સસલાની જન્મકથા. એ વેળાની એની એકલા હાથની જહેમત અને અને કાળી મહેનતનું તપ આજે ફળ્યું છે.

પણ ઓસ્વાલ્ડનો આ રીતે આવિર્ભાવ થયા પહેલાં યે વૉલ્ટને ઘણું ખમવું પડેલું. પહેલાં તો એ કોઇ જાહેરાતી આલેખનો કરનારા સ્ટુડિયોમાં ચિત્રકામ કરતો. થોડો વખત આ કામમાં તેને રાતપાળી કરવાની આવેલી. એ વેળા, કહે છે કે, મધરાતે ડિઝની કચરાટોપલીઓમાં કંઇક ખખડાટ સાંભળતો. શાનો અવાજ એ? સાંજે કારીગરોએ ભોજન કરીને ટોપલીઓમાં નાખેલાં ખાલી ખોખાંને ફંફોળતા ઉંદરોનો જ તો. ડિઝનીનો નાનપણનો પ્રાણીપ્રેમ ફરી જાગૃત થઇ ઊઠયો. તેમને તેણે હેળવવા માંડયા; અને એક તો એવો હળી ગયો કે ડિઝની કામ કરતો હોય ત્યારે તેના ટેબલ પર એ ફર્યાં કરે! મિકી માઉસની પ્રેરણાનો જન્મદાતા એ જ હશેને? પણ કેટલાક વળી કહે છે કે આ રમૂજી તુકકો એ કેવળ કલ્પના જ છે. તેમાં સત્ય નથી. વસ્તુતઃ વૉલ્ટ તો ઉંદરોથી દૂર જ નાસે છે!

ગમે તેમ હો. પણ એ 'મિકી માઉસ' અને તેની પછી પ્રખ્યાત થએલાં 'થ્રી લિટ્લ પિગ્ઝ' (ત્રણ નાનાં ભુંડણાં)નો સરજનહાર વૉલ્ટ ડિઝની આજે જગવિખ્યાત થયો છે.



પૂરા પાંચ ફૂટ અને દસ ઇંચ ઊંચો, ઊભા ઓળેલા ભૂખરા વાળવાળો ને વારેવારે પોતાની ઝીણી મૂછો આમળતો, પેલા અડપલા ઉંદરડાનો સરજનહાર આ ફાંકડો કલાકાર ડિઝની વિખ્યાત સીનેમા નટ તમને ઍડૉલ્ફ મેન્જુની જાણે નાની આવૃત્તિ લાગે.

તેનો જન્મ ૧૯૦૧માં શિકાગોમાં થયો હતો. એના પિતા આઇરીશ કૅનેડિયન છે, અને માતા જર્મન કુળની છે. વૉલ્ટનું પૂરૂં નામ વૉલ્ટર ઇ. ડિઝની છે. તેના ચેક ઉપર એ આ જાતની સહી કરે છે. 'ઇ' એટલે શું એ એક કોયડો છે. એ વિષે તે કદી ખુલાસો કરતો નથી. ખરી રીતે એ ઇલિયાસ—તેના પિતાનું જૂનું નામ છે.

વૉલ્ટે ચિત્રની પહેલી શરૂઆત તેના મિસુરીના ઘરની એક ભીંત ઉપર કરી. તેને ખાસ કરીને ઘોડા, ડુક્કરો તથા પ્રાણીઓ આલેખવાં બહુ ગમતાં. રંગ તરીકે ડામરનો તે ઉપયોગ કરતો અને પીંછી માટે લાકડી વાપરતો!

સોળ વર્ષની વયે તેણે શિકાગોમાં ટપાલી તરીકે નોકરી લીધી. એક વખત મિશિગન ઍવન્યુમાં કૂચની તાલીમ લેતી લશ્કરી ટુકડી જોઇને તેમાં જોડાવાનો વિચાર તેના મગજમાં ભરાયો; પણ તેની વય બહુ નાની

સુધીનાં સૌને હસાવ્યાં છે;–ને જે આજે એના માલિક માટે કરોડોની કમાણી કરે છે

હોવાથી લશ્કરને બદલે રેડ ક્રૉસની ટુકડીમાં તેને જોડાવું પડ્યું. ત્યાંથી યુદ્ધમાં તેને દરિયાપાર જવાનું તો મળ્યું, પણ છેક સમરાંગણમાં તોપના ગોળાઓ વચ્ચે જવાની તક ન મળવાથી તે નિરાશ થયો. મહાયુદ્ધ પૂરું થયું એટલે ત્યાંથી છૂટો થઇ તે કાન્સાસ સિટીની એક ધંધાદારી ચિત્રકામની પેઢીમાં જોડાયો.

પાછળના ભાગમાં ગૅરેજવાળા એક નાનકડા સાદા ઘરમાં તે રહેતો. તેની પાસે મોટર ન હોવાથી ગૅરેજનો તે પ્રયોગશાળા તરીકે ઉપયોગ કરતો. રાત્રે એ 'સ્થાનિક બનાવો' (Local Happenings)ના મથાળા નીચે ટૂંકી ફિલ્મો બનાવતો. તેમાં કાન્સાસ શહેરના પ્રતિષ્ઠિત જનોને ચીતરી તેમની ઠેકડી કરતો.

આ ફિલ્મો તે સ્થાનિક થીએટરોને આઠ પેન્સના ફૂટના ભાવથી વેચતો. આ પછી તેણે 'જૅક ઍન્ડ ધ બીનસ્ટૉક' અને 'લિટલ રેડ રાઇડિંગ હૂડ' જેવી વિખ્યાત બાલવાર્તાઓ ચિત્રમાં ઉતારવા માંડી. પણ આ કદી થીએટરોમાં આવતી નહિ. તે તો ફક્ત સ્થાનિક કલબોમાં અને ચર્ચના મેળાવડાઓમાં ચાલતી.

આ ફિલ્મોના દાબડા સાથે બાંધીને તે પોતાનું નસીબ અજમાવવા સીનેમાનગર હૉલીવૂડ આવ્યો. બીજા ગંજાવર સ્ટુડિયોથી ઘણે દૂર એક નાનુંસરખું ઘર તેણે ભાડે રાખ્યું. આજે તો એ નાના ઘરનાં રૂપરંગ બદલાઇને આલિશાન સફેદ સ્ટુડિયો ઊભો થયો છે; પણ એ વખતે દસ માણસમાંથી ભાગ્યે એકાદને પણ એ સ્થાનની પૂરી માહિતી હશે.

અહીં વૉલ્ટના પહેલા પ્રયાસમાં ત્રણ વર્ષની વર્જિનીઆ ડેવિસ નામની બાળાના મુખ્ય પાત્રવાળું એક પ્રાણીચિત્ર સરજાયું. ડિઝનીએ તેને પ્રાણીઓ સાથે ખેલતી કલ્પી. પણ મનુષ્ય અને પ્રાણીનો મેળ ચિત્રમાં કાંઇ બરાબર જામ્યો નહિ. આથી એણે નાની વર્જિનીઆને કાઢી નાખીને એકલા સસલાને જ મુખ્ય પાત્ર બનાવ્યું. એ ચિત્ર–'ઓસ્વાલ્ડ ધ લકી રૅબિટ'–ઠીકઠીક વખણાયું. આમ સસલાનાં શુકન તો તેને ફળ્યાં; (અને આજે પણ એ જ શરૂઆતનો ફળદ્રુપ પાક તેને મળે છે) પણ એ સસલાને તેના જીવનમાંથી રૂખસદ લેવી પડી; કેમકે એ કાર્ટૂનોનાં સીનેમા બતાવનાર સાથે તેણે વિચિત્ર કરાર કર્યો હતો. 'ઓસ્વાલ્ડ ધ રૅબિટ' જોકે બનાવેલું વૉલ્ટનું હતું, છતાં તેના ઉપર ફિલ્મ બતાવનાર માણસની માલિકી ગણાઇ. તે પછી ડિઝનીએ 'ઓસ્વાલ્ડ' પાછું મેળવવાની આશાથી ન્યૂ યૉર્કની મુસાફરી કરી પણ તેમાં તે ફાવ્યો નહિ અને ટ્રેનની આ સફર વખતે 'મિકી માઉસ'નો જન્મ થયો એ આપણે જોઇ ગયા.

તેની પત્ની લીલિયન પહેલાં તો તેની મદદનીશ ચિત્રકાર તરીકે જ નોકર રહેલી. વૉલ્ટની ભાભીએ લિલિયનને ત્યાં દાખલ કરાવેલી. તેની ઓળખાણ કરાવતાં ભાભીએ કહેલું: 'મને લાગે છે કે આ બાળા તમને ઠીક સહાયક થઇ પડશે.' અને સાચે જ એ ઉક્તિ ખરી પડી! પાછળથી બંનેને લાગ્યું કે એ જીવનભરની સહાયક થાય એ જ યોગ્ય છે. ઈ.સ. ૧૯૨૫ના જુલાઇની ૧૩મી તારીખે તેમનું લગ્ન થયું. આજ તેમને એક નાનો નવ માસનો બાળક છે. અલબત્ત તેનું નામ કાંઈ મિકી નથી!

કૅલીફૉર્નીઆના સીધા, લાંબા, બે બાજુ ઝાડની હરોળવાળા રસ્તા પર એક નાના શાંત ઘરમાં તેઓ રહે છે. ત્યાં ધમાલ હોય તો માત્ર રોજ ભેટ તરીકે આવતાં રમકડાંઓની. દુનિયાભરના ડિઝનીના પ્રશંસકો તરફથી રોજ લાંબાં ને ચોડાં, નક્કર ને પોલાં મિકી તથા મિનીનાં રમકડાંઓની તેમજ બીજી ચિત્રવિચિત્ર ભેટો આવ્યા જ કરે છે. લિલિયન ડિઝની પોતાના છ ઓરડાવાળા નાના ઘરમાં એને ગોઠવતાં થાકે છે. રોજ ઊઠીને બિચારીને ચિંતા કે આ બધું મૂકવું કયાં? જીવતાં પ્રાણીઓ તો આભાર સાથે પાછાં જ વાળવાં પડે છે. એક વાર સવારે ઊઠીને હજી નાસ્તો લેવા જાય છે ત્યાં સસલાંનાં બચ્ચાનું લંગરને લંગર ભેટ તરીકે આવી ચડેલું!

કામ, કામ ને કામ! દિવસના ભાગ્યે જ ડિઝની નવરો હોય છે. ચાળીસ વરસનો પાતળિયો પણ પડછંદ જેવો ઊંચો એ કલાકાર સાંજ સુધી અખંડ કામમાં રહે છે. તમારી સાથે વાત કરતો હોય ને અચાનક એ બોલી ઊઠે: 'રહો, એક તુક્કો સૂઝ્યો છે!' ને તરત એની લાંબી, મજબૂત તરવરતી આંગળીઓ નોંધ લેવા મચી પડે. શબ્દોમાં નહિ, પણ વિચિત્ર આકૃતિઓમાં.

ચહેરે તે દેખાવડો છે; સિનેમા નટ ઍડૉલ્ફ મેન્જુની જાણે આબેહૂબ નાની આવૃત્તિ તમને લાગે. તે કદી કપડાંની ઝાઝી ટાપટીપ રાખતો નથી. ગરમીના દિવસોમાં તો એ લગભગ નહિ જેવાં જ વસ્ત્રોમાં ફરે છે.

એની ઉંચાઇ પાંચ ફૂટ અને દસ ઇંચ છે અને



વાગીશ્વરી

(ચિત્રકાર · રસિકલાલ પરીખ)

જે નાના સુંદર રંગીન ચિત્રનો આ ફોટોગ્રાફ છે તે મૂળ ચિત્ર કુમાર કાર્યાલયમાં ચીતરાવીને રૂપાના કાસ્કેટમાં ગોઠવી, શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવના પોણોસો વર્ષના ઉત્સવ પ્રસંગે એમના જૂના-નવા વિદ્યાર્થીઓએ ગુજરાત કૉલેજમાં ભવ્ય સમારંભ કરી એમને અર્પણ કર્યું હતું.



COURTESY · SJT· S.V. RAMASWAMY MUDELIAR

પ્રાચીન શિલ્પમૂર્તિ

(ફોટો · પીયૂષ દીવાનજી)

વજન ૧૪૭ રતલ છે. એના વાળ ભૂખરા અને ઊભા ઓળેલા રહે છે. તેની મૂછ ટૂંકી છે અને ઘણી વખત તે એની સાથે રમત કરતો રહે છે. એની આંખો ઘેરા બદામી રંગની છે. પૉલોનો એ ખૂબ શોખીન છે અને એ એની પ્રિય સ્ફૂર્તિ આપનારી રમત છે.

એના વાળ ખરી પડીને ઓછા થતા જાય છે. આને અટકાવવાના ઉપાયો તે કર્યા કરે છે, અને હમેશાં પોતાની પાસે એક કાંસકો રાખે છે. કોઇપણ માણસને મુલાકાત આપતાં પહેલાં તે વાળ ઓળીને સમા કરી લે છે. એને સિનેમા ફિલ્મો જોવાનો શોખ છે. પણ નાટકનો ભારે કંટાળો છે.

ઊભા ઓળેલા વાળ અને ટૂંકડી મૂછો જેવી જ એક ત્રીજી એની ખાસિયત તે ગૂંથેલો સ્લિપ-ઓવર. તે ભાગ્યે જ વેસ્ટ-કોટ પહેરે છે.

અને ચોથી ખાસિયત તે સિગારેટ. ગજબનો પીનારો. એનો એક મિત્ર કહે છે કે કોઇપણ સંખ્યામાં આપો; એ પીધે જ રાખે છે. હવે તો એની એ ટેવ છોડાવનાર કોઇ જોઇએ છે.

સવારના હમેશાં વહેલો ઊઠે છે, ને નાસ્તો લઇને કામ પર ચડે છે તે બપોરના ખાણા સુધી જંપતો નથી. અને સ્ટુડિયોમાં ખાણા ઉપર પણ પોતાના સાથીદારો પર તે વિચારોની ધારા વહાવ્યે જ રાખે છે. નવા ને નવા તુક્કા—ધાણી ફૂટે તેમ તેને સૂઝ્યે જાય છે. કામ કરનારા સાથીઓમાં ઉત્સાહ પ્રકટાવવાની તેનામાં અજબ શક્તિ છે.

ઊંઘ વિના લગભગ ચલાવી લેવું હોય તો ય તેની ના નહિ. આથી જ તો તેની પત્ની તેને પૂરતો આરામ મળે તેની ખાસ કાળજી રાખે છે. સાંજે ઘેર આવે છે ત્યાં મુલાયમ તકિયાથી ભરેલા કોચ ઉપર પગ પર પગ ચડાવી સિગારેટમાંની આસમાની ધુમાડાઓ કાઢતો એ પડે છે, અને પોતાની લાક્ષણિક ઢબે ઝીણી આંખ કરતો ઊંડા વિચારમાં ગરકાવ થઈ જાય છે. ભગવાન જાણે એ ત્યાં પણ કેવાં યે અડપલાં ને ટીખળ કરતાં પ્રાણીઓ નીરખતો હશે તે?

પછી એકાએક એ ઊઠે છે ને પ્રવાસ, સાહસ કે જીવનચરિત્રનું એકાદ પુસ્તક ઉઘાડી વાંચવામાં મશગૂલ થાય છે. એનો એ બહુ શોખીન છે.

ઉપરાંત શોખ છે એને પરીઓની વાતો વાંચવાનો.



વૉલ્ટ ડિઝની અને તેને જગવિખ્યાત કરનારો મિકી

દુનિયાભરની પરીવાર્તાઓનો સંગ્રહ એની પાસે છે. પોતાની કૃતિઓમાં આનો ઉપયોગ એ કરે છે એ તો સ્પષ્ટ છે. પણ તેમાં એની વિશિષ્ટ પદ્ધતિ છે. એ માત્ર વાર્તાના દરેકને યાદ રહેતા મુખ્ય બનાવો જ ઉપયોગમાં લે છે. અને એના ઉપર પોતાની ફિલ્મની વાર્તાની ગોઠવણી કરે છે. બાકીની તૂટક વાર્તા તેનાં માણસો યુક્તિથી સંકેલી લે છે. આથી આ ફિલ્મ મૂળ વાર્તા કરતાં તદ્દન જુદા જ રૂપની થાય છે. દાખલા તરીકે, 'બેઈબ્સ ઇન ધ વૂડ'ની ફિલ્મમાં 'હેન્સલ અને ગ્રેટલ' તેમજ બીજી બે પરી-વાર્તાઓનું મિશ્રણ છે. 'થ્રી લિટ્લ પિગ્ઝ'ની વાર્તા પણ કંઇ તેની મૂળ વાર્તા પ્રમાણે જ નથી. એ જ રીતે 'લિટ્લ રેડ રાઇડિંગ હૂડ'ની વાર્તા અને બીજી ફિલ્મોની બાબતમાં.

મિકી આખા જગતમાં ખૂબ માનીતો છે. અંગ્રેજી બોલનારાઓ તેને મિકી માઉસ અને જર્મન લોકો તેને 'મિકલ માઉસ' કહે છે. ફ્રેંચો 'મિશલ સૂરી,' સ્પેનના લોકો 'મિગ્વેલ રાટોનો સિટો' ઇટાલિયનો 'મિશેલ્ને જોથોલીનો', ગ્રીકો 'માઇકેલ મુસ' અને જાપાની લોકો એને 'મિકી કુચી' કહે છે. વૉલ્ટ ડિઝનીને આ કામ માટે દુનિયાના જુદા-જુદા પ્રદેશોમાંથી ૨૦,૦૦૦ પ્રશંસાપત્રો મળ્યા છે.



મિકી માઉસની ખ્યાતિ પછી ડિઝનીએ 'સિલી સિમ્ફનીઝ' નામથી રમૂજી બાળવાર્તાઓ અને પરીકથાનકોને ટીખળી રૂપમાં ઉતારવા માંડી. એમાંની 'થ્રી લિટલ પિગ્ઝ' (ત્રણ નાનાં ભુંડણાં)આજે મિકી જેટલી જ જગવિખ્યાત બની છે. એમાંની ઘણીખરી હવે રંગીનરૂપમાં ઉતારી છે

'મીકી માઉસ' અને આ 'સિલી સિમ્ફનીઝ' દરેક નવી કલ્પના વૉલ્ટના જ ભેજામાંથી નીકળે છે. તે પોતે તો કદી એક લીટો સરખો પણ દોરતો નથી. ફક્ત એક જ કામ એવું છે કે જેના માટે તે પોતે જાતે જ ધ્યાન આપે છે. અને તે ફિલ્મ ઉતારતી વખતે મીકીનો અવાજ કાઢવાનું!

પોતાના સ્ટુડિયોનાં માણસોને ડિઝની પોતાના 'કુટુંબ' તરીકે ઓળખાવે છે. આ 'કુટુંબ' વાર્તાવિભાગ, ગૅગમેન અને સંગીતકારોનું બનેલું છે. વાર્તાવિભાગમાં લગભગ દસ માણસો છે. આ દસ પણ કુશળ કળાકારો અને પ્રાણીચિત્રના ઉસ્તાદો છે. વાર્તા લખાઇ હોય છે તે કરતાં ઘણી બારીકાઇથી સંપૂર્ણ છણાઇ હોય છે 'થ્રી લિટલ પિગ્ઝ'નું ખાલી લખાણનું ખોખું માત્ર દોઢ જ પાના જેટલું હતું!

દર પખવાડિયે સ્ટુડિયોના 'કુટુંબ'ની એક મિજલસ મળે છે. આ મિજલસમાં વૉલ્ટ સૌની સાથે ખાણું લે છે અને પછી પોતાના નવા વિચારો રજુ કરે છે. આના ઉપર બધો સ્ટાફ ચર્ચા ચલાવે છે. આ પછી ટાઇપ કરેલો એક ટુંક સાર દરેકને આપવામાં આવે છે. આ સાર ડિઝનીએ ઉતરાવેલો હોય છે.

સારવાળા એ પાનાને છેડે નીચે પ્રમાણેનો ટુંક સંદેશો હોય છે: 'દરેક આના ઉપર પૂરતો વિચાર ચલાવે અને આવતી મિજલસ મા કંઇક સરસ સૂચના તૈયાર રાખે. આ વાર્તામાં કંઇક નવા જ રૂપરંગની હું આશા રાખું છું.'

આ પછી વૉલ્ટનાં માણસોનું કામ શરૂ થાય છે. એના સ્ટુડિયોમાં બીજા લગભગ સો પ્રાણી–ચિત્રકારો છે. બીજી મિજલસે તેમના સૌના વિચારો મુકાય છે. પછી આ લખાણ એક ડાયરેકટર અને એક સંગીતકારને સોંપાય છે.

પ્રાણી–ચિત્રવાળાં કાર્ટૂન બનાવનારા ડાયરેકટરને ચિત્ર તો દોરતાં આવડવું જ જોઇએ, તેની સાથેસાથે તે કુશળ અભિનયકાર પણ હોવો જોઇએ, કારણકે ઘણી વખત તો તેને પોતાને મનગમતી રીતે ફિલ્મનાં પાત્ર બનાવવા તેના જેવો જ અભિનય જાતે કરી બતાવવો પડે છે. આ માટે તે વાર્તાને થોડાંક માર્ગદર્શક ચિત્રોમાં ગોઠવી આપે છે. આ સંખ્યા લગભગ ત્રીસથી સાઠની થાય છે. આ માર્ગદર્શક ચિત્રો ઉપરથી જુદા જુદા ચિત્રકારો પોતાનું કામ શરૂ કરે છે. ડિઝનીના સ્ટુડિયોમાં બધું જ કામ વ્યવસ્થાપૂર્વક અને બારીકાઇથી થાય છે. તેને ત્યાં કેટલાક તો એવા ચિત્રકારો છે કે જે ખાલી કંઇ ન કરતાં માત્ર દશ્ય પાછળની ભૂમિકા જ તૈયાર કર્યા કરે છે. કેટલાક ખાસ ચિતારા દાઢી મૂછો જ આબેહૂબ ચીતર્યા કરે છે!

દરેક પ્રાણી–ચિત્ર બનાવવામાં ઘણી જ ઝીણવટની જરૂર રહે છે. 'થ્રી લિટલ પિગ્ઝ'ની વાર્તા નક્કી થયા પછી ચાર મહિનાના સખ્ત પરિશ્રમે તે તૈયાર થઇ હતી. એ ફિલ્મ ઉતારવામાં લગભગ બાર હજાર જુદાં જુદાં ચિત્રો કરવાં પડેલાં. અને આ દરેક ચિત્ર ખૂબ વખત લે છે. પ્રેક્ષકો પડદા ઉપર તો એક સેકન્ડમાં લગભગ ૨૪ ચિત્રો સામટાં જુએ છે. તેમને આ કંટાળાભરેલી મહેનતનો કંઇક આછો ખ્યાલ એ રીતે આવશે કે જો એક માણસ સવારથી સાંજ સુધી સતત કામ ખેંચે તો 'થ્રી લિટ્લ પિગ્ઝ' જેવી ફિલ્મ માંડ બે વરસે પૂરી કરે!

'થ્રી લિટ્લ પીગ્ઝ'ની લોકપ્રિયતા માટે તેને એક જ અસંતોષ છે, અને તે એ કે મિકીને એ પિગ્ઝ ઢાંકી દે છે. છતાં અત્યારે ડિઝનીને એવી પ્રબળ આશા છે કે ભવિષ્યમાં કોઈ અનેરી કરામતથી મિકીને નવા લેબાસમાં બહાર લાવી પ્રસિદ્ધ કરવો. આમ વૉલ્ટ કદી જૂના મિત્રને તરછોડે એમ નથી. કારણકે 'મિકી'ને લીધે જ વૉલ્ટ પૈસાની મૂંઝવણમાંથી છૂટયો અને 'પિગ્ઝ'નો 'વુલ્ફ' બહાર પડયા પછી જ એને ત્યાં નાણાંની ટંકશાળ પડી.

૧૯૩૩ના સપ્ટેમ્બરની ૩૦મી તારીખે મિકીની છઠ્ઠી જન્મતિથિ ગઇ. એટલામાં તો વાલ્ટ ડિઝનીના ખડિયાની શાહીમાંથી જન્મેલો દુનિયાભરમાં મશહૂર આ સીનેમા–સિતારો ધંધા અને કમાણીમાં કોઇ જાદુઇ કરામતની પેઠે આવકના ઢગલા કરે છે. અમેરિકાનું

ફૉર્બ્ઝ મૅગૅઝીન લખે છે કે મિકીનું નામ માત્ર વાપરવાને ૪૬ અમેરિકન કારખાનાંને ખાસ ઇજારો મળ્યો છે અને બાળકો તેમજ મોટાંને આનંદ આપે તેવી જાતજાતની ચીજો પર તેઓ હવે તેનો ઉપયોગ કરશે. 'મિકી માઉસ રેડિયો' પણ રમકડા રૂપે વેચાય છે! આવી બધી વસ્તુઓ ઉપર મિકીનું નામ છાપવા, ચીતરવા કે વાપરવા માટે અપાતા ઇજારાના બદલામાં લોકોને મોટી કિમતો આપવી પડે છે.

મિકીની કીર્તિના આરંભમાં તો આવી આવક નજીવી ગણવામાં આવતી હતી; પણ પછી તેની અસરની કિંમત સમજાતાં KayKamen(કે કામેન)નામના વ્યવસ્થાપકના હાથમાં આવા ઇજારા આપવાનું ખાતું સોંપાયું.

છોકરાઓના પટા ઉપર મિકી, આઇસક્રીમ ઉપર મિકી, ચૅાકલેટ ઉપર મિકી-ઢીંગલીઓ, વાર્તાઓ,ઘરેણાં, ભીંતશણગારના કાગળો, છોકરાંનાં લૂગડાં, રમત અને ફરવાના પોશાકો વગેરે અનેક પદાર્થો અને સ્થળોમાં આજે મિકી વ્યાપક બની ગયો છે અને તેના સર્જક વૉલ્ટ ડિઝનીને ખૂબ કમાણી કરાવે છે.

બાળકોને મિકીની છાપ બહુ જ ગમે છે. ઘડિયાળો પણ અંદર મિકીનું ચિત્ર હોય અને તેના સળેકડા હાથો કાંટા બની ફરતા હોય એવી નીકળી છે.

બ્રિટિશ બનાવટો ઉપર તેના ઇજારા લાગુ પાડવાને લંડનમાં ખાસ ઑફિસ ખોલવામાં આવી છે. પોર્ટુગાલ, ડર્બન અને ઇટાલીમાં પણ તે જ ધોરણે ઇજારાથી આવક ઊભી કરવાનો પ્રયાસ ચાલુ છે.

આવી આવકનો આંકડો દર વરસે ચાર લાખ ડૉલરનો થવા જાય છે. પણ તે બધો વૉલ્ટ ડિઝનીના ખીસામાં પડે છે એમ કોઇ ન માની લે. મિકીના ખેલો રચવાને હૉલીવૂડમાં પાંચલાખ ડૉલરની એક સંસ્થા ઊભી કરવામાં આવી છે. ત્યાં લગભગ ૧૦૦ જેટલા સ્વરવિશારદો મિકીનાં અડપલાં ને તાલમેળવાળાં ગાયનના ઠમકા ઉપજાવે છે. તેને લગતી મોટી ઑફિસો, સંગીતગૃહો વગેરે બાંધેલાં છે.હોશિયાર આલેખકો ને ચિતારાઓ એની આકૃતિ પર કામ કર્યાં જ કરે છે. ૭૫×૪૦ ફૂટના માપના એક વિશાળ ખંડમાં વાદ્યમંડળ સ્વરગ્રાહક યંત્ર પાસે બેઠું જ હોય છે.

આવી મોટી આવકોની વાતો છતાં વૉલ્ટ ડિઝની પોતે દર અઠવાડિયે ૧૫૦ ડૉલર લઇ પોતાનું રોડવે છે. તેનો ભાઇ રૉય ડિઝની તેનો અંગત મદદનીશ છે. મિકી સાર્વભૌમ બની ગયો છે ને આવકના ઢગલા કરવા લાગ્યો છે તેથી તેનું મગજ બહેર મારી ગયું નથી. તેઓ બરોબર જાણે છે કે અથાક મહેનત અને ઉચ્ચ કક્ષાના કામથી જ એ કીર્તિ ટકાવી શકાય. એ બંને ભાઇઓ ખર્ચ કાઢતાં જેટલું નાણું બચે છે તેટલું ધંધામાં જ નાખતા જાય છે અને આવી ખંત, ઉદ્યોગ અને સ્વાર્પણથી જ મિકી પછીનું જગનામી બનેલું ત્રણ નાનકાં ભૂંડણાં વાળું રંગીન અને ચમત્કારિક સજીવ સર્જન બનાવી તેમણે આગળ નામ વધાર્યું છે.

(નૅશ મૅગેઝીન અને બીજાં પત્રોમાં આવેલા લેખો પરથી તારવીને)


એ ફિલ્મો કેમ ઊતરે છે?



સીનેમાવાળાઓ સ્ટુડિયોમાં જે જાતજાતની તરકીબોથી ફિલ્મો બનાવે છે તે હવે ભાગ્યે જ કોઇ સીનેમામાં રસ લેનારથી અજાણ હશે. એક પળમાં એકસો ચોરસ ફીટ જેટલી જગ્યામાં સમુદ્રનું તોફાન, ધરતીકંપ, હિમધવલ પર્વતશિખરો, પ્રકાશિત મેદાનો, પ્રાચીન કિલ્લા કે અર્વાચીન ઊંચાં ગિરિશૃંગ જેવાં અમેરિકન મકાનો આ સીનેમાકુશળો ઊભાં કરી દે છે. આ તેઓ શી રીતે કરે છે, તે લગભગ દરેક જણ જાણે છે. પરંતુ મિકી માઉસની ફિલ્મ શી રીતે ઉતારવામાં આવે છે, તેને માટે હજુ ઘણાને પૂરી માહિતી નથી.

મિકી માઉસનાં જે ચિત્રપટો આપણે સીનેમામાં જોઇએ છીએ તે ઘણે ભાગે ૩૦૦ મીટર (એક મીટર=૩ા ફીટ) લાંબાં હોય છે. એક મીટર લાંબી ફિલ્મમાં ૫૨ ચિત્ર હોય છે, એટલે ૩૦૦મીટર ફિલ્મમાં ૧૫૬૦૦ ચિત્રો આવે છે.

વસ્તુ તૈયાર કર્યા પછી કયાં કયાં પ્રાણીઓને મિકી માઉસનાં સાગરીતો બનાવવાં તે નક્કી થાય છે; અને પછી જાણે મોટી આઠ રીલની ફિલ્મ તૈયાર



મિકી માઉસની ફિલ્મમાં સંભળાતા ચિત્રવિચિત્ર અવાજો-માંના ઘણાખરાનો ઉત્પાદક અને બોલનારો મિ. મિન્ટો કૉલ-વિગ, ઉપલા ચિત્રમાં કૂતરાનો અવાજ કાઢતો દેખાય છે.

થતી હોય એવી રીતે, તેના છુટા છુટા સીન ચીતરાવા માંડે છે. સૌ પહેલાં બૅકગ્રાઉન્ડ (પશ્ચાદ્‌ભૂ) ચીતરવામાં આવે છે. આમાં જોઇતાં જંગલો, પર્વતો તો કોઇ વાર આર્ટિક પ્રદેશના બરફના ઢગલાઓવાળું બૅકગ્રાઉન્ડ વગેરે તૈયાર કરવાં પડે છે. કોઇ વાર દીવાલો, બારણાં, બારીઓ વગેરે પણ ચીતરાય છે. એ તો જેવી ફિલ્મ.

આમ, સમગ્ર ચિત્રની બૅકગ્રાઉન્ડ તૈયાર થઈ ગયા પછી દરેક સીનનાં જનાવરો ચીતરાવા માંડે છે. તેમાં સહેજસાજ ફેરવાળાં હજારો ચિત્રો તૈયાર કરવાં પડે એ દેખીતું જ છે. આ જાતનાં ચિત્રો આલેખનારને અનીમેટર કહે છે. દરેક ઍનીમેટર આગલા ચિત્રની નકલ ટિશ્યુ પેપર પર કરે છે, અને જે હલનચલન કરવાનું હોય તે મુજબ તેમાં સહેજ ફેર કરે છે. જેણે ફિલ્મોના કટકાઓ જોયા હશે તેને સમજ પડશે કે દરેક ચિત્રમાં કેટલો થોડોક જ ફેર કરી શકાય છે. મિકી માઉસ સેક્સોફોન વગાડતાં ફક્ત એક હાથ ફેરવે છે તેને માટે ચાલીસથી પચાસ ચિત્રો તૈયાર કરવાં પડે છે.


પ્રધાન ચિત્રકાર ફક્ત હાથ પગ કે અંગમરોડની રેખાઓ દોરે છે. ચિત્ર પૂરું કરવાનું કામ બીજા ચિત્રકારો કરે છે. દાખલા તરીકે મિકી વાજું વગાડે છે એ દૃશ્ય ચીતરવું હોય તો પ્રધાન ચિત્રકાર ફક્ત પગની ગતિ અને માથાની છટા ચીતરશે. પછી બાકીનો આખો ઉંદર, વાજાની પેટી, સ્થળનું દૃશ્ય વગેરે બીજા ચિત્રકારો બનાવશે. આ તો એક ચિત્ર થયું. આની રીતે આખી યે વાર્તા અસંખ્ય ચિત્રોના રૂપમાં તૈયાર કરવામાં આવે છે. પછી એની બરોબર પરીક્ષા કરવા માટે ફરીથી બધાં ચિત્રો હરોળબંધ તપાસી જોવામાં આવે છે અને ભૂલો હોય તે સુધારી લેવાય છે. આમ જ્યારે આ ચિત્રો બધી રીતે પૂર્ણ ઊતરે છે ત્યાર પછી ફિલ્મ કૅમેરા દ્વારા તેમના ફોટોગ્રાફ લેવામાં આવે છે.

આ ફોટો લેવાની ક્રિયાને ફિલ્મની ભાષામાં 'શૂટિંગ' કહે છે; પણ સામાન્ય ફિલ્મોમાં જે શૂટિંગ થાય છે તેમાં અને મિકીની ફિલ્મના શૂટિંગમાં ઘણો ફેર છે. જેમાં જીવતા નટ ઍક્ટિંગ કરે છે તેવી ફિલ્મોમાં શૂટિંગની ગતિ દર સેકંડે ૧૬ થી ૨૪ ચિત્રોની હોય છે; એટલે કે એક સેકંડમાં ૧૬ થી ૨૪ નાના નાના ફોટાઓ ફિલ્મ પર પડતા જાય છે. પણ મિકીની ફિલ્મમાં તો એક સેકંડમાં એક જ ચિત્ર લેવાય છે. આમ, વાર્તાનાં હજારો ચિત્રો ઓળબંધ કૅમેરા સામે લાવવામાં આવે છે અને એક પછી એક તેના ફોટો લેવાય છે. ઉપર જોઈ ગયા તેમ આવા એક ચિત્રનો ફોટો પાડવાનો ટાઇમ એક સેકંડ હોવાથી અસંખ્યાત ઓળબંધ ચિત્રોના ફોટો પાડવાનું કામ તદ્દન નીરસ થઈ પડે છે અને તેથી એને માટે સારું ધૈર્ય કેળવવાની જરૂર હોય છે.

સિનેમામાં જે ફિલ્મ આપણે જોવા જઇએ છીએ, તેને દેખાડવાની ગતિ દર સેકંડે ૧૮થી૨૪ ચિત્રની છે. એટલે કે ચિત્ર-પ્રક્ષેપક (પ્રોજેક્ટર) એક સેકંડમાં ચોવીસ ચિત્રો પડદા પર ફેંકે છે. એક સેકંડના આ અલ્પ સમયમાં આપણી આંખ એ બધાં ચિત્રો સંપૂર્ણ નથી જોઈ શકતી; પણ એક પછી એક એમ ૨૪ ચિત્રો ઝડપથી પસાર થાય છે, એટલે ઍક્ટર ગતિ કરતો હોય તેમ ભાસે છે. આ ક્રિયાને ફિલ્મ–કોવિદો ચક્ષુ–ભ્રમ (Optic illusion) કહે છે. એવી જ રીતે મિકી માઉસનાં જે ચિત્રો એક સેકંડમાં એક ચિત્રની ગતિથી ફિલ્મ પર તૈયાર કરવામાં આવે છે.



મિકી માઉસનાં ચિત્રો આલેખાયા પછી આ ઊંચી શક્તિના કૅમેરા વડે તેના ફિલ્મ-ફોટોગ્રાફ લેવામાં આવે છે. એ ચિત્રો કેમ પડાય છે તેનું વર્ણન સાથેના લેખમાં આપવામાં આવ્યું છે. આ કૅમેરા સામાન્ય સીને કૅમેરા કરતાં જુદા જ પ્રકારનો, ટેબલપર ઝઝૂમી રહેલો હોય છે, જેની નીચે ફ્રેમમાં પ્રત્યેક હલનચલનનું એક એક છુટુંછુટું ચિત્ર એક પછી એક ધરવામાં આવે છે અને તેનાં ફિલ્મચિત્રો કૅમેરામાં પડતાં જાય છે.



તે ચિત્રો પણ બતાવવામાં તો આવે છે એક સેકંડનાં ૨૪ ચિત્રની ગતિથી. એટલે એ જોતી વેળા એ હાથે ચીતરેલાં ચિત્રોનો મિકી મૂષક પણ આમતેમ ગતિ કરતો લાગે છે. સાધારણ ૩૦૦ મીટર લાંબી ફિલ્મ ઉપરનાં જુદાંજુદાં જે ૧૫૬૦૦ ચિત્રો તૈયાર કરવામાં કેટલા યે દિવસ નીકળી જાય છે તે દેખાડવામાં સીનેમા ફક્ત દસ મિનિટ જેટલો જ સમય લે છે.

મિકીનાં ટીખળી ચિત્રપટોમાં સંગીત અને વિવિધ અવાજો પણ ઓછો ભાગ નથી ભજવતાં. અને આ સંગીતને ચિત્રોના અભિનયની બરોબર સાથોસાથ ઉતારવામાં અતિશય ચીવટ અને એકાગ્ર પ્રયત્નની જરૂર પડે છે, કેમકે બંને એકબીજાને બરોબર બંધબેસતાં ન આવે તો બધી ખૂબી મારી જાય.

ચિત્રનો સોનેરીઓ લખાય તેની સાથે દરેક ચિત્રની નીચે તેનો અભિનય અને ઉપર તેના સંગીત અથવા અવાજ વિષેની સૂચના સ્પષ્ટ લખેલી હોય છે. આને માટે એવી યોજના જ ઘડી રાખેલી હોય છે કે અમુક ચિત્ર શરૂ થાય ત્યાંથી તે અમુક આવે ત્યાંસુધી તેને અનુગામી ચોક્કસ સંગીત કે અવાજ નીકળીને પૂરો થઇ જવો જોઇએ. આ યોજનના માપ માટે ચિત્રના પ્રોજેકશનની સંખ્યાનો જ ઉપયોગ કર્યો છે. બોલપટના ચિત્રના પ્રોજેકશનનું ધોરણ એક સેકંડે ૨૪ ચિત્રોનું છે. આ સંખ્યાને એક યુનિટ તરીકે લઇને તે પ્રમાણે પ્રત્યેક ચોવીસ ચિત્રદીઠ (અથવા પ્રત્યેક સેકંડે) એક સંગીત-બાર મુકરર કરવામાં આવે છે. અને એ ધોરણ મુજબ અતિશય સૂક્ષ્મ ચોકસાઇથી સંગીતના 'બાર' ઉતારવામાં આવે છે. દાખલા તરીકે અમુક અવાજ ૧૦૦મા 'બાર'માં આવતો હોય તો તેનો અભિનય બરોબર ૨૪૦૦મા ચિત્ર સાથે જ પૂરો થતો હોય. આ ચોક્કસ ધોરણબંધીને લીધે ચિત્રો જુદા ઓરડામાં થતાં હોય ને સંગીત જુદા ખંડમાં ગોઠવાતું હોય છતાં એ બંનેને જ્યારે સાથે જોડવામાં આવે છે ત્યારે બરોબર બંધબેસતાં આવી રહે છે; કેમકે અમુક સંગીત ગાવા માટે મિકી ૩૬૦૧મા ચિત્રથી શરૂઆત કરતો હોય તો તેનું સંગીત (જે એ ફિલ્મની કિનાર પર ઉતારેલું હોય છે) બરોબર ૧૫૧મા બાર પર શરૂ થતું જ હોય! આ પ્રકારની ધોરણબંધી યોજનાની સરળતાને લીધે ઘણીવાર એવું પણ બને છે કે અમુક દૃશ્યનું સંગીત ક્યારનું ફિલ્મની કિનાર પર ઉતારાઈ ગયું હોય, જ્યારે તેનાં ચિત્રો તો હજી સ્ટુડિયોમાં આલેખાતાં હોય!

સર્વ પ્રથમ અમેરિકા અને ઇંગ્લંડમાં આવી જાતની ફિલ્મોનો પ્રાદુર્ભાવ થયો હતો; પણ હવે તો યુરોપના બધા દેશોમાં આ પ્રકારની ફિલ્મો તૈયાર થાય છે. ઈસપની બધી વાર્તાઓની આવી ફિલ્મો ઉતારવામાં આવી છે. આપણા ભારતમાં પણ પંચતંત્ર અને હિતોપદેશની વાર્તાઓ માટે આ જાતની ફિલ્મોનું સારૂં ક્ષેત્ર છે.

(નરેન્દ્રદેવ વિદ્યાલંકાર—સીને-ફોટોગ્રાફર)

વ્યાપારમાં વપરાતાં વિવિધ પ્રકારનાં યંત્રો

વીસમી સદીમાં પદાર્થોનું ઉત્પન્ન વધ્યું અને જીવનની જરૂરિયાતો વધી તેની સાથેસાથે એ વસ્તુઓના વ્યાપારમાં પણ ઘણી વૃદ્ધિ થઇ અને પરિણામે લોકોને ઝડપી સાધનો શોધવાં પડ્યાં. અને યંત્ર વિના બીજું કોણ ઝડપ આપે? આજકાલ વ્યાપારમાં એટલાં બધાં યંત્રો વપરાય છે કે એ બધાંનું જો સંપૂર્ણ વર્ણન કરવામાં આવે તો એક મોટો ગ્રંથ થાય. અહીં તો આપણે મુખ્યમુખ્ય યંત્રોની જ પિછાન કરીશું.

વ્યાપારમાં સૌથી વધારે જરૂર પડે છે લખવાના કામની. અને કામની ભીડ તથા ગંજ હોય તે વેળા હાથના લખાણમાં જે કષ્ટ અને સમય લાગે છે તે તો અનુભવી જ જાણે છે. આ કાર્યની સગવડતા ખાતર ટાઇપરાઇટરની શોધ થઇ. આ યંત્રની શોધ સૌથી પહેલાં મિ. ક્રિસ્ટૉફર લેધામ શોલેસ નામના માણસે ઈ. સ. ૧૮૭૩માં કરી હતી. તે પછી એ યંત્રમાં ઉત્તરોત્તર ઘણા સુધારાવધારા થતા ગયા અને કેટલા યે પ્રકારના તેના નમૂના બન્યા. આ યંત્રો મોટા ભાગે અમેરિકામાં બને છે. અમેરિકાના એક્સપૉર્ટના આંકડા તપાસવાથી માલૂમ પડે છે કે ત્યાંથી વ્યાપાર સાથે સબંધ ધરાવતાં જે અનેકવિધ યંત્રો પરદેશ ચડે છે તેમાં આ યંત્રોનું પ્રમાણ ૨૩ ટકા જેટલું છે.

બીજું સ્થાન હિસાબ કરનાર યંત્રનું આવે છે. જૂના વખતમાં લોકો મોઢેથી કડકડાટ હિસાબો કરી શકતા હતા; પરંતુ પાછળ જેમજેમ લોકો હિસાબ કરવામાં નબળા થતા ગયા તેમતેમ બીજા હિસાબકુશળ માણસો ઉપર આધાર રાખવો પડવા લાગ્યો. અને આ ઝડપી વીસમી સદીમાં તેમજ વધતા જતા ધંધાવાળા વખતમાં હિસાબી કામમાં બીજા માણસો પર આધાર રાખવો એ આ માણસોને ખટકવા લાગ્યું. એટલે આ કામ માટે સ્વીડનના એક એન્જિનીઅર મિ. ઑાટનરે ઇ. સ. ૧૮૭૫માં એક યંત્રની શોધ કરી. તે વખતે તો એને તેમાં સંપૂર્ણ સફળતા ન મળી, પરંતુ ઇ. સ. ૧૯૦૨માં મિ. બાલ્ડવિને ફરીથી યત્ન કર્યો અને તેનું નામ 'કૅલ્ક્યુલેટિંગ મશિન' રાખ્યું. આ યંત્રમાં પણ બીજા ઘણાં માણસોએ સુધારાવધારા કર્યા. આજે પરિણામે આપણે બજારમાં કેટલી યે જાતનાં 'કૅલ્ક્યુલેટિંગ મશિન' જોઇએ છીએ, જેમાંનાં કેટલાંક તો ખિસ્સામાં રાખી શકાય તેવાં, કેટલાંક હાથે ચલાવી શકાય તેવાં અને કેટલાંક વીજળીથી ચાલી શકે તેવાં પણ હોય છે. ઉપર જણાવેલાં ત્રણે પ્રકારનાં યંત્રો સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર વગેરે ઘણી સહેલાઇ ને ઝડપથી કરી શકે છે.

ત્રીજું સ્થાન રોકડ મેળના યંત્રનું છે. આ યંત્ર વડે રોકડેથી વ્યાપાર કરનારનો હિસાબ ઘણી સહેલાઇથી રાખી શકાય છે. હિંદમાં જોકે તેનો ઉપયોગ બહુ થતો નથી, પણ યુરોપના દેશોમાં તો તેનો પ્રચાર એટલો બધો છે કે એક મામૂલી વેપારીથી માંડી મોટામોટા ઝવેરીઓની પેઢીમાં પણ તે જોવામાં આવે છે. આ યંત્રની શોધ મિ. પિટરસને ઇ.સ. ૧૮૮૨માં કરી. પહેલાં તો તેણે આ યંત્ર પોતાના નોકરોની ચોરી પકડવા માટે બનાવેલું; પરંતુ લોકોમાં તેની વિશેષ માગણી થતી જોઇ તેણે તેની બનાવટ માટે એક કારખાનું ઉઘાડ્યું ને તેમાંથી તેમણે ઘણી કમાણી કરી.

કાગળોની નકલો કરવામાં વ્યતીત થતા સમયના બચાવ માટે કારબનપેપરની શોધ તો ટાઇપરાઇટરની પહેલાંજ થઇ હતી. એવું કહેવાય છે કે ઇ.સ. ૧૮૪૪ ની સાલમાં એક કંપની કાગળોની નકલ રાખવા માટે ખાસ મસાલા નાખી તૈયાર કરેલા કાગળોનો ઉપયોગ કરતી હતી. અનુમાનથી કહી શકાય કે આ બીજું કાંઇ જ નહિ પણ કારબનપેપરનું આદિ સ્વરૂપ હોવું જોઇએ. એને વ્યાપારિક રૂપ આપવાનું માન મિ. એ. પી. લાટિલને છે.

તેના સુધારા અને ઉન્નતિની સાથેસાથે એનો વાપર પણ એટલો બધો વધ્યો કે આજે તે ઘરઘરનું સાધન થઇ પડ્યું છે. એકલા અમેરિકામાંથી જ લગભગ ૪૦૦ ટન કારબન દર વર્ષે નિકાસ થાય છે, એ ઉપરથી એની વપરાશનો ખ્યાલ આવી શકશે. એ ૪૦૦ ટન કારબનની લંબાઈ જ માત્ર કેટલી થાય તેનો અંદાજ કરશો તો યે મોંમાં આંગળાં પેસી જશે!

કારબનની માફક નકલ કરવાની એક બીજી રીત પણ છે. આ રીત તે કૉપીઇંગ શાહીના લખાણને પાતળા કાગળ પર પ્રેસમાં દબાવી નકલ

ઉતારી લેવી તે. પરંતુ આજે તો મોટા ભાગે લોકો કારબનથી જ નકલ રાખવાનું પસંદ કરે છે.

પણ કારબનની નકલો તો બે પાંચ કરવી હોય ત્યારે ફાવે. પરંતુ જ્યાં બસો પાંચસો નકલો કાઢવી હોય ત્યાં કારબન પણ એટલો જ મહેનત ખાનારો થઇ પડે. તેને માટે ડુપ્લીકેટિંગ મશિનની શોધ થઇ. આ યંત્રનો શોધક મિ. બી. ડક હતો. આ મશિનની શોધ પછી પાછળથી એના જ સિદ્ધાંતો પરથી પત્રો પર સરનામાં લખવા માટેના ઍડ્રેસિંગ મશિન નામના યંત્રની પણ તેણે શોધ કરી, અને મિ. ટૉમસ આલ્વા એડિસનની સહાયથી ઇ.સ. ૧૮૮૭માં તે જાહેરમાં મૂકયું. ઉપરોક્ત મશીન ઘણુંજ સગવડતાવાળું હોવાથી તેનું ઘણું વેચાણ થયું. આ પછીથી હેરીસિંગ મેટરે ઇ.સ. ૧૯૦૨માં 'મલ્ટીગ્રાફ' નામના યંત્રની શોધ કરી. આજે તો તેમાં એટલો બધો સુધારો થયો છે કે છેક નાનાથી તે મોટામાં મોટાં કામ તેમાં ઘણી સરળતાથી છપાય છે. આ યંત્રો હાથ તેમજ વિજળીથી પણ ચાલે છે. વિજળીથી ચાલતા યંત્રમાં એક વિશેષતા એ છે કે તે આપોઆપ કાગળો લઇ છાપે છે અને છપાયેલા કાગળોની ગણત્રી પણ કરે છે. આથી છાપનારને બીજી વખત ગણવાની જરૂર રહેતી નથી.

ટાઇમ કીપિંગ મશિનની શોધ પૂર્વે મોટાં કારખાનાં અને ઑફિસો કે જ્યાં સેંકડો માણસો કામ કરતાં તેમના આવવાજવાના સમયની નોંધ રાખવા માટે એક જુદું ખાતું રાખવામાં આવતું. આ ખાતામાં કામ કરનારને પગાર આપવામાં આવતો અને તેઓ કામદારો સંબંધી રિપોર્ટ કરતા. આ લોકો પણ સામાન્ય મનુષ્ય–સ્વભાવને લઇ પોતાના મિત્રોની ખાતર કેટલીક વાર જતું યે કરતા. અને આવા ગોટાળા બંધ કરવા માટે કંપનીને ઘણી વખત જાસુસો રાખવા પડતા. જો આ જાસુસો પણ તેમની સાથે ભળી જતા તો વ્યાપારીઓને નુકસાન ભોગવ્યા સિવાય છૂટકો જ નહોતો. પરંતુ આ ઉન્નતિના જમાનામાં લોકો એવા જાસુસો અને ટાઇમકીપરો ઉપર કયાં સુધી આધાર રાખી બેસી રહે?

છેવટે મિ. ડૅનિયલ સમકુપરે ઇ.સ. ૧૮૯૪માં એક નવા યંત્રની શોધ કરી. આ યંત્રમાં કામ કરનારાઓને પોતાનાં કાર્ડ નાખવાનાં હોય છે. ઘડિયાળના જેવા આ યંત્રમાં જેવાં તે કાર્ડ નાખવામાં આવે છે તેવોજ તેના ઉપર તે નાખવાનો સમય છપાઇ જાય છે પછી કારખાનાવાળા આ કાર્ડો કાઢી લઇ તેમનો હિસાબ કરી શકે છે. આ યંત્રનો હાલમાં લગભગ બધાં કારખાનાંમાં ઉપયોગ કરવામાં આવે છે.

ઉપર જણાવેલાં વિવિધ પ્રકારનાં મોટાં મશિનો બાજુ પર રાખતાં વ્યાપારમાં ઉપયોગી થાય એવાં નાનાંનાનાં મશિનો તો કેટલાં ય છે. તેમાં મુખ્ય ચેક લખવાનું મશિન છે. આ યંત્રનો પ્રચાર પાશ્ચાત્ય દેશોમાં પુષ્કળ થઇ રહ્યો છે; કેમકે ત્યાં લેવડદેવડનો વ્યવહાર ૯૫ ટકા જેટલો છે. ચેકોમાં અક્ષરોનો કોઇ કોઇ વખત ફેરફાર પડે છે અને તે વખતે ભારે મુશ્કેલી ઉપસ્થિત થાય છે; પરંતુ આ મશિન દ્વારા લખવામાં આવતા ચેકોના અક્ષરો બદલાતા નથી. આ યંત્રોનો ઉપયોગ હિંદમાં પણ દિનપ્રતિદિન થતો જાય છે;

મિ. મોરિસ પોતાના પુસ્તક 'બિઝનેસ મશિન્સ'માં એક જગ્યાએ લખે છે કે મિ. ઑટો એચ. ખાનને એક બૅંક વધારે પગાર આપતી હતી, કેમકે તે વખતે તે ઘણી ઝડપથી ટિકિટો ચોડી શકતો હતો, પરંતુ અત્યારે તેની જગ્યાએ લોઢાનું બનેલું એક સ્ટૅમ્પિંગ મશિન ગણું સુંદર કામ કરી રહ્યું છે. વ્યાપારમાં નિત્ય વપરાતા યંત્રમાં ટેલિફોનનું સ્થાન પણ મુખ્ય છે. આનો પ્રચાર આપણાં મુખ્ય શહેરોમાં પણ થઇ ગયો છે; પરંતુ યુરોપના શહેરોમાં તો તે એટલો બધો બહોળો થઇ ગયો છે કે એકલા લંડનની ટેલિફોન ડાયરેકટરીની પૃષ્ટ સંખ્યા કેટલાક હજાર પાનાં કરતાં ઓછી નહિ હોય! ટેલિફોનના સિદ્ધાંત ઉપરથી પછી બીજાં પણ કેટલાંક યંત્રો બન્યાં છે તેમાંનું એક ડિકટોફોન છે. આ યંત્રથી સંચાલક પોતાની જગ્યાએ બેઠોબેઠો બટન દબાવી પોતાનાં માણસો સાથે વાતચિત કરી શકે છે. આને ટેલિફોનની માફક કાને લગાડવાની જરૂર હોતી નથી. આ સિવાય બીજુ એક યંત્ર ડિકટોગ્રાફ છે. જોકે આ યંત્રનું નામ ઉપરના યંત્રના જેવું જ છે, પરંતુ તેની બનાવટ અને કામમાં ઘણો ફેર છે. ઑફિસમાં પત્રવ્યવહાર મુખ્યત્વે કરીને શૉર્ટહૅન્ડ ટાઇપિસ્ટદ્વારા લખવામાં આવે છે અને પછીથી તેઓ તે ટાઇપરાઇટર વડે છાપી નાખે છે. પણ આ યંત્રની ખૂબી એ છે કે આપણે બોલીએ તે ગ્રામોફોનની (અનુસંધાન પાછળના પાનાને છેડે)

કચ્છનું ખમીર (અનુસંધાન પાછળના પૃ. ૨૯૫થી)
કે કલ્લો જરા ડઘાઇ ગયો. પણ એ રતુભાનો બરોબરીઓ હતો. ચિત્તો રતુભા પર તરાપ મારે તે પહેલાં તો કલ્લાનો સખત ઘા ચિત્તાની પીઠ પર પડ્યો.

ચિત્તાનો રોમેરોમ ક્રોધથી ફૂંફાડી ઊઠ્યો. તેણે પોતાની પૂંછડી ધ્રુજાવી શરીર સંકોર્યું અને રતુને ગળામાંથી પકડવા જડબું પહોળું કરી રતુ પર ફરી તરાપ મારી. રતુ જેવો સશક્ત હતો તેવો જ કુનેહબાજ હતો. ચિત્તાના તીણા લાંબા દાંત પોતાના ગળામાં પરોવાય તે પહેલાં તેણે પોતાની કડીઆળી આડી કરી ચિત્તાનાં જડબાં વચ્ચે ઘાલી દીધી. અને કડીઆળી પર પડેલા ચિત્તાના બે પંજાને પોતાના બે હાથો વડે મજબૂતીથી પકડી રાખ્યા. રતુની આ કુનેહથી ચિત્તો કેદી જેવો બની ગયો, અને આ સ્થિતિમાંથી છૂટવા બળ વાપરી રતુને પાછળ ને પાછળ હટાવતો ગયો. રતુ સામનો કરી ટક્કર ઝીલવા પ્રયત્ન કરવા લાગ્યો.

કલ્લો આ દૃશ્ય જોઇ ખૂબ હિમ્મતમાં આવી ગયો. 'રતુભા! હણે સાલે કે ભરાભર મૂસરીફ દીઆં?' 'નડેભા! હકીયાર સાલે કે ભરાભર લુડાઈઉન, પોય સરએ કરી ધાંસી.' રતુએ જવાબ વાળ્યો.

'પુછ ઝલીયાં, તડે?' કલ્લો બોલ્યો.

'ન યાર! ઇનજા પુઠલા બ પગ ઝલ. મર લોડો ખાઇ ગને.'

કલ્લાએ ચિત્તાના પાછલા બે પગ પકડ્યા. ચિત્તાનું મોઢું ફાટેલું હતું ને કડીઆળી અંદર પરોવાએલી હતી. તેના આગલા બંને પગ રતુના હાથમાં કડીઆળી સાથે ભીચડાઇ ગયા હતા. અને ખરેખર! આ પંદર વર્ષના બે નાના કુમારો ચિત્તાને ટીંગાટોળી કરી હીંચકાવવા લાગ્યા. કેવું અદ્ભુત હશે એ દૃશ્ય!

આ બાજુ નાસી છૂટેલા સાથીઓએ ગામમાં આવી ખબર આપ્યા. લોકોએ ડાંગો લીધી, કુહાડા લીધા; જે કંઇ હાથ આવ્યું તે લઇ સૌએ નદી તરફ દોટ મૂકી.

નજીક આવતાં લોકોએ જ્યારે ચિત્તાને આમ બેહાલ થતો જોયો ત્યારે તેમની નવાઇનો પાર રહ્યો નહિ. આશ્ચર્ય અને કુતૂહલથી તેઓ આગળ વધવા લાગ્યા.

'છડ હણે કલ્લા! ડીસ, સામે માડુ અચેંતા. માડુ અચેં તે પેલાં પાં ઇનકે પૂરો કરી છડીઉં.' રતુભાએ કહ્યું.

કલ્લાએ પગ છોડ્યા. રતુએ આગલા પગ છોડ્યા અને કડીઆળી જડબામાંથી કાઢી નાખી. છૂટેલો ચિત્તો વેર લેવાને બદલે જીવ બચાવવા નાસવા લાગ્યો.

'અડે યાર, હી તો ભજીતો વને!' કલ્લાએ પાછળ દોડતાં બૂમ મારી.

રતુ બીજી બાજુથી દોડી આડો ફર્યો. બંને કુમારોની ડાંગો ચિત્તાના શરીર પર પડવા લાગી. એ તો જાણે ઝડી વરસવા લાગી. કલ્લાના એક આકરા ફટકાએ ચિત્તાની ખોપરીમાંથી લોહીની સેર ફૂટી નીકળી અને તે જ ઘા પર રતુની કડીઆળી વાગવાથી ચિત્તો લોથ થઇ જમીન પર ઢળી પડ્યો. ચિત્તાના મૃતદેહને ગામલોકોએ આવી લોહીલોહાણ કરી નાખ્યો.

લોકો હરખાતે હૃદયે રતુભા–કલ્લાની જોડીને ચોરે લઇ ગયા. એક શેઠિયાએ તે દિવસે આખા ગામમાં ગોળ વહેંચ્યો.

પરંતુ દુઃખની વાત એ છે કે કચ્છના આવા સુંદર ખમીરને પોષવાને બદલે કચ્છ રાજ્યનો એક કાયદો ખમીરને ઓસરાવી રહ્યો છે. કોઇ ચિત્તાને મારી નાખનાર શખ્સને આજે પણ વર્ષોની જેલ અને દંડની સજા કરવામાં આવે છે. બંધરાનું ગામલોક રતુ–કલ્લાના આ કાર્યથી જરૂર મગરૂર થવા લાગ્યું, પરંતુ આ વાત રાજ્યમાં જાહેર થઇ જાય તો આ નાના કુમારોને શા રીતે બચાવી લેવા તેની ચિંતામાં પણ પડ્યું.


પણ સૌથી મોટો તો તારણહાર છે. તે જ રાત્રે સમગ્ર કચ્છ પર અષાઢનાં શ્યામઘેરાં વાદળાં ચડી આવ્યાં. ઝાડનું પાંદડું સરખું પણ હાલતું બંધ થયું. પ્રત્યેક માનવી ઉકળાટથી ગૂંગળાવા લાગ્યું. બરાબર મધ્યરાત્રિએ ચારે દિશાના મેઘ કચ્છ પર તૂટી પડ્યા. કચ્છની નદીઓ બે કાંઠેથી ભરાઇભરાઇને અરબ્બી સમુદ્રમાં અને કચ્છના અખાતમાં ઠલવાવા લાગી.

અને બીજી સવારે બંધરાની નદી પણ ઘૂઘવાટ કરતી ચિત્તાના શબને ઘસડી જઇ કચ્છના અખાતમાં કોણ જાણે ક્યાંય અલોપ કરતી, નાચતી કૂદતી સાગરને ભેટવા દોડી જતી હતી. **રસિકલાલ જોષી**

(અનુસંધાન પૃ. ૨૯૫થી) રેકર્ડ પેઠે એ નોંધી લે છે અને ટાઇપિસ્ટ આવે ત્યારે તે તેને ચાલુ કરી સાંભળતો જાય છે અને પછી ટાઇપ કરી નાખે છે. આમાં સગવડતા એ છે કે ટાઇપિસ્ટ હાજર ન હોય તો તેના માટે બેસી રહેવું પડતું નથી. આ ઉપરાંત નાની દુકાનોમાં પણ સગવડતા મળે તેવાં અનેકવિધ બીજાં યંત્રોની શોધો થઇ છે. ('હંસ'માંના હિંદી ઉપર)

દશરથનો અંતકાળ

આલેખતા આ કાવ્યને ખાસ વધારે સ્પષ્ટીકરણની જરૂર નથી. શાંતિનિકેતનમાં હજુ કુમારવયની કેળવણી લેતા એના કર્તા–ભાઈ ગણપતલાલ ભાવસાર–ની લેખિનીમાં સ્વાભાવિક રીતે જ બંગાળી–મુખ્યત્વે રવિબાબુની–શૈલી અને શબ્દાવલિની છાયા છે. પ્રસંગોમાં ક્યાંક ક્યાંક કાળદોષ છે, છતાં કથાપ્રવાહમાં કલ્પનાનાં કુસુમોને તરતાં મૂકીને તથા પ્રસંગે પ્રસંગે વલણના નાટ્યોચિત પલટાઓ આપીને કૃતિને એવી અસરકારક બનાવી છે કે નાના દોષો ભૂલી જવાનું મન થાય છે.–બ.



શ્રાવણ માસનાં વાદળ દોડતાં અધારા આભને ઉર,
ઝર ઝર ઝર વારિ વને ઝરે, સરયુમાં ચઢ્યાં પૂર.
ઝાડવે ઝાડવે આગિયા વીંઝતા પાંખ તણો ચળકાટ,
તમરાંઓ કેરા તંતરનાદે મુખર વગડાવાટ.
ફૂલના શ્વાસથી મ્હેકી ઊઠ્યું આજ પારિજાતકનું વન
શેવતી માલતી સ્પર્શથી જાગ્યા ઉતલા પૂર્વ પવન.
અંધારૂં વનમાં, અંધારૂં વાદળે, અંધારે ડૂબ્યું ગગન,
દશરથરાજની નગરીનાં ડૂબ્યાં અંધારે શૂન્ય ભવન.
ભીરૂ વિહંગનાં દળ નીડે લપી આપે પરસ્પર હૂંફ,
રામનાં પંખીડાં રામ પૂંઠે પળ્યાં બાંધીને પોટલે દુઃખ.



ફૂલના બાગમાં જેમ શોભે મહા જટાધારી વડવૃક્ષ,
તેમ ઊભો હતો રાજપ્રાસાદ નગરનાં ગૃહ સમક્ષ.
દ્વાર ઉપર ન દ્વારિક દેખાય, તિમિરે અન્ય વિલીન,
દૂર ભવનની સાતમી બારીએ બળતો દીપક ક્ષીણ.
ભાદ્રનું ફૂલતું નાચતું નિર્ઝર, વૈશાખ વગડે જેમ,
પીળી રેતી પર સ્થિર પડી રહે સૂર્યથી શોષાઇ, તેમ
દીપના પીળા પ્રકાશમાં સૂતેલું દેખાય એક શરીર
સોના પલંગમાં; ઇસની ઉપર કોઇ નીતરતું શિર
આંસુથી, ટેકવી માનવી ઝોલતું અરધી નિંદરમાંય;
વાદળનો ગગડાટ થયો અને વાયુથી દીપ ઓલાય.

અંધારામાં આખો ઓરડો ડૂબ્યો, વીજળી દે ચમકાર,
આભમહીં, દૂર ઘૂવડ બોલે; વ્યાપે ફરી સૂનકાર.
ધીરે ધીરે આવે બાગ મહીંથી ફૂટતાં ફૂલનો ગંધ;
દૂરથી આવતા સરજુનીરના ઊંચાનીચા પડછંદ.
રાતના તિમિરમાં જેમ ઊઘડે પારિજાતકનાં ફૂલ,
ધીરે ધીરે તેમ ઊઘડ્યાં સૂતેલ નરનાં નેન આકુલઃ
રાતના તિમિરમાં જેમ ઝાકળે ઊભરે વનનાં ફૂલ,
અંધારૂં દેખતાં આંસુથી ઊભરે નરનાં નેન આકુલ.
'અંધારૂં બ્હાર, ને અંધારૂં અંતરે, અંધારૂં જીવન કાજ,
કૌશલ્યા, પ્રિયા! જાગતી હોય તો પેટાવ દીપકવાટ.'



'એમ નથી નાથ! એ તો હતું અમ ક્ષીણ તારાઓનું તેજ,
અંધારૂં આવ્યું છે સૂરજ લાવવા.' કહી પેટાવી દીવેટ.
'ના,ના પ્રિયા,નથી એમ નથી,આવ આંહી,બેસ મારી પાસ,
ચિંતાથી ધબકે હૈયું આ, ઉપર રાખ તું કોમળ હાથ.
ઓતરાદી પેલી બારી ઉઘાડ, છો આવતો આજ પવન.'
બારી ઉઘાડીને પાસે બેઠી નારી, નરનાં સ્થિર લોચન.
ધીરે ધીરે નભે વાદળ વિખરે, તારલા નીસરે બ્હાર.
છૂટતાં શીતળ લ્હેર સમિરની, નારી સમારતી વાળ.
ઊંઘમાંથી જાગી પિક જગાડતી સરજુનાં દૂય તીર,

નારીનાં ફૂલ શાં નેનથી ટપકે ઝાકળબિન્દુ લગીર.
'સુણ પ્રિયા, જેમ કાંપતું જો પેલા દીપનું આખું ય અંગ,
અંતરનું તેમ કાંપે કપોત, જ્યાં સંભારૂં હું એ પ્રસંગ.
દીવાને ઓલવી નાખ પ્રિયા, અરે ! કોઇને દોષ દેવાય ?
શિક્ષા ભયંકર કૃત્યની કારમી વણસહી કયમ જાય ?'
ફૂંકથી નાચતા દીપને ઓલવી, શુષ્ક હોઠે રેડી નીર
સૂતેલ નરના; નારી આવી બેઠી ઓશીકે, ધીરે લગીર
ખોળે લીધું એનું શિર ને લલાટે ફેરવવા માંડ્યો હાથ,
તારાના તેજમાં આંખડી પ્રોઇને નરે શરૂ કરી વાત.

'તે સમે ય સખી આવી જ રજની, દારુણ તે દિ' નિદાઘ,
દક્ષિણ વહ્નિથી કિંશુકે કિંશુકે લાગી હતી તે દિ' આગ.
શિરીષ આભલાની નીલિમા ધરી ફૂટીફૂટી મલકાય,
માધવીકુંજમાં માધવીને એની ફોરમ ના સહેવાય.
તે દિ' હતી પ્રિયા માધવી પુષ્પ સમી તું ય, પિતાનું વન
ફોરમે ભરતી; હું યુવરાજ; ને નિર્મળ તે દિ' ગગન.
તે રજનીમાં હતા આ જ તારલા મુક્ત આકાશને ઉર;
બાલિકા શી તે દિ' હતી આ સરજુ, ન્હોતાં આ યૌવનપૂર.
તે દિન—જે દિનની કરૂં વાત હું—હતો જરીક ગરમ,
મેં ધાર્યું કે લાવ સરજુતટનું આપણું મૃગયા-વન
જોઇ આવું જરી; મૃગલાં કેરો મળશે કોઇ શિકાર
કરીશ તો, નહિતો બેસી સૂણીશ અંતરના ધબકાર
સરજુ કેરા; એમ વિચારીને તીર ધનુષની સાથ,
પગપાળો સરજુતીર પ્હોંચ્યો, વા મહીં વીંઝતો હાથ.
ગભીર સરજુનીરમાં અરધો ડૂબતો રક્ત તપન
દેખાય, અંધારે ઝાંખાં પડી જતાં આમલી પીંપળી વન.
આભલાની સામે મૂકી ઉઘાડાં ગોપન અંતરદ્વાર,
ધીરેધીરે નદીનીર વહી જતાં; દક્ષિણે દૂરનો પ્હાડ
તાલતમાલનું વીંઝે જટાજૂથ, પંખીતણા ટહુકાર
થાતા અચાનક એક પળે; કદિ અન્ય અવાજ લગાર
આવતો ના જરી ભંગ કરાવવા તીણાં તમરાંનાં ગાન;
સરજુનીરમાં રાખી નજર હું ચાલતો'તો; કરી દાન
તિમિરથી અકળાતા આકાશને તારાનાં, સરજુનીર-
-માંહી લપ્યા રવિદેવ સમસ્ત; ત્યાં સંકોરી શ્વેત શરીર
વનનાં ઝાડઝાંખરાંથી આવ્યો શશી અચાનક બ્હાર,
નદીનાં નીરમાં તેજ દોડ્યું એનું, કોકિલ દે ટહુકાર.

મુખમહીં જરી પાણી રેડ પ્રિયા, અંધારે ઘેર્યું ગગન,
તે દિ' હતો મધુ ચંદ્રમા આભમાં, વાયુથી વ્યાકુળ વન.
ધીરેધીરે મેં કર્યો પ્રવેશ એ નીરવ વનની માંય,
કોઇ અતિથિને કારણ વનડે ઢાળી'તી શીતળ છાંય.
ચંદ્ર વિચિત્ર ત્યાં સાથીઆ દોરતો, તમરાં ધરતાં ગાન,
માધવી ફૂલનાં છાબડાં ઠાલવી કરતી ફોરમદાન.
પાંદડેપાંદડે નાચતાં કિરણ, ફૂલે ફૂલે ઊડે ગંધ,
છાયા-પ્રકાશના સંજોગમાં જાણે વનડું હર્ષથી અંધ.
દોડી આવે કદિ સ્હેજ અચાનક ઉતલા સમીર લ્હેર,
ખર ખર કરી પાન ખરી પડે નાચતી છાયાની સેર.
શ્રાન્તિ અનુભવી બેઠો ચઢી એક વડલાની ઊંચી ડાળ,
સામી દેખાતી'તી શ્વેતતરંગને ભેટતી સરજુપાળ.
આકાશમાં એકે વાદળી ના જડે, ઝાંખું તારાકેરૂં તેજ;
એક પછી એક પ્હોર વીતી જતા, લાગતું જાણે 'સહેજ.'
આભનો અરધો પંથ પૂરો કરી પશ્ચિમે ઢળતો ચંદ,
વનના છાંયડા પૂરવ દિશમાં ધસતા સૂંઘીને ગંધ
ફૂટતાં ફૂલની. એવામાં સરજુતીર પે સ્હેજ અવાજ
'ભડ ભડ' કરી થયો અચાનક, ને મેં શિકારને કાજ
ધનુષની પર તીર ચઢાવી કાનપે તાણી કમાન,
મૃગલું ધારીને બાણ ફગાવ્યું, ને—અને–હાયરે ! રામ !

ઓ રે પ્રિય ! જરા પાણી દેને મુખે, આંખપે ઢાંકી દે હાથ,
ઓ રે પ્રિયા ! એ દશ્ય ઊભું મારી આંખની કીકીમાં આજ.

નહિ કે'વાય એ; કહું, અરે કહું; જેને માર્યુંતું મેં તીર
તે નવ મૃગલું, કૂંળી જટામહી નાચતો સ્નિગ્ધ સમિર
જેની,—જેવી રીતે વાયુ નાચે કૂંળા શેવતી વૃક્ષને ઉર—
છાતી મહીં મારૂં તીર ઝીલી જેનાં ઓલવાયાં આંખ નૂર,
એવો હતો કોઈ ઋષિકુમાર એ. સરજુકેરે તીર
એકંદોટે ત્યહીં દોડી ગયો અને માટીપેથી લીધું શિર
ખોળામહીં એનું; મુખમાં રેડયું શીતળ સ્વચ્છ સલિલ,
ધીરે રહી એણે આંખડીઓ ખોલી, તૂટક બોલ્યો લગીરઃ
"ભાઇ! તેં ભૂલથી કીધું આ, જાણું હું, પાસે પડેલું આ તુંબ
ભરીને દોડ તું જ્યાં ધન ઝૂકતાં આમલીઓનાં ઝુંડ,
માતપિતા મારાં તૃષિત ત્યાં બેઠાં તૃષા એમની મટાડ;
મુજ શિર આંહીં મૂક માટી પરે; વિનતિ એક, લગાર
વાર કરીશ ના." એમ કહી એણે મીંચી દીધી ફૂલઆંખ,
પાસેના વડક્ષે ઘૂવડ બોલી ઊડયું વીંઝી દ્રય પાંખ.



ધ્રૂજતે હાથે એ તુંબડું ઝાલી, ભરીને નિર્મળ નીર,
અરધો અંધ હું શોધતો ચાલ્યો, છોડીને મૃત શરીર
મુનિકુમારનું; માતપિતા એનાં, અંધ ને પાછાં અપંગ
કાવડનાં દ્રય છાબડાંમાં જેમતેમ સમાવીને અંગ,
પુત્રપીઠે ચઢી પળતાં'તાં હિમે ગાળવા નશ્વર દેહ,
તૃષાથી વ્યાકુળ થઇને શોધવા મોકલેલો નીર "સ્નેહ—
—અંતરકેરાને," જેણે તાણી સોડ સરજુને સૂને તીર.
પુત્રનો ઘાતક ધ્રૂજતે પગલે પળતો આપવા નીર.
ચંદ્રમા ત્યાહરે મુખ સંતાડવા ધસતો સરજુઉર,
કોકિલ કયારની બોલવા લાગી'તી પ્રભાતમંગલ સૂર;
આંબાનાં ઝાડ મુકુલથી આકુલ, ટપટપ ઝરે ફૂલ,
ધ્રૂજતે પગલે આવી ઉભો જયહીં ઝૂકતાં આમલી ઝુંડ.
ઓ રે પ્રિયા! જરા પાણી દેને મુખે, વક્ષથી લઇ લે હાથ,
આ રે પાપીકેરી સાથ તારી નવ શોભતી જીવનવાટ.
દૂર તું બેસને મુજથી. 'ના નાથ! આવું શું બોલતા આજ?'
'સુણ પછી,—પછી ચોરની પેઠમ પેઠો આ પુરનો રાજ
આમલી ઝુંડમાં; દૂર પડી હતી કાવડ થડની પાસ,
છાબડાંમાં એક વૃદ્ધ ને વૃદ્ધા ખીંચતાં'તાં ધીમા શ્વાસ.
કચડાયાં પગ મારાની નીચે સૂકેલ વનનાં પાન,
શબ્દ એ સૂણીને આતુર પિતાએ પાથર્યા સુણવા કાન
પરિચિત સ્વર. હું ધીરે ચાલીને ઊભો રહ્યો થોડે દૂર.
વૃદ્ધ બોલ્યોઃ "બેટા દૂર હતું પાણી? કહેતો'તોને પાસે પૂર
આવ્યું અયોધ્યાનું; સરજુનું નીર કાંચનથી વધુ સ્વચ્છ
લાગી કાં આટલી વાર બધી?" મૂઢ જેમ સુણી રહ્યો પ્રશ્ન.
જીભ બની મારી બોબડી ને થઇ આંખડી આંસુથી અંધ,
માટીની ઉપર બેસી પડયો, લાગ્યા તૂટવા નસના બંધ.
તુંબડું હાથથી છૂટી પડયું, દડયો ઘોધવો દક્ષિણ દિશ,
"બેટા શ્રવણ! તું બોલતો કાં નથી? શું તારૂં દુઃખતું શીશ?
લાવ, દબાવું તો! પાણી પડી ગયું તેથી રડેછ શું કામ?"
તોયે ન બોલી શકયો કે હું "માતા, કયાંથી હોય મારી હામ?
પુત્ર તારાનો હું ઘાતક છું,—તારા કોકિલને દીધું ઝેર!
ફૂલ તારાની મેં પીંખી પાંખડીઓ—કેમ લઈશ તું વેર?"

વેર લીધું, પ્રિયા! વેર લીધું! પ્રિયા કારમી એ હતી રાત,
આંસુએ ડૂમાતા કંઠથી દ્રયને મેં કહી આકરી વાત.
સુણતાંવેંત જ, તોફાન આવતાં સૂકલ ઝાડવું કોક
ધબ્બ દઇને ધરતી ઉપરે તૂટી પડે તેમ શોક—
—તોફાનથી ઢળી ધરણી ઉપર મૃતપુત્રા વૃદ્ધ માત.
અને..અને..અને...હવે શું કહેવી પ્રિયા બાકી રહી વાત?
રડતાં પિતાએ કહ્યું કે "ભૂલથી દોષિત હે નરરાજ!
આંખના એક રતનને ફોડીને તેં અમને કર્યાં અંધ,
હું તને શું કહું? ઇશ્વર કરશે સમયે ન્યાયપ્રબંધ."
અને ... અને .... બાકી શું રહ્યું,પ્રિયા!દિન મારો થયો શેષ,
તે દિન મેં જયમ માતપિતા અને પુત્રને માર્યાં'તાં લેશ
દયા ધરી નહિ અંતરે, તેમ હું પળીશ આજ પ્રભાત;
તું રડતી નહિ પ્રિયા! જોને તારા ડૂબ્યા, પૂરી થઇ રાત.

ગણપતલાલ ભાવસાર



રબ્બર સ્ટૅમ્પ બનાવવાનો હુન્નર

એવો છે કે એ વડે થોડી મૂડીમાં, ઘેર બેઠાં, ફુરસદને વખતે માણસ કમાણી કરી શકે

૨ . . . . . ટાઇપો વિષે જાણવા યોગ્ય

ટાઇપો એટલે સીસાનાં બીબાં; અથવા સીસા પર કોતરેલા અક્ષરો કે જે કાગળો છાપવાનાં છાપખાનાંઓમાં જથ્થાબંધ વપરાય છે. ટાઇપોની પસંદગીની બાબતમાં ખાસ કરીને પોતે કુલ કેટલી મૂડી રોકવા તૈયાર છે તેની ગણત્રી કરીને તથા ટાઇપ ખાતે તેમાંથી કેટલી મૂડી પોતે આપી શકશે તે વિચારીને નવી શરૂઆત કરનાર ટાઇપની પસંદગી કરે તો પોતાને ખાસ તો ઉપયોગી ટાઇપો જ પોતે ખરીદી શકે. કેટલીક વાર એવું બને છે કે ટાઇપ ખાતે રોકવાની મૂડી એક બે જાતના બીનઉપયોગી જથ્થાબંધ ટાઇપોમાં રોકાઇ જાય છે અને શરૂઆત કરનારે ત્યાં જ અટકીને બેસી રહેવું પડે છે; કારણકે તેના ટાઇપો બીનઉપયોગી હોઇ ગ્રાહકો પસંદ કરતા નથી એટલે તેને કામ મળતું નથી. તેમજ પોતાની મૂડી બીનઉપયોગી ટાઇપોમાં રોકાઈ ગઇ હોવાથી પોતે વધુ મૂડી રોકી શકતો નથી. આવી સ્થિતિમાં મૂંઝાવાથી કેટલા યે નવા શિખાઉઓ કંટાળીને આ ધંધો છોડી દે છે. માટે આ બીબાંની પસંદગીની બાબત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે.

ટાઇપોની પસંદગી કરવામાં બીજું એ પણ ધ્યાનમાં રાખવું કે પોતે જે શહેર અથવા ગામમાં ધંધો કરવા ઇચ્છતો હોય ત્યાં ઘણું કામ કઇ ભાષામાં મળશે તથા કયા ટાઇપો વધુ ઉપયોગમાં આવશે. ખાસ કરીને મુંબાઇ ઈલાકામાં ગૂજરાતી, હિન્દી અથવા મરાઠી અને અંગ્રેજી બીબાં વધુ ઉપયોગમાં આવે છે.

ટાઇપો ખરીદવા માટે રબ્બર સ્ટૅમ્પનો સામાન વેચનારી કંપનીઓમાં જવું પડે છે. તેઓ ટાઇપો નાના ફાઉન્ટ (એટલે કે નાના જથ્થા)માં આપે છે, પરંતુ તેમના ભાવો પ્રમાણમાં ઘણા વધારે હોય છે. બીબાં બનાવવાનાં કારખાનાં (અથવા ફાઉન્ડ્રીઓ)માં પણ બીબાં તો મળે છે, પરંતુ ફાઉન્ડ્રીવાળાઓ મોટા જથ્થામાં અથવા મોટા ફાઉન્ટ વેચતા હોવાથી નાના જથ્થામાં ઘણે ભાગે આપતા નથી; કદાચ આપે તો પણ ભાવ વધારીને આપે છે. તેમ છતાં બીબાં ફાઉન્ડ્રીઓમાંથી જ લેવાં એ સસ્તું, સારૂં અને સલાહભર્યું છે.

ટાઇપો જુદાજુદા દેખાવના આવે છે, એટલું જ નહિ પરંતુ એક જ દેખાવના જુદાજુદા કદના પણ આવે છે. સ્ટૅમ્પ માટે નાના કદના ટાઇપોનો ઉપયોગ હોઇ તેવા જ થોડા ટાઇપોના નમૂના અત્રે બતાવ્યા છે:

અંગ્રેજી ટાઇપના નમૂના

SPECIAL TYPES FOR RUBBER STAMPS

Best Rubber-Stamp Types

MOST POPULAR TYPES

For Rubber-Stamp Making

BY COURTESY OF KUMAR

ગુજરાતી બીબાંના નમૂના

રબ્બરના સિક્કા બનાવવાનો

હુન્નર અર્વાચીન છે. આજે લગભગ દરેક દુકાનદાર કે એકેએક પ્રકારના વેપારીને તેનો **ખપ પડે છે. આથી સાધારણ ભણેલો કોઈપણ બુદ્ધિમાન માણસ સહેલાઇથી એ શીખી શકે.**

દેવનાગરી બીબાંના નમૂના

रब्बरना सिक्का बनाववानो हुन्नर

अर्वाचीन छे. आजे लगभग दरेक दुकानदार के **एकेएक जातना वेपारीने तेनो खप पडे छे.**

आथी साधारण भणेलो कोईपण बुद्धिमान माणस ए शीखी शके.


આટલી જાતનાં બીબાં હોય તો સાધારણ કામ-કાજ થઈ શકે. ન પોસાતું હોય તે આ કરતાં થોડી જાતો લઇને પણ કામ કરી શકે. એક વાર કામ શરૂ કર્યા પછી કયાં બીબાં વધારવાથી ધંધો વધશે એ કામ કરનારે પોતે વિચારવું, કારણકે પોતાના ગ્રાહકોની જરૂરીઆતોની કલ્પના કરવી અથવા તે વિષે ખ્યાલ બાંધવો એ પોતાના અનુભવ પરથી જ કરી શકાય.

બીબાં ખરીદતાં પહેલાં ખાસ કાળજી એ રાખવી કે તેના ઉપરના ભાગની કોતરણી ઊંડી હોવી જોઇએ. કેમકે ઊંડા કોતરેલા ટાઈપોમાંથી બનાવેલો રબ્બર સ્ટૅમ્પ ઊંડો બને છે. અને ગ્રાહકો તેને વહેલો પસંદ કરે છે. બીજી દૃષ્ટિએ જોઇએ તો એ સ્ટૅમ્પ શાહી, કચરા વગેરેથી જલદી ભરાતો નથી અને તેથી લાંબા વખત સુધી સ્વચ્છ અને સફાઇદાર છાપ આપે છે.

બીબાં એ સીસાના ઝીણાઝીણા ટુકડા હોઇ તેના ગોઠવવાનું અથવા વ્યવસ્થિત સૌસૌની જગ્યાએ ખાના-માં પાછા નાખવાનું નવા શીખનારને ઘણું જ કંટાળા-ભર્યું લાગે છે. પણ આ ધંધાના ઉમેદવાર કંટાળો ન લાવતાં ધીરજ રાખીને તેની પાછળ મંડ્યો રહે તો ધીમેધીમે એ કંટાળો ઊડી જઇ આ કામમાં ઘણો રસ લાગે છે.

કેટલીક વાર એવું બને છે કે અમુક સાઇઝનું નામ અમુક જ જાતના અક્ષરોમાં બનાવવાનું હોય છે; પણ તે નામ તે જાતનાં બીબાંમાં ગોઠવાઇ રહેશે કે કેમ તેનો ખ્યાલ નવા શીખનારને પહેલેથી હોતો નથી, પરંતુ જ્યારે તે ગોઠવે છે ત્યારે ધારેલા કદમાં સમાશે નહિ એમ તેને ખબર પડે છે. એટલે તે જ દેખાવના નાની સાઇઝના ટાઇપોમાં ફરી ગોઠવે છે. કદાચ તેમાં પણ ન સમાય તો તેથી પણ નાના કદનાં બીબાંમાં તેને ગોઠવવું પડે છે. આ અડચણ પણ થોડા વખતના અનુભવે દૂર થાય છે. તે દૂર ન થાય ત્યાં સુધી ન કંટાળતાં ધીરજ અને ખંતપૂર્વક મહેનત કર્યા કરવી જોઇએ.

ટાઇપોનું કામ થઇ રહ્યા પછી તેને તરત જ પોતપોતાની અસલ જગ્યાએ કેસોમાં નાખી દેવા એ પણ જરૂરનું છે, કારણકે આ કામ મુલતવી રાખવાથી જુદીજુદી જાતના ટાઇપો ભેળસેળ થઇ જવાનો તથા ટૂંકા જથ્થાના ટાઇપો જુદાજુદા નમૂનાઓમાં રોકાઇ




ટાઈપ (અથવા બીબું) તેને સવળો કે અવળો પારખવાના ખાંચા સાથે.

જાય તો ખુટી પડવાનો પૂરતો સંભવ છે. અને આમ સામટા ભેગા થએલા ટાઇપોને પછી સૌસૌની જગ્યાએ પાછા નાખવાનું કામ મુશ્કેલીભર્યું બને છે; માટે આળસ છોડીને તે તુરત જ કરવું જોઇએ.


રબ્બરસ્ટૅમ્પો મોટે ભાગે છાપવાના ટાઇપો ઉપરથી જ બને છે, માટે છાપખાનામાં જઇ ટાઇપો ગોઠવવાનું અને તેને છૂટા કરવાનું કામ પણ આ ધંધો કરનારે શીખી લેવું ખાસ આવશ્યક છે. ટાઇપ આપણે હાથમાં લઈ જોઈશું તો પહેલી વાર તો તેને બરાબર ઓળખી નહિ શકીએ, કારણકે તેના ઉપર કોતરેલો અક્ષર અવળો હોય છે અને તેની છાપ સીધી પડે છે. ટાઇપો ગોઠવવાના કામ વિષે અત્રે થોડી માહિતી તો આપવામાં આવે છે. પરંતુ છાપખાનામાં જઇને શીખવાથી પૂરેપૂરી માહિતી મળશે.

બીબાં ખરીદ્યા પછી તેને નાનાંમોટાં ખાનાંવાળા લાકડાના કેસોમાં ભરવાનાં હોય છે. કેસોમાં ટાઇપો અનુ-ક્રમે ભરાતા નથી, પરંતુ ઝાઝા ઉપયોગમાં આવતા ટાઇપો મોટાં ખાનાંઓમાં તેમજ કામ કરનારની નજીકના એટલે નીચેના કેસમાં રાખવામાં આવે છે. કેસોનાં આ ખાનાંઓની રચના લગભગ બધે ઠેકાણે એક જ સરખી હોય છે અને તે રીતનો નમૂનો નીચે ગોઠ-વેલા ચિત્ર પરથી જણાશે.

અપર કેસ.




લોઅર કેસ.




A	B	C	D	E	F	G	A	B	C	D	E	F	G
H	I	K	L	M	N	O	H	I	K	L	M	N	O
P	Q	R	S	T	V	W	P	Q	R	S	T	V	W
X	Y	Z	Æ	Œ	U	J	X	Y	Z	Æ	Œ	U	J
1	2	3	4	5	6	7	â	ê	î	ô	û	§	‡
8	9	0	£	/	—	—	á	é	í	ó	ú	‖	†
ä	ë	ï	ö	ü	ç	k	à	è	ì	ò	ù	¶	*

Upper Case



Lower Case.



ટાઈપ ગોઠવવાની સ્ટિક; તે હાથમાં કેમ પકડવી તે બતાવતું ચિત્ર

ટાઇપો ઉપરાંત, દરેક શબ્દને બીજા શબ્દથી છૂટો પાડીને ગોઠવવા માટે જુદાજુદા જાડા–પાતળા માપના અને ટાઇપના કદથી નીચા એવા 'સ્પેસ' આવે છે; તેને પણ ટાઈપના કેસની અંદર જ પોતપોતાના સ્થાનમાં નાખવાના હોય છે. વળી બે લીટીઓની વચ્ચે રાખવામાં આવતી ખુલ્લી જગ્યા પણ ટાઇપો ગોઠવતાં રાખવી પડે છે અને તેને માટે જાડા–પાતળા માપની સીસાની પટીઓ અથવા લેડ આવે છે. એ લેડ પણ કેસ આગળ પોતાને જોઇતા માપના કાપીને તૈયાર રાખવાના હોય છે.

બીબાં ગોઠવવાની આટલી સામગ્રી તૈયાર કર્યા પછી પિત્તળની સ્ટિક લઇ ચિત્રમાં બતાવ્યા મુજબ ડાબા હાથમાં તે પકડવી અને જે માપમાં ટાઇપ ગોઠવવાના હોય તેનું માપ બાંધવું. પછી તે જ માપનો લેડ મૂકી કંપોઝ અથવા ટાઇપ ગોઠવવાનું કામ ચાલુ કરવું. કંપોઝ શરૂ કરતી વેળા સૌ પહેલું બીબું મૂકવાનું નથી હોતું, પણ ટાઇપો ગરી ન પડે તે માટે દરેક લીટીની શરૂઆતમાં ૦ાા એમ કે ૧ એમનો સ્પેસ મૂકવાનો હોય છે. માટે પહેલો તે મૂકવો અને પછી લખાણ પ્રમાણેનાં બીબાં ખાનાંમાંથી લેતા જવું અને ગોઠવતા જવું. ટાઇપ સવળો મૂકાય છે કે અવળો તેનો ખ્યાલ રહે તે માટે દરેક ટાઇપના નીચેની તરફના પડખામાં એક અથવા વધુ ખાંચા પાડેલા હોય છે (જુઓ બીબાનું ચિત્ર) કંપોઝ કરતી વખતે એટલું ખાસ ધ્યાન રાખવું કે આ કાપો બહારની બાજુએ રહે તેવી રીતે ગોઠવતા જવું. એક શબ્દ જ્યારે પૂરો થાય ત્યારે ૦ાા એમ સ્પેસ મૂકવી ને ત્યારબાદ બીજો શબ્દ શરૂ કરવો. આમ કરતાં કરતાં જ્યારે લીટી પૂરી થવા આવે ત્યારે લીટીની શરૂઆતમાં જે સ્પેસ મૂકી હોય તેટલી જ સ્પેસ મૂકવી, તે પછી લીટી ઢીલી રહેતી હોય તો દરેક શબ્દે સરખી પાતળી સ્પેસ ઉમેરવી, અથવા ૦ાા 'એમ'ને બદલે ૩ અથવા ૪ વાળી સ્પેસ ભેગી મૂકીને લીટી સજ્જડ કરી લેવી કેટલીક વાર છેલ્લો શબ્દ અરધો આવે અને લીટી પૂરી થતી હોય તો વચ્ચેની બધી સ્પેસ નાની એટલે પાતળી કરીને તે શબ્દને આખો સમાવી લેવો જોઇએ. આ રીતે લાઇનો ફીટ કરવાના કામમાં સ્પેસોની જુદીજુદી જાડાઇ ખાસ કામમાં આવે છે.

જરૂરનું લખાણ ગોઠવાઇ જાય એટલે તેને ચિત્રમાં બતાવ્યા પ્રમાણે સ્ટિકમાંથી ઉપાડી લઇને કંપોઝ રાખવાની જસતના પતરાની બનાવેલી ગૅલીમાં ઉતારવામાં આવે છે ને પછી બીજા સ્ટૅમ્પનું લખાણ ગોઠવવાની શરૂઆત કરવામાં આવે છે.

આવી રીતે જરૂરના બધા સ્ટૅમ્પોનું લખાણ બીબાં ગોઠવાઇ રહ્યા પછી તેનું પ્રુફ કાઢીને વાંચી લેવું જોઇએ. પ્રુફ કાઢવાનો સંચો અને પદ્ધતિ કોઇ પણ છાપખાનાની મદદથી સમજી શકાશે. તે પ્રુફ વાંચતાં આપણને

જણાશે કે ટાઇપ ગોઠવવામાં આપણે ઘણી ભૂલો કરીએ છીએ. તે ભૂલોને આપણે સુધારી લેવી જોઇએ; એટલેકે તેમાંથી ખોટા અક્ષરો ખેંચી કહાડી તેના બદલે ખરા અક્ષરો નાખવા. આથી ફિટ કરેલી લાઇનો ફરી ફિટ કરવી પડે છે. પણ તેમ કરી જ લેવું. આમાં ટાઇપો ફરી ખેંચવા તથા ફરી નાખવા માટે એક ઝીણા ચીપીઆની જરૂર પડે છે અને તેને પિન્ચીઝ કહે છે. (જુઓ નીચેનું ચિત્ર)



પિન્ચીઝ અથવા ચીપીઓ

આ પ્રમાણે જેટલા સ્ટૅમ્પ એકી સાથે બનાવવાના હોય તેટલા સ્ટૅમ્પનું કંપોઝ કરી લેવું. કેટલીકવાર લખાણની આસપાસ લીટીઓ, વેલો, ડિઝાઇનો વગેરે મૂકવી પડે છે. તે વિષેની માહિતી આવતા પ્રકરણમાં આપી છે. આવી વેલ, ડિઝાઈન કે લીટીઓના તૈયાર બ્લૉક મળે છે તેને રિંગો કહે છે. રિંગમાં ભરવાનું કંપોઝ પણ ઉપરની માફક સ્ટિકમાં કરી થોડે થોડે રિંગના ગોળ કે સીધા ભાગમાં ભરવાનું હોય છે અને રિંગમાં બરાબર શોભે તેવી રીતે તેને ફિટ કરવું પડે છે. સ્પેસથી કંપોઝ બરાબર રિંગમાં ફિટ ન થાય તો કાગળની પટીઓ કે ટુકડા મૂકીને પણ ફિટ કરી લેવું. લીટીઓવાળી રિંગોમાં ઘણીવાર અંદરના ગોળ કે લંબગોળ ઝીણા ટાઇપના કૌંસ ગોઠવીને પણ બનાવી લેવાય છે.

કેટલીકવાર સ્ટૅમ્પો સીસાના કે લાકડાના કોતરેલા બ્લૉક ઉપરથી કરવાના હોય છે. જેવાકે ચિત્રોના અથવા કોઇના હસ્તાક્ષરની સહીઓના બ્લૉક વગેરે. આ બંને બાબતોમાં કોતરેલા કે ચિત્રોના બ્લૉકને જ કંપોઝ સમજવું અને ટાઈપના કંપોઝની માફક જ આનો સ્ટૅમ્પ પણ બનાવવો.

૩ . . . . . . રિંગો અને તેનો ઉપયોગ

પાછળના પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે કંપોઝની આજુબાજુ ગોળ, લંબગોળ, ચોરસ, આકારની ડિઝાઇનો, વેલો કે લીટીઓ પણ ગોઠવવી પડે છે. આવી

રબ્બર સ્ટૅમ્પ માટે રિંગના બ્લૉકનો નમૂનો



લીટીઓ કે વેલો ટાઇપોમાંથી ગોઠવી શકાતી નથી. તેને માટે જુદાજુદા આકારના લાકડા પર ચોડેલા ઇલેકટ્રો બ્લૉક, સીસા પર ઝારેલા ઇલેકટ્રો બ્લૉક, સ્ટીરીઓ બ્લૉક કે અખંડ પિત્તળના બ્લૉક પણ આવે છે. આવા દરેક બ્લૉકમાં ઠેકાણે ઠેકાણે ટાઇપો ગોઠવવા માટે આરપાર છિદ્રો પાડેલાં હોય છે. ઉપર તેનો એક નમૂનો બતાવવામાં આવ્યો છે. વધુ પસંદગી માટે બ્લૉક બનાવનારાઓના કેટલૉગો, ટાઇપ ફાઉન્ડ્રીઓનાં કેટલૉગો, સ્ટૅમ્પનો સામાન વેચનારી કંપનીઓનાં કેટલૉગો મંગાવી જોવાથી તેમાં અનેકવિધ જાતો જોવામાં આવશે. તેમાંથી પોતાને સારી લાગે તેવી પસંદ કરી મંગાવી લેવી.

આવા રિંગોના બ્લૉકમાં સૌથી સરસ પિત્તળ પર ચોકસાઇથી કોતરેલી તથા છેદ પાડેલી રિંગોના બ્લૉક પસંદ કરવા જેવા છે. તેથી ઊતરતા સરસ અખંડ સીસા પર બનાવેલા અને ચોરસ છેદ કહાડેલા ઇલેકટ્રો બ્લૉક પસંદ કરવા. તેથી ઊતરતા લાકડા પર ચોડેલા ઇલેકટ્રો કે સ્ટીરીઓ બ્લૉક હોય છે. આવા દરેક બ્લૉકમાં છેદ બરાબર કાટખૂણે, સ્વચ્છ, અને ઉપરથી નીચે સુધી એકસરખા પાડેલા હોવા જોઇએ. બીજું દરેક બ્લૉક ટાઇપની બરાબર ઊંચાઇનો હોવો જોઇએ. તેનું લેવલ પણ સરખી સપાટીમાં હોવું જોઇએ. આવી રીતે જોઇ તપાસી લીધેલા બ્લૉક પાછળથી કામમાં વાપરતાં તકલિફ આપતા નથી. સ્ટૅમ્પની આજુબાજુએ ફક્ત લીટીઓ જ મૂકવાની હોય ત્યારે સીસાની કે પિત્તળની રૂલો પણ વપરાય છે અને તે જુદાજુદા માપની અને જુદીજુદી જાતની તૈયાર આવે છે.

(ચાલુ)

પુરુષોત્તમ દલસુખરામ પટેલ



જીવન-નૃત્ય



મનુષ્યસમાજની સ્થાપના અને સંસ્કૃતિનો ઉદ્‌ભવ બંને નૃત્યથી થયાં છે. . . . નૃત્યકલા એ માનવીના આત્માના ઊંડાણમાંથી જન્મી છે, ને તેથી આત્માના જેવી જ એની અમરતા છે. એને વિસાર્યે નહિ ચાલે. અને પ્રજાજીવનનું પુનર્વિધાન કરવામાં એને પહેલું સ્થાન આપવું જોઇશે.

ધર્મ અને શૃંગારના ક્ષેત્રમાંથી, શિષ્ટ કલા તરીકે ગણાઇ, નૃત્ય, રાજદરબારોમાં, રંગભૂમિઓમાં અને મેળાઓમાં પ્રસર્યું છે. એણે પ્રજાજીવનને આનંદ આપ્યો છે, ઉલ્લાસ આપ્યો છે, તેમજ એના દુરુપયોગથી પ્રજાઓ અધમ પણ બની છે અને સંસ્કૃતિઓનો નાશ સુદ્ધાં પણ થયો છે.

આમ છતાં શુદ્ધ નૃત્યકલાનો સુધરેલા જનસમાજમાંથી કદાપિકાળે નાશ થવાનો નથી. એ પણ યુગે યુગે નવા અવતાર લઇને આવે છે. મનુષ્યના આત્માના ઊંડાણમાંથી એ જન્મી છે અને તેથી આત્માના જેવી જ એની અમરતા છે. વારંવાર એ જીવનની રસસામગ્રીમાં પ્રવેશ કરે છે અને માત્ર ધર્મ, પ્રેમ તથા કલા તરીકે જ નહિ, પણ નીતિ-નિયમના પોષણ માટે પણ એ જ કાઢો કાઢો તો યે ફરીફરીને પાછી આવે છે.

કુદરતી સ્થિતિમાં મનુષ્યનું તમામ કાર્ય એક નૃત્ય જેવું છે. નૃત્ય અને કર્તવ્યકર્મ બંનેની જાત તો એક જ છે, માત્ર એમાં ગતિની વધઘટનો ફેર છે. બંનેમાં તાલ, માધુર્ય અને રસ તો એકસરખાં જ છે.

આપણે આપણાં કર્તવ્યકર્મ અને આપણી આખી જીવનલીલા તાલમય અને માધુર્યથી ભરપૂર બનાવવી જોઇએ. જેટલાં મહાન કાર્યો છે તે એવા તાલમય સહકાર સિવાય બન્યાં નથી. નગરો, તીર્થો, દેવાલયો અને તાજમહાલો બનાવનાર એકેએક જણને, ઉચ્ચ આદર્શ ન તૂટે એવા કલામય સહકારમાં તો તે યોજેલાં રાખવાં પડયાં હશે. મોટા મેળાઓ, પરિષદો સમારંભો અને સરઘસો પણ એકરાગ અને સહકારથી જ પાર પડે છે. સંગ્રહસ્થાનો, બગીચા, ટાઉનહૉલો, પુસ્તકશાળાઓ એ બધું પણ તાલમયતા સિવાય યોજાતું નથી. ભાષાઓનો તથા લિપિનો ઉદ્‌ભવ અને સમૂહવાદ્યોની ઉત્પત્તિ તાલમયના તેમજ સહકારથી જ થયાં છે. આ બધા ઉપરથી છેવટે નૃત્ય જીવનને તાલમય કરો એ જ આપણી પ્રાર્થના હોઈ શકે.

'કલાની શરૂઆત' નામના લેખમાં ગ્રૉસે (Grosse) લખે છે કે મનુષ્યસમાજની સ્થાપના અને સંસ્કૃતિનો ઉદ્‌ભવ બંને નૃત્યથી થયાં છે. રાસમંડળ રચાય છે તેમાં ભાગ લેનાર એકેએક જણને દેહ, પ્રાણ અને મન જોડવાં પડે છે. એક જ ભાવનાથી એમને પ્રેરાવું પડે છે અને એક જ મનુષ્યની માફક એકત્ર થઇને એમને ઊછળવું પડે છે. સમાજોમાં સંપની ભાવના આમ ઉદ્‌ભવે છે. લડાઈ માટે એકત્ર થવાની જે જરૂર પડે છે તે સંપ થવાનું એક કારણ છે, અને બીજું કારણ નૃત્ય છે. પરંતુ લડાઇની લાયકાત પણ સમૂહનૃત્યમાં સહકાર અને સંપ કેળવેલાં હોવાથી જ આવે છે.

મૂળ નૃત્યોમાંથી સંઘબળની રચના થઈ છે. અરસપરસ સહકારથી બુદ્ધિનો વિકાસ સધાયો છે. વળી એકલા કામ કરતાં જે બીક અથવા ભય રહે છે તે આખો સમૂહ જયારે એક ઉદ્દેશથી પ્રેરાઇને એકત્ર કામ કરવા તૈયાર થાય છે ત્યારે દૂર થાય છે.

લૂઇ રૉબિન્સન કહે છે તે પ્રમાણે એક ઢોલે મનુષ્ય સુધારણામાં સમૂહબળ એકત્રિત કરવામાં બહુ સહાય કરી છે. એને પ્રતાપે હિંમત આવી છે, જુસ્સો વધ્યો છે અને સ્નેહભાવ તથા શૌર્ય ખીલી ઊઠયાં છે.

રોમન લોકોમાં યુદ્ધવિદ્યા બહુ ખીલી હતી, પરંતુ એમનામાં યે નૃત્ય અને યુદ્ધને ગાઢ સંબંધ બંધાયો હતો. પવિત્ર યુદ્ધનાં નૃત્ય શીખવાની ત્યાં કૉલેજ હતી. માર્ચ મહિનાથી એ યુદ્ધનૃત્યો શરૂ થતાં, કારણકે માર્ચ મહિનો એ યુદ્ધદેવતાનો માસ ગણાતો. સ્થળે સ્થળે એ

મહિનાથી વીરરસના નાચ શરૂ થતા હતા અને મંદિરો તથા વેદીઓ આગળ એમની પુરાણ ભાષાનાં ગીતો સાથે નાચવાનું ચાલતું. શિકારે જતાં કે ધાન્ય લણતાં એમ ભેગી મજૂરી કરવાના જ્યાંજ્યાં પ્રસંગો રચાતા ત્યાંત્યાં તેવી એકેએક પ્રવૃત્તિ વખતે જુસ્સો આપનાર ગીતો મૂળ નૃત્ય વખતનાં જ ગીતો માલૂમ પડ્યાં છે.

આ રીતે સમાજસુધારણાની એકેએક પ્રવૃત્તિના મૂળમાં નૃત્ય રહેલું છે. જનસમાજની કેળવણીમાં બહોળા અર્થમાં જોઇએ તો આમ નૃત્યની ખાસ કિંમત છે. જેમજેમ પ્રજાઓ પોતાની આત્મપરીક્ષા કરતી થઇ તેમતેમ એનાથી ઉપરની વાત સમજાઈ છે. ચીનમાં એક કહેવત છે કે કોઇ પણ રાજાનું રાજ્ય કેવું છે એ જાણવું હોય તો એના સમાજમાં નૃત્ય કેવી સ્થિતિમાં છે એ તપાસવું.

ગ્રીક લોકોમાં પણ એમ જ છે. ડોરિયન રાજ્યોની એમની આખી વ્યવસ્થાના મૂળમાં ધર્મ તથા લશ્કરી અને મુલકી વહીવટની નીચે નૃત્ય અને સંગીત હતાં.

પ્લેટો તો ગાતાં અને નૃત્ય કરતાં આવડે તેને સારી કેળવણીનું અંગ ગણતો અને આધુનિક યુગનો તીક્ષ્ણ બુદ્ધિવાન તથા બહુશ્રુત કેળવણીકાર સ્ટેઇનલી હૉલ, નૃત્યકલાની અધોગતિ થઇ છે તે માટે શોક કરે છે. નૃત્યનો પુનરુદ્ધાર કરવા એ આગ્રહ કરે છે અને કહે છે કે જ્ઞાનતંતુઓની મજબૂતી તથા અવયવો પરના કાબૂ વધારવાથી યુવકયુવતીઓના અંગોની શોભા વધશે, મનોવૃત્તિઓ અને લાગણીઓ કેળવાશે, નિશ્ચયબળ અને શરીર વધશે, તેમજ લાગણીઓ તથા બુદ્ધિને સમતોલ બનાવી નૃત્યકલા દેહ, મન અને હૃદયને બળવાન કરશે.

આમ છતાં એટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે કે પ્રજાઓની નીતિ ભ્રષ્ટ કરવામાં જ્યારે ને ત્યારે એ જ નૃત્ય સાધનભૂત થયું છે. જે નીતિને જન્મ આપનાર નૃત્ય હતું તે જ નીતિ કોઈ માતૃદ્રોહી ઉદ્ધત સંતાનની માફક નૃત્યનો ઘાત કરીને પોતાની સ્વસ્થતા સૈકાઓ સુધી સાચવવા પ્રવૃત્ત રહેલી છે. યુરોપના સુધારાવાળાઓએ પાપડી ભેગી ઇયળો પણ બાળી નાખી. પ્યુરીટૅનિઝમનો જુવાળ પ્રસર્યો તેણે મૂર્તિઓ, મેળા, પૂજાવિધિઓ અને ગ્રામજીવનની ઘણી મનોહરતાઓ ડુબાડી દીધી. નૃત્યના બદલાઓમાં પ્રજાઓને શું આપીશું એનો વિચાર કર્યા વગર ધર્મસુધારકોએ આખા યુરોપમાંથી નૃત્યકળાનો નાશ કર્યો; અને એનું પરિણામ એ આવ્યું કે નાચ ન કરવા દીધા ત્યારે લોકો દારૂનાં પીઠાંના ભક્ત બન્યા, અને પહેલાં જે વાયોલિન લઇને નાચતા તે હવે એકલો દારૂ પીને નાચવા લાગ્યા!

પણ પ્રજાજીવનમાં નૃત્યનું સ્થાન ઉચ્ચ અને વિશાળ દૃષ્ટિએ અવલોકીએ છીએ ત્યારે નૃત્યકલાનો ઉદય અને અસ્ત આપણને બોધક થઈ પડે છે અને તરત જોઈ શકાય છે કે નૃત્યકલાને દબાવીને આપણે કંઈ ખાસ લાભ મેળવી શકતા નથી, પરંતુ ઊલટાં નુકસાન વધારે વહોરીએ છીએ. યુગેયુગે પ્રજા ઉન્નતિનાં બીજાં સાધનોની માફક નૃત્યને પણ ઉચ્ચ અને આદર્શ સ્થિતિએ રાખવાના પ્રયત્નો કરવા જોઇએ અને એટલું જો થયા કરે તો નીતિને બગાડવાનું નહિ પણ ઊલટી ઉચ્ચ સ્થિતિએ લાવી મૂકવાનું કામ નૃત્ય કરી શકશે. જીવનને પોષનારાં શુદ્ધ અને ઊંડાં નિર્મળ જળનાં ઝરણ નૃત્યકલામાં રહેલાં છે. એ કલા પવિત્ર છે, ઉચ્ચ છે. જીવનને તે મહાન ગતિ આપે છે. સૌ કલાઓમાં એ સુંદરમાં સુંદર છે, અને એનું કારણ એ છે કે સમગ્ર જીવનનું ભાષાંતર કે ભાવાર્થ જ એમાં ભરેલો નથી, પરંતુ એ પોતે જ આનંદથી ડોલી રહેલું જીવન છે. આપણાં જીવન જ એનાં બનેલાં છે. નૃત્ય ન કરી જાણે તે પણ નાચનારાંના તાલે તાલે ડોલી તો જાણે જ છે.



ઉદયશંકરનું નૃત્ય

નૃત્યમાં ગૂઢ અર્થ ભરેલો છે. માર્કસ ઓરેલિયસ

સ્ટોઇક હોવાથી જોકે મલ્લકુસ્તીની કલા જેવી જીવન-કલાને કહેતો, તેમ છતાં ઘણીવાર એ એને નૃત્ય-કલા સાથે પણ સરખાવતો હતો. બ્લેક પણ એવા જ કવિત્વભાવથી કહેતો કે જીવનરૂપી મહાન નૃત્ય ચાલી રહ્યું છે એમાં મારે પણ એવો કોઇ વેશ ભજવવો છે કે આકાશમાર્ગે ઊભા રહીને દેવલોકો એને જોયા કરે. નિટ્શે, જીવનકલાને એક પ્રકારનું નૃત્ય જ કહે છે. 'સેંકડો લટકતી નાગી તલવારોની નીચે આ સંસારમાં મનુષ્ય પોતાના આત્મા પર કાબૂ મેળવી સ્વતંત્રતા પ્રાપ્ત કરે છે. નૃત્યના તાલે તાલે એ નાચે છે અને એ તલવારો વાગે નહિ એમ અભય મેળવી માધુર્યનું પાન કરે છે.' પોતાની લેખનપદ્ધતિને પણ એ નૃત્યશૈલી કહે છે. 'જે દિવસે મારી લેખિની નૃત્ય ન કરે તે દિવસને હું છૂટી પડ્યો ગણું છું. જીવનની શરૂઆતમાં નૃત્ય છે અને અંતમાં પણ નૃત્ય જ રહે છે.'

જંગલી દશામાંથી સુધારાની સ્થિતિમાં લાવનાર વિદ્વાનો નૃત્યના ભક્ત હતા અને આધુનિક ભક્ત-તત્ત્વજ્ઞાનીઓ, જ્ઞાનની મસ્તીમાં ગાંડા જેવા બની જઇને લોહીલુહાણ થઈ ગએલા પગ તથા તૂટી પડતા અવયવો બતાવીને આજે પણ વિચારસૃષ્ટિમાં ભૂલભુલામણી ઉપજાવે એવાં નૃત્ય જ રચી રહ્યા છે. જ્ઞાનને પરિણામે એમના આત્મા નાચી ઊઠ્યા છે અને આસન પર બેઠાબેઠા એ પણ પ્રભુદર્શનથી ડોલે છે. *

(ચાલુ) **હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ**



ઉદયશંકર અને કુ. સિમ્કીનું સહનૃત્ય

(હેવલૉક એલિસના 'ડાન્સ ઑફ લાઇફ' નામના પુસ્તકમાંના વિચારો તારવીને.)

બાળવિભાગ

પરભૃત અને પરભૃતા

આમારા ઘર આગળ એક લીમડો છે. એ લીમડાની ડાળીએ કાગડાએ માળો બાંધેલો છે. સાથે કાગડી પણ રહે છે. આજે દસબાર દિવસથી નર માદા પોતાની સાથે લીમડાની ડાળી ઉપર એક બચ્ચું લઈ આવે છે. કાગડો કાગડી ઘરની વંડી માથે આવી બેસે છે ને પછી ઊડીને વાસણોની એંઠ લઇ જાય છે અને બચ્ચાને ખવરાવી આવે છે. બચ્ચું પણ એમની પછવાડે પછવાડે ઊડે છે અને કરાં...કરાં...બોલે છે.

પણ એ બચ્ચું કાગડા કાગડીનું નથી. રંગે વધુ કાળું, પાછળ પહોળી પાંખ, ડોક પાતળી અને ચાંચનો તથા ડોકનો વળાંક કોયલના જેવો બરાબર. એ બચ્ચું કોયલનું છે, પણ કાગદંપતી આ ભેદ પારખી શક્યું નથી એમ લાગે છે.

કહેવાય છે કે કોયલ કાગડાના માળામાં ઇડાં મૂકી જાય છે. ત્યાં કાગડી ઇડાં સેવે છે, અને ઈંડાંમાંથી બચ્ચું નીકળે છે તેને પોતાનું બચ્ચું ધારી લે છે. કારણકે પક્ષીમાં માદાએ પોતે મૂકેલાં ઈંડાંનું બચ્ચું પોતાનું એમ નહિ પણ પોતે સેવેલાં ઈંડાંનું બચ્ચું પોતાનું એવી માન્યતા હોય એમ જણાય છે. કોઈ કૂકડી ઇડાં સેવવા બેઠી હોય તે ઈંડાં પોતાનાં હોય વા બીજી કૂકડીનાં હોય તો પણ ઈંડાંમાંથી નીકળેલાં બધાં બચ્ચાં એ કૂકડી પાછળ જ ફર્યાં કરે છે અને કૂકડી પણ તેમને બધાંને પોતાનાં ગણી વર્તે છે.

એ રીતે કાગદંપતી પણ માનતું હશે. પણ જ્યારે બચ્ચું મોટું ઊડતું થશે અને પોતીકો કોકિલકંઠ કાઢશે ત્યારે એ મધુરો સાદ કાગડા કાગડીને ભારે પડશે. ત્યારે જ તેઓ જાણશે કે બચ્ચું પોતાની જાતનું નથી —પોતાનું નથી, ત્યારે તેઓ બચ્ચાને ચાંચો મારીને અને પાછળ પડીને કાઢી મૂકશે. કાગડા જેવી ચતુર જાત પણ આ વાત્સલ્યપ્રેમથી છેતરાઇ જાય છે એ નવાઇ જેવું છે. અત્યારે તો જ્યારે નર કે માદા બચ્ચાને ખાવાનું આપે છે ત્યારે તો એમ લાગે છે કે જાણે તેઓ પોતાને આટલું રૂપાળું બચ્ચું મળ્યાથી ભાગ્યશાળી



માનતાં હોય! સંસ્કૃત ભાષામાં કોયલને પરભૃતા કહી છે અને કોકિલને પરભૃત કહ્યો છે. પરભૃતનો અર્થ પર+ભૃત=પારકાએ ભરેલો બીજાએ ઊછરેલો એવો થાય છે. અને એ સાચો છે. કોયલના બચ્ચાને કાગડા કાગડીઓ ઊછેરે છે. ૨ જી.

કાગડી ને કોયલ

જેઠ મહિનો હતો. કાગડાએ માળો બાંધવા માંડ્યો. બાવળનાં ઝાડમાં ઊંચી ઊંચી ડાળ વચ્ચે માળો બાંધ્યો. સાંઠી, કરાંઠી, લોઢાંની સળી, તાર જે મળ્યું તે ગોઠવ્યું. માળા વચ્ચે કુણુંકુણું ઘાસ પાથર્યું. રૂ, પીંછાં, શણ વગેરે પાથર્યું. માળો અંદરથી પોચો ને સુંવાળો બનાવ્યો.

થોડે છેટે આંબાના ઝાડ પર કોયલ રહે. કોયલે આંબામાં સંતાઇને જોયું કે કાગડો માળો બાંધે છે.

જેઠ ઓસરી અષાડ આવ્યો. કાગડીએ બે ઇંડાં મૂક્યાં. ઇંડાં નાનાં હતાં. રંગે કાબરચીતરાં હતાં. કાગડી ઇંડાંની બરાબર રક્ષા કરે. જરાવાર ઈંડાં રેઢાં ન મૂકે. આખો દિ' ઇંડાં સેવ્યા કરે. નજીકમાં જે ચણ મળે તે ચણી આવે. કોઈ માણસ ઝાડ આગળથી જાય તો કાગડી હેઠે આવી માથામાં ચાંચ મારી જાય. કોઈ ઝાડ તરફ ઊંચી નજર કરે તો પણ કાગડી આવીને ચાંચ મારે.

એક વખત કાગડી ચણવા ગઇ'તી. કોયલ છાનીમાની આંબામાંથી ઊડીને બાવળ ઉપર ગઈ. માળામાં પેઠી. અંદર બે ઈંડાં જોયાં. કોયલે બે ય ઇંડાં બહાર રેડવી દીધાં. નીચે પડી ઇંડાં ફૂટી ગયાં. પછી કોયલે પોતે બે ઇંડાં માળામાં મૂક્યાં. કાગડીનાં ઇંડાં જેવાં જ બે ઇંડાં મૂકી કોયલ ઊડી ગઈ.

કાગડી ચણીને આવતી'તી. ત્યાં કાંઈ સળવળાટ સાંભળ્યો. કાગડીના મનમાં ધ્રાસકો પડ્યો. મારાં ઇંડાં કોઈ ખાઈ તો નહિ ગયું હોય! ઝટ ઊડીને માળા આગળ આવી. ડાળે બેસી આસપાસ નજર ફેરવી. કોઈ પંખી ન જોયું. માળામાં ગઈ. અંદર બે ઇંડાં હતાં. કાગડીએ હાશકારો કર્યો. મનમાં નક્કી કર્યું કે હવે ભૂલેચૂકે ય માળો રેઢો ન મૂકું.

કાગડી તો ઇંડાં સેવે છે. આખો દિ' ને રાત ઇંડાં સેવે છે. પૂરી ચણ પણ ચણતી નથી. એનો જીવ તો માળામાં ને માળામાં જ. કાં તો માળામાં બેઠી ઇંડાં સેવ્યા કરે ને કાં તો ડાળે બેઠી માળાનું રખોપું કરે.

એમ કરતાં અષાડ વીત્યો ને શ્રાવણ આવ્યો. નાનાં ઇંડાં પાક્યાં ને મોટાં થયાં. ઇંડાં ઉપરની ફોતરી સુકાઇ જવા આવી. શ્રાવણ પણ ઊતરી જવા આવ્યો. ફોતરી સુકાઇને ખરવા લાગી.

એક દિ' કાગડીએ ચાંચ મારી ઇંડાં ફોડ્યાં. કાચલાં છૂટાં પડી ગયાં. અંદરથી બે નાનાં નાનાં, રાતાં રાતાં, કુણાં કુણાં, બચ્ચાં નીકળ્યાં. ન મળે પીંછાં કે ન મળે પાંખ. ચાંચ રાતી, પગ રાતા, ડીલ બધું રાતું રાતું.

કાગડી તો બચ્ચાં જોઇને રાજી રાજી થઇ ગઈ. પોતાનાં બચ્ચાં કોને ન ગમે? મોરનાં બચ્ચાં મોરને ગમે ને કાગડાનાં બચ્ચાં કાગડાને ગમે!

કાગડી ચણ ચણી આવે ને થોડી ચણ ચાંચમાં ભરી આવે. બચ્ચાંની ચાંચમાં ચાંચ ભરાવીને ખવડાવે. થોડા દિવસમાં બચ્ચાંની આંખ ઊઘડી. બચ્ચાં ચીં ચીં કરવા લાગ્યાં. બચ્ચાંને ધીમે ધીમે કાળાં કાળાં પીંછાં આવ્યા. રાતાં બચ્ચાં કાળાં થઇ ગયાં. પૂંછડી ઊગી ને પાંખ પણ ઊગી. ચાંચ પણ કાળી થઇ ગઈ. નાનાં નાનાં, કુણાં કુણાં, કાળાં કાળાં બચ્ચાં ચીંચીં ચીંચીં કરવા લાગ્યાં. કાગડીનો હરખ તો ક્યાંય માય નહિ.

અષાડ ઊતરી ભાદરવો આવ્યો. હવે તો બચ્ચાં કાગડી ઊડે તેમ ઊડવા લાગ્યાં. જરા ઊડે ને થાકી જાય. નજીકની ખાડમાં બેસે ને કાગડી ચણે એમ ચણે.

કાગડીની પાછળ બચ્ચાં ગામમાં જાય. ઊકરડે બેસી એંઠવાડ ખાય, જીવજંત ખાય. કાગડા તો લાળ ખાય, લીંટ ખાય, થૂંક ખાય,—જે મળે તે ખાય. ખાવાનું યે ખાય ને ન ખાવાનું યે ખાય.

ચીંચીં કરતાં બચ્ચાં હવે તો કુઊઊ કુઊઊ કરવા લાગ્યાં. કાગડી કા . . . કા . . . કરે ને બચ્ચાં કુ . . . કુ . . . કરે. કાગડીને લાગ્યું કે નક્કી આ તો કોયલનાં બચ્ચાં! કાગડી મૂંઝાઇ. કાગડી ગુસ્સે થઇ. કા . . કા . . . કરી કાગડાની નાત ભેગી કરી. બચ્ચાંને

નાત બહાર મૂક્યાં. ચાંચ મારીમારીને બચ્ચાંને કાઢી મૂક્યાં. બચ્ચાં ઊડીને આંબે જઇ બેઠાં.

કાગડી બિચારી સમસમી રહી. નક્કી કમજાત કોયલ છેતરી ગઇ! પોતે પ્રેમથી ઊછેરેલાં બચ્ચાં પોતાનાં મટી પારકાં થયાં. કાગડીએ નક્કી કર્યું કે હવે કોઇ દિ' માળો રેઢો ન મૂકું.

કાગડી છેતરાઇ ગઇને દુઃખી થઇ. કોયલ ફાવી ગઇ ને રાજી થઈ. કાગડી કા . . . કા . . . કરતી ઊડી ગઈ. બચ્ચાં આંબે બેસી કૂ . . . કૂ . . . કરવા લાગ્યાં.



વેણીલાલ બૂચ

બોલો મારૂં નામ શું?

રુમઝુમ રુમઝુમ
રમતી રમતી ચાલી જાઉં
દૂર દૂર ચાલી જાઉં
કોઈ નહિ ટોકે
કોણ મને રોકે?

નવા નવા દેશ જોઉં
નવાં નવાં ગામ જોઉં
નવાં નવાં માણસોની
નવી રીતભાત જોઉં.

રુમઝુમ રુમઝુમ
રમતી રમતી ચાલી જાઉં
દૂર દૂર ચાલી જાઉં.
કોઈ નહિ પૂછે
કોણ મને પૂછે?

દૂર અતિ દૂર, મારા
દાદાજીનાં ઓરડાં
ઊંચા ઊંચા પહાડમાંહી
ઊંડા ઊંડા ઓરડા.

ઓરડે ઓરડે રમતી'તી
દાદાજીને ગમતી'તી
ઝીણું ઝીણું ગાતી'તી
ખોળે ચઢી ખાતી'તી.

એક દિન એવો—
કેમ કહું કેવો?
મને જાણે એમ થયું
નવું જોવા મન થયું.

ઝટપટ ઝટપટ
દાદાજીની રજા લઇ
સર સર સર સર
ઊંચા ઊંચા પહાડ મૂકી
નીચે નીચે નીચે ગઇ.

વાંકીચૂંકી આડીઊભી
આમતેમ જેમ ફાવે તેમ
આગે આગે જતી ગઇ.

ધરણીમાની છાતીએથી
રસકસ પીતી ગઇ,
વાયુના સંભારની
સુગંધ રંગ લેતી ગઇ.

ઉષાના ઉજાસમાં હું
ઝળહળ થતી ગઇ,
સંધ્યાના ગુલાલમાં
હું લાલ લાલ થતી ગઇ.

આભમાંનો ચાંદો મારો
ભાલ ચોડી લેતી ગઇ
હીરે જડયા ઓઢણે હું
દેહને લપેટી ગઇ.

થાકયાપાકયા પ્રાણને
વિસામો ટાઢો દેતી ગઇ
સૂકા લૂખા જીવને
માધુરી મીઠી દેતી ગઈ.

લાંબા લાંબા બાહુ કરી
મેલ બધો ધોતી ગઇ,
ચિતાના અંગારામાંથી
ફૂલ સાથે લેતી ગઇ.

ખળખળ ખળભળ કરતી હું
કાંઠે કાંઠે ગામગામે
નામ મારૂં લખી ગઈ,
ફૂદી ફૂદી ફૂલી ફૂલી
મહાસાગરમાં ઢળી ગઈ.

બોલો મારૂં નામ શું?

રમણલાલ સોની




(૧) આરબોના મછવા—આર. સી. પટેલ મૉગળાસા, બીજું ઈનામ; (૨) માછીમાર; (૩) ખેડૂત—ચતુર્ભુજ વલ્લભદાસ ઘાટકોપર, ઉત્તેજના પારિતોષિક; (૪) ગોરીપૂજન—ત્ર્યંબક પટેલ વાંકાનેર, ત્રીજું ઈનામ.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ અંકનું પૂઠું જોયું? 'ઘર ભણી' એ નામના ભાઇ નૃસિંહ અ. પરમાર (મુંબાઇ) ના એ ફોટોચિત્રને પહેલું ઇનામ મળે છે. ગામડાની ગરીબ મુસ્લીમ બાળકી ઘરના કામમાં ટેકો મળે અને બચત થાય એવા ભાવે પોતાથી બનતી મજૂરી ઉઠાવી રહી છે. ગરીબીએ તેને ભણતર અને રમતના આનંદોથી વિમુખ રાખી હશે, છતાં પોતાનાં માતપિતાને સહાય આપતાં તેને કેવો આનંદ થતો હશે! નવીન ભાવ અને નવીન વિષયો નવીન દૃષ્ટિથી પકડવા સદા તત્પર હોય તેને આવાં અનેક ચિત્રો મળે છે. બીજું ઇનામ ભાઇ આર. સી. પટેલ (મૉગળાસા) નું 'આરબોના મછવા'નું દૃશ્ય લઇ જાય છે. કૅમેરાનો દૃષ્ટિકોણ બદલી ઘણી ઊંચાઇએ આવેલી જાળી વાળી બારીમાંથી નીચેનું મોટા તળાવ કે દરિયાની ખાડીનું સુંદર દૃશ્ય તેમણે ઝડપ્યું છે. ચિત્રવિષયમાં ઘણી વસ્તુઓનો સમાવેશ થતો હોવા છતાં જોનારને તે કુતૂહલ ઉપજાવે છે. વિષય અને ફોટોગ્રાફી બંને આકર્ષક છે. ભાઇ ત્ર્યંબક પટેલ (વાંકાનેર)નું 'ગોરીપૂજન' ચિત્ર ત્રીજા ઈનામને પાત્ર ઠર્યું છે

એક નવો નિયમ

'કુમાર'ની ફોટો હરીફાઇમાં આવેલાં ચિત્રોની નેગેટિવનો ઉપયોગ કરવા તંત્રી માગે ત્યારે નેગેટિવ મોકલવા હરીફ બંધાએલો છે. જો કે સાધારણ રીતે કામ પૂરું થયેથી નેગેટિવ તેના માલિકને પાછી મોકલાઇ જશે અને તે ચિત્રનો કૉપીરાઈટ તો હરીફનો જ ગણાશે.



તેમાં ચોગાનમાં રંગોળી પૂરતી બાળાને કામ કરતી આબાદ ઉતારી છે. છતાં કોઇ ઊંચી જગ્યા ઉપરથી કૅમેરાને નીચે તાકતો રાખી ચિત્ર લીધું હોત તો આકાશ ચિત્રમાં આવત જ નહિ અને બૅકગ્રાઉન્ડ સાદી બનતાં પાત્રને વધુ ઉઠાવ મળી રહેત. આવા વિષયને લગતું અમદાવાદના ભાઈ નટવરલાલ ગોરધનદાસ પરીખનું પણ એક ચિત્ર છે. પરંતુ તેમણે એકીસાથે બહુ પાત્રોવાળી અને ગૂંચવણભરી અસ્પષ્ટ છબી લીધી હોવાથી

ચિત્રમયતાનો તેમાં અભાવ આવ્યો છે. ભાઇ ચતુર્ભુજ વલ્લભદાસ (ઘાટકોપર) નું 'ખેડૂત' નું ચિત્ર વિષય તરીકે સારૂં છે, પરંતુ સંયોજનકલામાં તે ઊતરતું હોવાથી તેને ફક્ત ઉત્તેજના પારિતોષિક મળે છે. ચિત્રમાં પાત્ર કે દશ્ય કોને પ્રાધાન્ય આપવું તેનો નિર્ણય લેનાર કરી શકયા નથી અને તેથી એ ચિત્ર નિષ્ફળ થયું છે.


નોંધપાત્ર ઠરેલાં ચિત્રોમાં આગળ તરી આવતું 'માછીમાર'-નું ચિત્ર મોકલનાર ભાઇએ ચિત્રની પાછળ પોતાનું નામઠામ કે ચિત્રનું નામ પણ લખેલું નથી. (જુઓ આ સાથે છાપેલાં ચિત્રોમાં નં ૨) વિષયને અનુરૂપ બૅકગ્રાઉન્ડમાં સુંદર અને આકર્ષક દરિયાકાંઠે, તસતસતા શરીરસ્નાયુવાળો માછીમાર પાત્ર તેમ પ્રસંગ પ્રમાણે સારો વિષય છે. પરંતુ માછીમાર જાણે કૅમેરાની સામે છબી પડાવવા ઊભો હોય તેમ ઊભો ઊભો હસે છે એથી ચિત્ર માર્યું જાય છે. ભરૂચના ભાઇ કનૈયાલાલ કાપડીઆએ નર્મદા નદી ઉપર બંધાતા નવા રેલવે પૂલનો ફોટોગ્રાફ હરીફાઈમાં મોકલ્યો છે. ફોટોગ્રાફ જરા નબળો છે, પણ એ ભાઇએ નવીન દિશામાં દૃષ્ટિ દોડાવી છે. તેમણે નવા બંધાતા પૂલની જુદીજુદી વિકાસ પામતી ઘટના પ્રમાણે પહેલેથી છેલ્લે સુધીના ફોટોગ્રાફો લઇને સારો સંગ્રહ કરવો જોઇએ. પૂલ તૈયાર થઈ ગયા પછી તે સંગ્રહ એક અગત્યનો ઈતિહાસ ગણાય. ભાઈ શંકરલાલ પટેલ (વડોદરા) ના 'પરબ'નાં પાત્રો ચિત્રના અરધા ત્રાંસમાં જ સમાઈ જાય છે, એ રચના-નિયમમાં મોટી ખોડ ગણાય. ચિત્રસ્વરૂપમાં પાત્રોના પોષાક અકૃત્રિમ જીવન દર્શાવનારા હોવા જોઇએ. ભાઇ મોતીલાલ દરજી (વડનગર) એ પાડેલાં 'નાગધરો' એ મૃત્યુ સમાધિનાં સ્મારકો છે. આવાં સ્થાનોનો સંગ્રહ ઍમેચ્યોર્સને હાથે હમેશાં થતો જ રહેવો જોઇએ. અલબત્ત એટલાથી તેની ગણના ચિત્રમાં ન થાય. રંજન, રચના અને આકર્ષણ ભેગાં હોય ત્યારે જ ચિત્ર બન્યું ગણાય. ભાઇ રણજીત કાપડીઆ (મુંબાઇ) 'તોફાનની આગાહી' માં, વિષયનો પૂરો ઉપયોગ ન કરી શકવાથી ફોટો-ચિત્ર ઉપજાવવામાં નિષ્ફળ નીવડયા છે. ઝાડ તથા તોફાની આકાશ આ બે તત્ત્વોથી તો અનેક સુંદર ચિત્રો ઉપજાવી શકાય. 'પોર્ચુગીઝ ફૉર્ટફૅન્ડ'નું ચિત્ર ઉતારનાર ભાઇ આર. સી. પટેલ (મૉમ્બાસા) વિષયની રચનામાં સ્થાનિક માનવપાત્રો લાવી શકયા હોત તો ચિત્રનું આકર્ષણ વધે. **બલવન્ત ભટ્ટ**

ધ્યાનમાં રાખવા જેવું

કોઇ ચિત્રનું એન્લાર્જમેન્ટ કે પ્રિન્ટ કાઢતાં પહેલાં કે પછી, તે ચિત્રનો કેટલો ભાગ સાચું ચિત્ર ઉપજાવે છે તે શોધી કાઢી બાકીનો નકામો ભાગ કાપી નાખવાની શક્તિ હોવી એ પરમ 'કળા' છે; તેને art of trimming કહે છે. અમે જોયું છે કે હરીફાઇમાં આવતાં ઘણાં સારાં ચિત્રો આ કળાને અભાવે પાછળ રહી જાય છે. ધ્યાનમાં રાખજો.

સ્વાસ્થ્ય · શક્તિ · સૌન્દર્ય

ગૂજરાતીઓ વ્યાયામ કરે છે, પણ પરપ્રાન્તીઓની પેઠે નહિ. આખા દહાડાનો થાકયોપાકયો મજૂર, દુકાને કંટાળી ગએલો વેપારી કે રાજદરબારી નોકરીધંધામાં રચ્યોપચ્યો રહેનાર અધિકારી—આ બધા ય જો મહારાષ્ટ્ર, પંજાબ કે યુક્તપ્રાંતના વાસી હોય તો સાંજે લંગોટ બાંધી થોડોઘણો પણ વ્યાયામ કરનારા. ભલે પછી તે 'પહેલવાની તોર'થી કરે. જ્યારે ગુજરાતી? પુરાણી ભાઇઓના કે વડોદરાના મહારાષ્ટ્રીય મંડળની છાયામાં વ્યાયામ શીખે નિશાળમાં હોય ત્યારે નિશાળ છોડયે નવ દહાડા થાય કે વ્યાયામનો શોખ ઘસાતો જાય. સારા નસીબે શાળા પાઠશાળામાં આજીવિકા સ્વીકારે તો વળી લાંબું નભે; બાકી જો ધંધે વળગે તો એ વ્યાયામ અને એ લંગોટને હમેશના નમસ્કાર. આ પરિસ્થિતિમાં કોઈ ધંધાદારી છતાં વ્યાયામનો શોખ ચાલુ રાખે તો એટલાં સદ્ભાગ્ય. ભાઈ ફોજાલાલ જોગાણી આવા ભાગ્યશાળી ગૂજરાતી જુવાન છે. ધંધો ખાંડ, પજરાં, અનાજ, ઘી વગેરેની દુકાન. પણ સવાર સાંજે ફાજલ વખત મળે કે વ્યાયામ દેવની ઉપાસના. શરીરનું સ્વાસ્થ્ય પૂર્ણ સચવાય એ ધ્યેય. જાડા પાડા જેવા થવાની કે ગોટલાવાળી ગોળમટોળ કાયા કરવાની ચિંતા જ નહિ. સાંજે એકાદ સાર્વજનિક અખાડો ચલવે. જાતે નિષ્ણાત થવા કાઠીઆવાડ વ્યાયામવર્ગની ત્રણ વર્ષની તાલીમ લે. ઉમર ૨૪ વર્ષ; ઊંચાઈ ૫″–૩″ વજન ૧૨૮; ચિત્રમાં પેટના તેમજ ખભા પરના સ્નાયુઓ દેખાડવાનો પ્રયત્ન છે. બીજો હાથ જરા બેડોળ દેખાય છે. ગરદનનો ભરાવો પણ આ ખભાના ખેંચાણને જ આભારી છે. દંડ બેઠક અને કુસ્તીના સામાન્ય સેવનથી પણ શરીર સબલ બની શકે છે તેનો આ અનુકરણીય દૃષ્ટાન્ત છે.



'કુમાર'માં સ્વા. શ. સૌ.નો આ વિભાગ કાઢ્યે આજે વર્ષો થયાં. શરૂઆતમાં યુવાનોનો ઠીક ઉત્સાહ હતો. એકાદ ઘરડા જુવાન પણ આવ્યા હતા. પાછળથી ઉત્સાહ નરમ પડ્યો. કે પછી અખાડા તો બંધ થતા નથીને! અગર વ્યાયામપ્રેમીઓમાં આ વિભાગ પ્રત્યે વિરાગ તો નથી થયોને? હમણાં હમણાં બહુ ચિત્રો આવતાં નથી.

આ વિભાગમાં ચર્ચા થાય છે; કેવળ દોષદર્શન માટે નહિ. પણ વ્યાયામના સપ્રમાણ સેવનથી આખું શરીર ઘડાવું જોઇએ એનું મહત્ત્વ સમજાવવા પૂરતું. એટલે કદાચ ક્યાંક કઠોરતા લાગે તો તે જરા વધારે ધ્યાનથી વ્યાયામ કરવાની સૂચના પૂરતી જ. વળી જેઓ પોતાનાં ચિત્રો મોકલે છે તેમને એક વાત કહી લઉં. શા માટે લગભગ બધા ય કેડથી ઉપરના ભાગ પૂરતી છબી પડાવે છે? ભાગ્યે જ કોઈ પગની સાથે આખું શરીર દેખાડવા પ્રયત્ન કરે છે. આનું કારણ? એમ તો નથી જ કે કેડ નીચેના ભાગ કરતાં ઉપરના ભાગો જલદી ને સરળતાથી કેળવાય છે. વાસ્તવિક તો સાથળ જેટલી જલદી કેળવાય છે તેટલી ભુજા કેળવાતી નથી; અને છાતીના સ્નાયુઓ કેળવવા એ તો મહેનતની પરાકાષ્ટા જ છે. આનું ખરું કારણ તો એ છે કે આપણે ઘણાખરા દેશી પદ્ધતિનો વ્યાયામ— દંડ બેઠક અને મલખમ કે કુસ્તી કરનાર છીએ. દંડથી છાતીના સ્નાયુઓ જલદી અને એકાન્તિક જ રીતે કેળવાય છે. સાથે સાથે ખભા પણ કેળવાય. એટલે છાતી કહાડીને ચાલવાની ટેવ પડે અને ચિત્ર પણ તેવું જ લેવાય. બેઠક સાધારણ કરે એટલે પગ ક્યાંથી કેળવાય? પણ સુસંહત શરીરની ચાવી તો પગ છે. પગની ખીલવટ ઉપર આખા શરીરના સમતોલપણાનો આધાર છે. ચર્ચા ચિત્રો મોકલનાર આખા શરીરનું ચિત્ર મોકલે તો આ વિભાગનો પૂરેપૂરો અર્થ સચવાય

હરિનારાયણ આચાર્ય

મૅટ્રિક પછીનું માર્ગદર્શન

મૅટ્રિક થયા પછી સૌકોઇનું ધ્યાન સાધારણ રીતે કૉલેજ તરફ વળે છે. કૉલેજમાં પ્રવેશ ન મળે તો અગર કૉલેજમાં જવા જેટલી આર્થિક સગવડ ન હોય તો બીજું કઇ કઇ જાતનું શિક્ષણ લઇ શકાય છે તેનું માર્ગદર્શન કરાવતી માહિતી નીચે આપી છે:

(૧) એકાઉન્ટન્સી—આ વિષયનું શિક્ષણ, સિડનહામ કૉલેજ ઑફ કૉમર્સ તથા દાવર્સ કૉલેજ ઑફ કૉમર્સ તેમજ બીજી મુંબઈમાં તથા ઇલાકાનાં મોટાં શહેરોમાં આ જાતની શિક્ષણસંસ્થાઓ હોય છે તેની મારફત મળી શકે છે. જેમને રજિસ્ટર્ડ એકાઉન્ટન્ટ્સ તરીકે કામ કરવું હોય તેમની પરીક્ષા દિલ્હી અથવા સીમલામાં ગવર્મેન્ટ બોર્ડ ઑફ એકાઉન્ટન્સી મારફત લેવાય છે.

(૨) અભિનયકલા—આને માટે જુદી શિક્ષણસંસ્થાઓ સ્થપાઇ નથી. પરંતુ જેમને આ ધંધામાં પડવું હોય તેમણે કોઇપણ ફિલ્મ કંપનીમાં દાખલ થવું.

(૩) એક્ચ્યુઅરીનું શાસ્ત્ર (જન્મમરણ અને વીમાનું ગણિતશાસ્ત્ર)—આ ક્ષેત્રમાં કામ કરવા માટે હિંદી યુવાનોને સારૂ પુષ્કળ સ્થાન છે. હિંદમાં આ ક્ષેત્રમાં કામ કરવા પૂરતી લાયકાત મેળવવા માટે લંડનની ઇન્સ્ટીટ્યુટ ઑફ ઍક્ચ્યુઅરીઝની પરીક્ષા પાસ કરી હોય તો ચાલી શકે છે.

(૪) જાહેરાત—આ ધંધાનું શિક્ષણ આપનારી પણ કોઈ સંસ્થા હિંદમાં નથી, પરંતુ ઇન્ટરનૅશનલ કૉરસ્પૉન્ડન્સ સ્કૂલ લિમિટેડ (કિંગ્ઝ વે લંડન ડબ્લ્યુ. સી.૨'. મારફત પત્રવ્યવહારથી જાહેરખબરો લખવાનું શાસ્ત્ર શીખી શકાય છે અને તેની પરીક્ષા ઇન્કૉર્પોરેટેડ સોસાએટી ઑફ એડવર્ટાઇઝિંગ કન્સલ્ટંટ્સ નામની સંસ્થા મારફત લેવાય છે.

(૫) શિલ્પકલા—સર જે.જે. સ્કૂલ ઑફ આર્ટ્સ મુંબાઇ અને વડોદરા કલાભવનમાં શિલ્પશાસ્ત્રનું ઉત્તમ પ્રકારનું શિક્ષણ મળે છે. વિલાયતની રૉયલ ઇન્સ્ટીટ્યૂટ ઑફ બ્રિટિશ આર્કિટેક્ટ્સ, ૯, કૉન્ડવિટ સ્ટ્રીટ લંડન, આ શાસ્ત્રના શિક્ષણ માટે સૌથી ઉત્તમ છે.

(૬) લશ્કરી નોકરી—લશ્કરી નોકરીને માટે દહેરાદુનમાં રૉયલ મિલિટરી ઍકેડેમી તેમજ પ્રિન્સ ઑફ વેલ્સ રૉયલ ઇન્ડિયન મિલિટરી કૉલેજમાં શિક્ષણ મળી શકે છે. આ સંસ્થાઓમાં પાસ થએલાઓને સરકારી નોકરી તરત મળી શકે છે.

(૭) કલા—(ચિત્રકલા, શિલ્પકલા અને બીજી હાથ કારીગરી) આ જાતનું શિક્ષણ નીચેની સંસ્થાઓમાં મળી શકે છે: સર જે.જે. સ્કૂલ ઑફ આર્ટ્સ મુંબાઇ; શાંતિનિકેતન–બોલપુર (બંગાલ); પોલીટૅકનિક ઇન્સ્ટીટ્યટ, લશ્કર–ગ્વાલિયર; ગવર્મેન્ટ સ્કૂલ ઑફ આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ મદ્રાસ, લખનૌ તથા જયપુર; પ્રેમ મહાવિદ્યાલય વૃન્દાવન; મેયો સ્કૂલ ઑફ આર્ટ્સ લાહોર;

ટૅકનૅલૉજિકલ ઇન્સ્ટીટ્યુટ વડોદરા; અને ઓરીએન્ટલ સ્કૂલ ઑફ આર્ટ્સ કલકત્તા. આ ઉપરાંત જુદેજુદે ઠેકાણે આ જાતની નાની સંસ્થાઓ પણ હોય છે.

(૮) વિમાનવિદ્યા—આ વિષયનું બી. લાઇસન્સ દિલ્હી ફ્લાઇંગ કલબમાંથી મેળવી શકાય છે. હવે પછી મુંબાઇમાં પણ આ જાતની ગોઠવણ થવાની છે.

(૯) લીલામવાળા—આ વિષયનું શિક્ષણ આપનારી સંસ્થા હિંદમાં નથી. વિલાયતમાં ઑાકશનીઅર્સ અન્ડ ઍસ્ટેટ એજન્ટ્સ, ૨૯, લિંકન ફીલ્ડ્સ લંડન ડબ્લ્યુ.સી.૨ નામની સંસ્થા છે. એકાદ લીલામવાળાને ત્યાં કે એસ્ટેટની દલાલી કરનારની પાસે ઉમેદવારી કરવાથી પણ કામ શીખી શકાય છે.

(૧૦) લેખનકામ—હિંદમાં લેખક બનવા માટે કોઇપણ સંસ્થા નથી. ઇંગ્લંડમાં લંડન યુનિવર્સિટી લેખનકળાની ડિગ્રી તેમજ ડીપ્લોમા આપે છે. લેખનકળા શીખવા માટે વિલાયત જવું ન પરવડે તે એકાદ દૈનિક કે સાપ્તાહિક પત્રમાં દાખલ થઇને પણ કામ શીખી શકે.

(૧૧) બૅંકિંગ—મુંબાઇમાં ઇન્સ્ટીટયૂટ ઑાફ બૅંકર્સ મારફત આ પરીક્ષા થાય છે. ઇન્સ્ટીટયૂટ ઑાફ બૅંકર્સ, ૫, બિશપ ગેટ, લંડન ઇ સી.૨. તરફથી પણ એક પરીક્ષા લેવાય છે. ઇમ્પીરીઅલ બૅંક ઑાફ ઇન્ડિયા કોઇ કોઇવાર ઉમેદવારો તરીકે દાખલ થવું હોય તેને લે છે અને પછી લાયકાત આવ્યે રીતસર નોકરી આપે છે. એકાઉન્ટન્સીનું શિક્ષણ આપનારી કોઇકોઇ સંસ્થાઓ આ વિષયનું પણ શિક્ષણ આપે છે.

(૧૨) દંતવૈદ્ય—કલકત્તાની ડેન્ટલ કૉલેજ ઍન્ડ હોસ્પિટલ ૨૨, બાઉબજાર સ્ટ્રીટ; કરાચીની અમેરિકન ડેન્ટલ કૉલેજ અને લાહોરની ડેન્ટલ ઍન્ડ ઑપ્ટિકલ કૉલેજ—નૅસ્બિટ રોડમાં દાંતનું કામ શીખી શકાય છે. આ શાસ્ત્રનું ઉત્તમ શિક્ષણ અમેરિકાની યુનિવર્સિટીમાં મળી શકે છે. ત્યાંનો અભ્યાસક્રમ ચાર વર્ષનો હોય છે.

(૧૩) ઇલેક્ટ્રિકલ અને મિકૅનિકલ એન્જિનીઅરિંગ—કૉલેજ ઑાફ એન્જિનીઅરિંગ બૅંગલોર, મૅકલૅગન એન્જિનીઅરિંગ કૉલેજ લાહોર, બનારસ હિન્દુ યુનિવર્સિટી, વડોદરાનું કલાભવન, વિક્ટોરિયા જ્યૂબિલિ ટેકનિકલ ઇન્સ્ટીટયૂટ મુંબાઇ, અને ગવર્નમેન્ટ એન્જિનીઅરિંગ કૉલેજ નાગપુર, તેમજ પુનાની સરકારી એન્જિનીઅરિંગ કૉલેજમાં આ વિષયનું શિક્ષણ મળી શકે છે.

(૧૪) કેમિકલ એન્જિનીઅરિંગ—કૉલેજ ઑાફ એન્જિનીઅરિંગ ઍન્ડ ટૅકનૉલૉજી જાદવપુર, ચોવીસ પરગણા બંગાલમાં પાંચ વર્ષનો અભ્યાસક્રમ છે.

(૧૫) સિવિલ એન્જિનીઅરિંગ—પૂના અને કરાચીની તેમજ પંજાબમાં રૂડકીની એન્જિનીયરિંગ કૉલેજમાં આ વિષયને લગતું શિક્ષણ મળી શકે છે.

(૧૬) જંગલશાસ્ત્ર—ઇમ્પીરીઅલ ફૉરેસ્ટ કૉલેજ દહેરાદુન, મદ્રાસ ફૉરેસ્ટ કૉલેજ કોઇમ્બતૂર અને સ્કૂલ ઑાફ ફૉરેસ્ટ્રી રંગૂનમાં જંગલશાસ્ત્રનું શિક્ષણ મળે છે.

(૧૭) વીમાશાસ્ત્ર—ચાર્ટર્ડ ઇન્શુરન્સ ઇન્સ્ટીટ્યૂટ ઑાફ લંડન તરફથી ડીપ્લોમા મળે છે અને તેની પરીક્ષા મુંબઈમાં લેવાય છે. આ વિષયને લગતું શિક્ષણ પત્રવ્યવહારથી મેળવવું હોય તો દાવર્સ કૉલેજ ઑાફ કૉમર્સ મુંબઇ, બાટલીબોઇઝ એકાઉન્ટસી ટ્રેનિંગ ઇન્સ્ટીટયૂટ મુંબાઇ અને ઇન્શુરન્સ કૉલેજ કલકત્તા મારફત મેળવાય છે.

(૧૮) પુસ્તકાલય વ્યવસ્થા—પંજાબ યુનિવર્સિટી લાયબ્રેરી લાહોર, મદ્રાસ લાયબ્રેરી એસોસિએશન, સમરટર સ્કૂલ ઍન્ડ લાયબ્રેરી ડિપાર્ટમૅન્ટ વડોદરા મારફત આ શિક્ષણ મળી શકે છે, પરંતુ ફક્ત ડિગ્રી ધરાવનારાઓને માટે જ આ સંસ્થાઓ ખુલ્લી છે.

(૧૯) વહાણવટું—ઇન્ડિયન મર્કન્ટાઇલ મરીન ટ્રેનિંગ શિપ ડફરિનમાં દર વર્ષે થોડાક ઉમેદવારોને વહેપારી વહાણવટાને લગતો અભ્યાસ કરાવે છે.

(૨૦) ફોટોગ્રાફી—ઇન્ડિયન આર્ટ સ્કૂલ બાઉબજાર સ્ટ્રીટ કલકત્તા, વડોદરા કલાભવન અને ગવર્નમૅન્ટ સ્કૂલ ઑાફ આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ લખનૌ મારફત આ વિષયનું શિક્ષણ મળે છે. પરંતુ ન્યૂયૉર્ક ઇન્સ્ટીટયૂટ ઑાફ ફોટોગ્રાફી આ શિક્ષણને માટે સૌથી સારી સંસ્થા ગણી શકાય અને ત્યાં ફોટોગ્રાફી ઉપરાંત સિનેમેટોગ્રાફને લગતું શિક્ષણ પણ લઇ શકાય છે.

(૨૧) રેડીઓ એન્જિનીઅરિંગ—આર. સી. એ. ઇન્સ્ટીટયૂટ ન્યૂ યૉર્ક અને શિકાગો આ વિષયનું ઉત્તમ શિક્ષણ આપે છે. હિંદુસ્તાનની જુદીજુદી સીનેમા ફિલ્મ કંપનીમાં ઉમેદવારી કરવાથી પણ આ વિષયનું પ્રત્યક્ષ શિક્ષણ મળી શકે છે.

('સકાળ' સાપ્તાહિકમાંથી) **વેણીલાલ બૂચ**



મધુકરી

તરણાની છાયા હેઠે કાયા ઢંકાય તારી
આભનાં આભૂષણ તોયે ઓછાં પડે રે જી;
બ્રહ્માંડ ભરીને પોઢ્યાં, કીકીમાં માશો શેણે?
જોવા તો યે લોચનિયાં ઘેલાં રહે રે હો જી;
ગગન ઘેરીને આજે દર્શન વરસો રે વ્હાલા!
ઉરે ઝૂરે રે મારો પ્રાણબપૈયો રે હો જી. —ઉમાશંકર જોષી

સર સોરાબજી પોચખાનાવાળા

પરદેશોની અને ખાસ કરીને અમેરિકાની તવારીખો વાંચતાં સ્વપરાક્રમથી સમાજની નીચામાં નીચી કક્ષાએથી ઊંચામાં ઊંચી કક્ષાએ પહોંચેલી ઘણી વ્યક્તિઓનો પરિચય થાય છે. આમવર્ગની દરેક વ્યક્તિને તેમની પ્રગતિ સાધવા માટે સંપૂર્ણ છૂટ મળે, વચમાં આવતી–નડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે મદદ મળે, તો તે વર્ગમાંથી ઘણી યે મહાન વ્યક્તિઓ પેદા થાય. અઢારમા સૈકામાં દુનિયાભરમાં રાજાશાહી પ્રવર્તી રહી હતી એ જમાનામાં સ્વતંત્રતાની બાંગ પોકારવાની પહેલ ધાર્મિક સ્વતંત્રતા માટેની સ્વેચ્છાએ દેશવટો લેનારી અમેરિકાની પ્રજાએ કરી. જીવનનાં ઘણાં ક્ષેત્રો સાહસિકો માટે ખુલ્લાં મૂકાયાં. પરિણામે આપણે કાર્નેગી, ફૉર્ડ, રૉકફેલર, લિંકન, વૉશિંગ્ટન વગેરેનાં નામ સાંભળીએ છીએ. ત્યાં ગરીબમાં ગરીબ માબાપનાં છોકરાં, સ્વતંત્ર વાતાવરણને લીધે, મજૂરની કોટડીમાંથી કે ગાંધીની દુકાનમાંથી આગળ વધી સ્વપરાક્રમથી દુનિયાના એક મહારાજ્યની લગામ હાથમાં લે છે, કે કલ્પના પણ ન પહોંચે એટલી અઢળક સંપત્તિનો માલિક બને છે. કાર્નેગી અને રૉકફેલરનાં જીવન વાંચનારને માલૂમ પડશે કે નજર સામે એક નેમ રાખી આગળ વધવાથી ખંતીલો અને ટેકીલો માણસ શું પ્રાપ્ત કરી શકે છે.

આપણે ત્યાં પણ જીવનનાં જુદાંજુદાં ક્ષેત્રોમાં, સમાજની નીચેની કક્ષાએથી સ્વપરાક્રમથી આગળ વધી શ્રેષ્ઠતાની સ્થિતિએ પહોંચનાર ઘણી વ્યક્તિઓ થઈ ગઇ છે, અને ઘણી આજે જીવંત છે. સેન્ટ્રલ બૅંક ઑફ ઇન્ડિયાના સર્જક અને પરદેશી બૅંકોની તીવ્ર હરીફાઇની જ્વાળામાંથી સંપૂર્ણ રીતે સહીસલામત બહાર આવનાર સોરાબજી ન. પોચખાનાવાળા એવી જ એક વ્યક્તિ છે. તેમનો જન્મ ઇ. ૧૮૮૧માં થયો હતો. મૅટ્રિકની પરીક્ષા પસાર કરી તેઓ સેન્ટ ઝેવીઅર્સ કૉલેજમાં દાખલ થયા. પ્રથમ વર્ષમાં તેઓ પાસ થયા અને અભ્યાસ અટક્યો.

૧૭ વર્ષની ઉમરે ચાર્ટર્ડ બૅંકમાં ૨૦ રૂપિયાના પગારથી તે કારકૂન તરીકે જોડાયા. આમાં તેમના મોટા ભાઇ અને કાકા તથા બીજા ઓળખીતાઓ કામ કરતા હતા. એમના કુટુંબના લગભગ બધા જ માણસો જુદીજુદી બૅંકોમાં કામ કરતા.

સોરાબજી ઘણો ઉત્સાહી અને મહેનતુ જુવાન હતો. વીસ રૂપિયાની નોકરી અને પોતાના કામથી તેને સંતોષ ન હતો. પોતાનું કામ કરતાંકરતાં તેણે બૅંક અંગેનાં બીજાં બધાં કામકાજનો પણ અભ્યાસ કરવા માંડ્યો. જે દિવસોમાં ધંધાદારી શિક્ષણનું નામ કોઇએ સાંભળ્યું ન હતું તે દિવસોમાં સોરાબજીએ ટપાલ મારફતે લંડનની એક સંસ્થા પાસેથી બૅંકિંગ અંગેનું શિક્ષણ લેવા માંડ્યું અને તેમણે પહેલી પરીક્ષા પસાર કરી. લંડનની એ સંસ્થા દરેક સફળ ઉમેદવારને પાંચ પાઉંડનું ઈનામ આપતી, પણ સોરાબજી હિંદી હોવાથી તેને તે ઇનામ ન મળ્યું! બૅંકે તેનો પગાર પણ વધાર્યો નહિ.

એના ભાઇ તથા કાકા બૅંકમાં સારો હોદ્દો ધરાવતા હતા, અને મૅનેજર સાથે તેમને સારો સંબંધ હતો. તેનો લાભ સોરાબજીએ પોતાની જ્ઞાનપિપાસા સંતોષવામાં લીધો. સોરાબજી પોતાના કામકાજ અંગેનો પુષ્કળ અભ્યાસ કરતો હતો તેથી બીજાઓ તેની મશ્કરી કરતા અને કહેતા કે બૅંકિંગનું કામકાજ શીખવા માટે ચોપડીઓ વાંચવાની ન હોય. એ તો કામ કરતાંકરતાં જ આવડી જાય. આ સલાહ સોરાબજીને ગળે ન ઊતરી.

સાત વરસ ગયાં. એ સાત વરસ સુધી તેણે એકધારો અભ્યાસ કર્યો, અને તેને ૭૫ રૂપિયાના પગારની મુખ્ય કલાર્કની જગ્યા આપવામાં આવી. તે જમાનામાં આ પગાર બહુ મોટો હતો. પણ સોરાબજીની મહત્ત્વાકાંક્ષા એથી પણ મોટી હતી.

આ અરસામાં બૅંક ઑફ ઇન્ડિયાની સ્થાપના થઈ. સોરાબજીએ તેમાં આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટની જગ્યા માટે અરજી કરી. સર શાપુરજી ભરૂચા અને શેઠ વીસનજી ખીમજીના

પ્રયાસથી તેમને રૂપિયા દોઢસોના પગારથી એ જગ્યા મળી.

ઇન્ડિયા બૅંકમાં પોતાની શક્તિનો ઉપયોગ કરવાની સોરાબજીને સુંદર તક મળી. બૅંક માટે યોગ્ય મૅનેજર તપાસ કરવા છતાં ન મળ્યા. બે અંગ્રેજો મૅનેજર તરીકે આવ્યા, પણ તે બહુ ટક્યા નહિ ને થોડા દિવસમાં ચાલ્યા ગયા. બૅંકનું બધું જ કામકાજ તથા બધાં ખાતાની વ્યવસ્થા સોરાબજીને કરવાની હતી. ૨૪-૨૫ વરસના આ જુવાને તે કામ લગભગ ચાર મહિના સુધી સફળતાપૂર્વક કર્યું.

આ બધાં કામકાજ દરમિયાન એનો અભ્યાસ તો ચાલુ જ હતો. લંડનની બૅંકર્સ ઇન્સ્ટીટ્યૂટની છેલ્લી પરીક્ષા તેમણે પસાર કરી. આ પરીક્ષા પસાર કરનાર આ પહેલા હિંદી હતા. આ સફળતાથી તેમનો ઉત્સાહ વધ્યો અને બૅંકની વ્યવસ્થા કરવામાં મળેલી સફળતાથી આત્મવિશ્વાસ પણ વધ્યો.

આ અરસામાં ઇન્ડિયા બૅંકના મૅનેજર તરીકે મિ. સ્ટ્રીંગફેલોની વરણી થઈ. સોરાબજીને મૂળથી જ ખૂંચતું હતું કે બૅંકના મૅનેજર થવા માટે હિંદીને શા માટે યોગ્ય ગણવામાં નથી આવતો. સોરાબજીની એ મહત્ત્વાકાંક્ષા હતી. આ વરસો દરમ્યાન બીજી કેટલીક હિંદી બૅંકો ઊભી થઈ. તેમાં પણ મૅનેજર થવા માટે તેણે અરજીઓ કરી જોઇ પણ તે બધી નામંજૂર થઈ.

સોરાબજીનો આદર્શ ઊંચો હતો. એકલા સ્વાર્થથી પ્રેરાઇને તેઓ વિચાર નહોતા કરતા. તેમનામાં સ્વદેશાભિમાન ભારોભાર ભરેલું હતું. પરદેશીઓ જ બૅંકની વ્યવસ્થા કરી શકે અને હિંદીઓ ન કરી શકે એ વસ્તુ સ્વીકારવા એ તૈયાર ન હતા. એમનો આદર્શ એ બતાવી આપવા માગતો હતો કે ફક્ત હિંદીઓની જ બનેલી હિંદી બૅંક પરદેશીઓથી ચાલતી બૅંક જેટલું જ બલ્કે તેથી પણ સુંદર કામ કરી શકે છે.

સોરાબજીમાં આ વિચાર પણ જન્મ્યો. હવે તેને મૂર્ત સ્વરૂપ આપવા પ્રયત્ન કરવા માંડયો. ઇન્ડિયા બૅંકમાં આવતા જતા વેપારીઓ, શ્રીમંતો અને મિત્રોને પોતાનો વિચાર તે જણાવવા લાગ્યા. કેટલાકે વખાણ્યો, ઘણાએ હસી કાઢયો. પણ આથી સોરાબજી નિરાશ થાય એમ નહોતું.

ચારે તરફ નિરાશાનું વાતાવરણ હતું, કોઇ હાથ પકડે એમ નહોતું, છતાં આ જુવાન પારસીમાં તેની કોમનું મૂળ ખમીર હજુ મોજુદ હતું. તેણે પ્રયત્ન ચાલુ રાખ્યો. કલ્યાણજી વર્ધમાન જેટસી નામના રૂના એક આગેવાન વેપારીએ નાણાંની મદદ કરવા હા પાડી. વધુમાં ઈસ્ટર્ન બૅંકના મુખ્ય મુનીમ સોરાબજી વીકાજી તેમની સાથે જોડાયા અને નવી બૅંકમાં ચીફ કૅશિયર થવા તૈયાર થયા.

આ જોડીને વખતસર મદદ કરનાર અને ઉત્સાહ આપનાર મુંબાઇના બાદશાહ અને હિંદના તે વખતના આગેવાન નરસિંહ ફિરોજશાહ મહેતા હતા. ફિરોજશાહે એ નવી બૅંકની આખી યે યોજના તપાસી અને સોરાબજીને ધન્યવાદ આપ્યો તથા બૅંકના બોર્ડ ઑફ ડિરેક્ટરના ચેરમેન થવાનું કબૂલ્યું. પણ એક શરત મૂકી કે બૅંકનો બધો કબજો ડિરેક્ટરોના હાથમાં રહેશે. મૅનેજરનો તેમાં કાંઇ હિસ્સો રહેશે નહિ. ફિરોજશાહની કુમક મળ્યા પછી કામ વીજળીવેગે આગળ વધ્યું અને બોર્ડ ઑફ ડિરેક્ટર્સ નીમાયું. પોચખાનાવાલા મૅનેજર બન્યા. પણ બૅંકની શરૂઆત કરે ત્યાં જ બૅંક ઑફ બર્મા બંધ પડી અને વ્યાપારી જગતમાં અવિશ્વાસ પેદા થયો. પરિણામે નવી બૅંકની સ્થાપના અટકી પણ થોડા જ મહિનામાં વાતાવરણ શાંત પડતાં ૧૯૧૧ની ૧૧મી ડિસેમ્બરે સેન્ટ્રલ બૅંકની સ્થાપના થઇ.

૧૯૧૨ની અધવચમાં આ બૅંકે પોતાનું કામકાજ શરૂ કર્યું. મૂડી બધી હિંદમાંથી મેળવવામાં આવી હતી અને બૅંકના વહીવટદારો, કારકૂનો વગેરે પણ હિંદીઓ જ હતા. શ્રી પોચખાનાવાળા પોતાની સાથે પોતાના ત્રણ સાથીઓને ઇન્ડિયા બૅંકમાંથી લેતા આવ્યા, અને આજે તેઓ સેંટ્રલ બૅંકમાં મોટા હોદ્દા ભોગવે છે. આમ આ સાહસિક પારસી જુવાને દેશના નાણાંવ્યવહારના બજારમાં હિંમતથી ઝંપલાવ્યું.

નાણાંવ્યવહાર એ બહુ અટપટી વસ્તુ છે. જરાક ભૂલ કરી કે ગોથું ખાધું તો નાણાંવ્યવહારના ક્ષેત્રમાં રહેવું મુશ્કેલ થઇ પડે. સેન્ટ્રલ બૅંકનો વહીવટ થોડા મહિના બરોબર ચાલ્યો, ત્યાં હિંદની બૅંકોની દુનિયામાં ધરતીકંપ થયો. ઇ. ૧૯૧૩માં ૬૪ બૅંકો તૂટી. તૂટવાનું મુખ્ય કારણ સટ્ટો હતું. સટ્ટો એ બૅંકનો મોટામાં મોટો શત્રુ છે. સેન્ટ્રલ બૅંકે પહેલેથી જ પોતાની જાતને સટ્ટાથી પર રાખી હતી, પણ આ ધરતીકંપની અસર તો તેના ઉપર થઇ જ. બીજી બૅંકોની જેમ સેન્ટ્રલ ઉપર પણ દરોડો પડયો, પણ બૅંકની વ્યવસ્થાને લીધે તે આ મુશ્કેલીમાંથી સલામત બહાર આવી.

ઇ. ૧૯૧૪માં મહાયુદ્ધ જાગ્યું. પરદેશનાં નાણાંબજારો તંગ થયાં અને તેને લીધે અહીંની પરદેશી બૅંકો પણ ભીડમાં આવી પડી. લડાઇનાં આ ચાર વર્ષ દરમ્યાન સેન્ટ્રલે સારૂં કામ કર્યું અને આબરૂ પણ સારી મેળવી. લોકોને લાગવા માંડયું કે આ આપણી જ બૅંક છે.

સેન્ટ્રલ બૅંકની સફળતાએ તેને લોકપ્રિય બનાવી, પણ આ લોકપ્રિયતાએ તેના હરીફોમાં ઇર્ષા પણ જગાવી. હરીફોએ બૅંક વિરૂદ્ધ ખોટી અફવાઓ ફેલાવી સાત આઠ વખત દરોડા પડાવ્યા. મોટામાં મોટો દરોડો ૧૯૨૫માં પડયો. એ વેળા સેન્ટ્રલ બૅંકને નાણાં પૂરાં પાડવા માટે સરકારને પોતાની કરન્સી ઑફિસ રોજ કરતાં વધુ વખત ખુલ્લી રાખવી પડી હતી. પણ સેન્ટ્રલ બૅંક આ બધા દરોડાઓમાંથી તરીને બહાર આવી અને પ્રજાને તેના પર વિશ્વાસ બેઠો. આજે હિંદમાંની સંયુક્ત મૂડીથી ચાલતી ૭૪ બૅંકોમાં સેંટ્રલ સૌથી મોટી છે. હિંદની બૅંકોમાં એ ઈમ્પીરીયલ બૅંક પછી બીજે નંબરે આવે છે.

સવા કરોડની જાહેર ડિપૉઝિટથી શરૂઆત કરનાર આ બૅંકમાં આજે ૨૨ કરોડની જાહેર ડિપૉઝિટ છે. ૧૯૧૨માં બૅંકમાં બાર માણસો કામ કરતા હતા અને હૉર્નબી રોડ ઉપરના

ભાડાના મકાનમાં બૅંકનું કામ ચાલતું હતું તે દિવસે તેની એકે શાખા ન હતી. આજે બૅંકની ૨૮ શાખા છે અને ત્યાં કુલ ૧૨૦૦ માણસો કામ કરે છે. અને મુંબાઈમાં બૅંકનું પોતાનું ભવ્ય મકાન છે.

આમ વીસ રૂપિયાના એક પગારદાર કારકૂને પોતાના પ્રયત્ન અને સ્વદેશાભિમાનના પ્રતાપે હિંદી મૂડી અને હિંદી વહીવટથી ચાલતી દેશની અગ્રગણ્ય બૅંક ઊભી કરી બતાવી આપ્યું કે બૅંકવહીવટની બાબતમાં પણ હિંદીઓ પરદેશીઓ કરતાં જરા યે ઊતરતા નથી. ખંત ને સાહસથી શું થઇ શકે છે તેનો દાખલો યુવાનોને ઉદ્યોગક્ષેત્રે સાહસ કરવા પ્રેરે તો આ લખાણ સાર્થક લેખાશે. (ગુજરાત સમાચારની 'સ્વદેશી' પૂર્તિ)

લૂલી કેળવણી

આપણે વિદ્યાર્થીઓની શારીરિક કેળવણીનો વિચાર કરીએ, તેમની માનસિક અને આધ્યાત્મિક કેળવણીનો વિચાર કરીએ, તો તેમની આર્થિક કેળવણીનો વિચાર કેમ ન કરીએ? આજની પરિભાષામાં બોલીએ તો જગતના સમાજ, કલા, સાહિત્ય, ધર્મ, સંસ્કૃતિ વગેરેનો મુખ્ય આધાર જગતના અર્થશાસ્ત્ર પર છે, એટલે કોઇપણ કેળવણીની યોજનામાં અર્થનો વિચાર અનિવાર્ય છે.

આપણી શાળામહાશાળાઓ કોના પૈસાથી ચાલે છે તે ભલે વિદ્યાર્થીને વિચારવાનું ન હોય, આપણાં છાત્રાલયો કોના પૈસાથી ચાલે છે એ ભલે તેમને જોવાનું ન હોય, પણ જે સંસ્થામાં વિદ્યાર્થી પડ્યો છે તે સંસ્થામાં જ એવી કોઇ ચોક્કસ યોજના હોવી જોઇએ કે જેથી વિદ્યાર્થી દ્રવ્યઉત્પાદનમાં જાતે જ નાનો એવો સક્રિય સાથ આપે. છાત્રાલયની સંસ્થાઓ આજે જે રીતે ચાલે છે તેમાં આપણે ત્યાંનો મોટો ભાગ તો દાન પર નભે છે, અને દાન પર નભનારી આ સંસ્થાઓ આજકાલ તો વિદ્યાર્થીઓમાં એક પ્રકારની હરામવૃત્તિ પણ ઊભી કરે છે એવો ઘણા લોકોનો અનુભવ છે. પણ આ વાતને બાજુ પર મૂકીએ તોપણ દરેક છાત્રાલય પોતાને આંગણે કોઇ પણ નાની એવી ઉત્પાદક પ્રવૃત્તિ કરે જ કરે અને એ ઉત્પાદનમાં એકેએક વિદ્યાર્થીનો હિસ્સો હોય. હું જાણું છું કે આજે કેટલાંક છાત્રાલયો રેંટિયા કાંતે છે, કેટલાંક છાત્રાલયો પોતાની જગ્યામાં નાનાંનાનાં ઝાડ વાવે છે; પણ હું તો આ બધી પ્રવૃત્તિઓ શોખની સાથે કમાણી આપે એવી રીતે ચલાવવાની હિમાયત કરું છું. કારણકે વસ્તુઓ ઉત્પન્ન કરવી, એ ઉત્પન્નને બજારમાં વેચવું અને તેના મૂલ્યને આંકીને પોતાની મહેનતને બજારને ભાવે આંકવી, આ આર્થિક કેળવણી દરેક માણસને માટે જરૂરની છે અને એની શરૂઆત આપણે છાત્રાલયમાં સરસ રીતે કરી શકીએ છીએ. મારો કહેવાનો અર્થ તો એ છે કે દરેકેદરેક છાત્રાલયે આર્થિક ઉત્પન્નનો આવો એક પોતાને ફાવતો પ્રબંધ કરી જ લેવો ને એ પ્રબંધમાં વિદ્યાર્થીઓને સામેલ કરવા. કોઇ છાત્રાલય ઉત્પન્નને નજર સામે રાખીને કાંતે, કોઇ છાત્રાલય એ દૃષ્ટિએ કેળ-પોપૈયાં વાવે, કોઇ છાત્રાલય એ દૃષ્ટિથી ઢોરોને પાળે, કોઇ છાત્રાલય શીવણકામ ચલાવે; પણ હાથપગ ચલાવીને દ્રવ્ય મેળવવાનો નાનોશો ધંધો દરેક છાત્રાલયે દાખલ કરવો જોઇએ. આવા ધંધાથી આર્થિક કેળવણીનો ઉકેલ તો આવશે જ, તે ઉપરાંત આજે આપણી શાળાઓમાં હાથપગ ચલાવવાની કેળવણીનો જે તદ્દન લોપ થયો છે તે પાછો જામશે અને વિદ્યાર્થીઓનાં જીવનમાં હાથપગ ચલાવવાથી માનવ-જીવનની ખુમારી અનાયાસે ઊતરી જશે. મારો પોતાનો આગ્રહ તો દરેક છાત્રાલયમાં વિદ્યાર્થીઓ કાંતવા-વણવાનો ધંધો આ રીતે ઉપાડે એ જ છે; પણ છાત્રાલયો પોતાના અને પોતાના વિદ્યાર્થીઓના માનસને વધારે ફાવે એવો કોઈ ઉદ્યોગ સ્વીકારે તો મને વાંધો નથી. આવા કોઇપણ પ્રબંધને અભાવે આજે આપણી કેળવણી લૂલી રહે છે એમાં મને પોતાને શંકા નથી.

('છાત્રાલય'માંથી) —નાનાભાઇ

જ્વાળામુખીના પેટમાં

યોકોહામાને રસ્તે જાપાનમાં પ્રવેશ કરનાર સૌ પ્રવાસીઓને ઓશીમાનો નાનો ટાપુ સુવિદિત જ છે. એમાં મિહિરા યામા નામનો ધીકતો જ્વાળામુખી છે. એનું મુખ આપઘાત કરવાનું એક જાણીતું સ્થળ છે. જાપાનમાં હારાકીરી—આપઘાત તો બહુ માનભર્યું કૃત્ય ગણાય છે. પણ હમણાંહમણાં નાણાંભીડ અને ધંધામંદીને અંગે ત્યાં વધી પડેલા સામુદાયિક આપઘાતોને અટકાવવા સત્તાવાળાઓ જાગ્યા છે. મિહિરા યામાના મુખમાં ગઈ સાલ બસો ઉપર લોકોએ પોતાનો બલિ દીધો હતો. મિહિરા યામા એ મહાપવિત્ર તીર્થ મનાય છે તેથી તેની જ્વાળાઓમાં હોમાનારને ચિરશાન્તિ મળે છે એવી ઘેલી લોકમાન્યતાને ભૂંસી નાખવાને તેમજ એ. કર્નર નામનો વિખ્યાત ધરતીકંપશાસ્ત્રી સ્ટ્રમ્બોલી જ્વાળામુખીમાં ૮૦૫ ફૂટ ઊંડે જઈ આવ્યો છે તેનો આંક તોડવાનો પ્રયત્ન કરવાને જાપાનના 'યોમીયુઇરી શિમ્બુન' નામના છાપાએ પોતાના સ્ટાફના બે માણસોને તેમાં ઉતારવા નિર્ણય કર્યો. ઍસ્બેસ્ટૉસનાં વસ્ત્રોથી સુરક્ષિત થઇ અને ગૅસ માસ્ક પહેરીને એ છાપાના બે પત્રકારો પોલાદની બનાવેલી એક 'ગૉન્ડોલા'માં પેઠા, અને એક ઊંટડા (ક્રેન)વતી બંનેને એ ધગધગતા પેટાળમાં ઉતારવામાં આવ્યા. પાંચસોએક ફૂટની ઊંડાઇએ ગયા પછી હવા ચોખ્ખી થતી લાગી અને પેટાળની બાજુઓ, તથા ઊંડી તિરાડોમાંથી ઊભરાઇ આવતા ખદખદતા કાદવ તેમજ લાવા દેખાવા લાગ્યા. ત્યાંની ભયાનક શાંતિનો પાંચપાંચ મિનિટે મોટા ધડાકા ભંગ કરતા હતા. સાતસોએક ફૂટ નીચે જતાં કોઇ કમનસીબ આપઘાત કરનાર શબ દેખાયું, પણ તેને હાથ કરવાના પ્રયત્નો સફળ ન થયા. આગળ જતાં બીજા પણ કેટલાક કમનસીબ માણસોના અવશેષો દેખાયા. છેક ૧૨૫૦ ફૂટ ઊંડે પહોંચ્યા પછી આ અવલોકન કરનારાઓએ 'ગૉન્ડોલા'ને ખેંચી લેવાનો હુકમ આપ્યો. ગરમી તો અસહ્ય



COURTESY ILLUSTRATED LONDON NEWS

ન હતી, પણ લાવાની સપાટીની જેમ નજીક જતા ગયા તેમ અંદરના ઊભરાનું જોર એટલું વધતું જતું હતું કે 'ગૉન્ડોલો' ખૂબ જોસથી હાલવા લાગી. અને પેટાળની દીવાલો સાથે પછડાઇ મરવાનો સંભવ જણાયો. આમ સ્ટ્રાન્બોલીનો આંક તૂટ્યો. જોકે છસો ફૂટ પછી નીચેના ભાગના ફોટોગ્રાફ લઇ શકાયા નથી. (ઈલસ્ટ્રેટેડ લંડન ન્યુસ)

પુરાણોની તવારીખ

'પુરાણકાળના હિન્દમાં તારીખ ગણવાની પદ્ધતિ' એ વિષય પર ડૉ. જી. ખોઝે બંગીય સાહિત્ય પરિષદ સમક્ષ હમણાં એક ભાષણ આપ્યું હતું. એ ભાષણમાં એમણે, પુરાણોમાં પથરાએલા ઇતિહાસની તારીખ ગણવાની પદ્ધતિ શી છે એ વિષય પર વિવેચન કરી પ્રાચીન હિંદના કેટલાક ચિરસ્મરણીય બનાવોની તારીખ પર સારો પ્રકાશ પાડ્યો છે.

ઘણાખરા પાશ્ચિમાત્ય વિદ્વાનોનું એવું માનવું છે કે પુરાણો તો અર્થહીન અને મૂર્ખાઈભરેલી વાતોના સંગ્રહો છે. તેમના મત પ્રમાણે 'પુરાણો એટલે જૂની વાર્તાઓનો સંગ્રહ.' પુરાણોમાં જે કાંઈ સાચું ઇતિહાસતત્ત્વ છે તે દેખીતી રીતે જ મારીમચડી નાખવામાં આવ્યું છે, એટલે સાચા ઇતિહાસના ઘડતરમાં તેમના પર આધાર રાખી શકાય નહિ. એમ માનવામાં આવે છે કે અસલના વારાના હિન્દુઓને ઇતિહાસની ઉપયોગિતાની ગમ નહોતી. પણ જો વિવેકબુદ્ધિથી પુરાણોનો અભ્યાસ કરવામાં આવે તો એમ જણાઈ આવશે કે ઉપર જણાવેલા વિચારો બરાબર નથી. પુરાણોમાં જે અતિશયોક્તિઓ અને અર્થહીન બાબતો મૂકી હોવાનું કહેવાય છે તેની પછવાડે ચોક્કસ નિયમો હોય છે, અને જો તે નિયમો બરાબર સમજવામાં આવે તો એ બધાંની પછવાડે રહેલો હેતુ સમજાઇ જાય તેમ છે. જ્યારે એ નિયમો સમજાય ત્યારે એ પણ ખાત્રી થઇ જાય કે પુરાણો પોતે જ ઇતિહાસ છે.

આજે જે અર્થમાં આપણે ઇતિહાસ શબ્દ વાપરીએ છીએ તે જ અર્થમાં પુરાણો પણ ઇતિહાસ છે. પુરાણોનું સમય માપવાનું એક સાધન 'મન્વંતર' અથવા બાપના નામથી ઓળખાતો વંશ છે. પુરાણોમાં 'મન્વંતરો' પર જે પ્રકરણ આપેલાં હોય છે તે તપાસી જોતાં એ સમજાઇ જાય છે કે જૂના હિન્દુઓ, રાજાઓ, મોટા માણસો અને અગત્યના બનાવોની તારીખ કઇ રીતે ગણતા. જે મોટા 'યુગો' કહેવાય છે તેનો ઉપયોગ તો સૃષ્ટિનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય બતાવવા માટે જ થાય છે. લાખો વર્ષોના એ યુગો બનેલા હોય છે. આજના ભુસ્તરશાસ્ત્રીઓ જે રીતે પત્થરના, લોઢાના, કાંસાંના વગેરે યુગો ગણે છે એવી જાતના એ યુગો હતા.

એક બીજા અર્થમાં પણ એ શબ્દ વપરાતો. ૨૦૦૦ મહિનાનો એક યુગ ગણવામાં આવતો. સામાન્ય ઐતિહાસિક બનાવોની ગણત્રી કરવા માટે અસલના હિન્દુઓ ૫૦૦૦ વર્ષના કાળને એકસાથે લેતા. એ કાળના જુદાજુદા મત પ્રમાણે ૧૪ અથવા ૩૦ ભાગ પાડવામાં આવતા. ૧૪ ભાગ પ્રમાણે દરેક ભાગ ૩૫૭ વર્ષનો બની રહેતો. એટલો વખત 'મનુ' નો વખત ગણાતો; અને એમ કહેવામાં આવતું કે પહેલા મનુના વખતમાં આમ બન્યું, ચોથા મનુના વખતમાં આમ બન્યું વગેરે. એમ છેક ચૌદ મનુ સુધી ગણત્રી કરવામાં આવતી. ૩૦ ભાગની ગણત્રી પ્રમાણે દરેક ભાગ ૨૦૦૦ મહિનાનો થતો. એ દરેક ભાગને યુગ કહેવામાં આવતો. આ યુગોની ગણત્રી પ્રમાણે પુરાણોમાં વર્ણવવામાં આવેલા બનાવોની તારીખ મુકરર થાય છે. દાખલા તરીકે એમ પણ કહેવામાં આવતું કે પંદરમા યુગમાં માન્ધાતા રાજ્ય કરતો હતો, અથવા રામ ચોવીસમા યુગમાં રાજ્ય કરતા હતા. ઉપરાંત એ પાંચ હજાર વર્ષના કાળચક્રના એક બીજી રીતે પણ ભાગ પાડવામાં આવતા. તેના ચાર ભાગ ગણાતા અને એ ભાગોને કૃત, ત્રેતા, દ્વાપર અને કલિયુગ એવા નામો અપાતાં. એમાંથી કૃત યુગનાં ૨૦૦૦ વર્ષ, ત્રેતાનાં ૧૫૦૦ દ્વાપરનાં ૧૦૮૦ અને કલિયુગનાં ૫૦૦ વર્ષ. તેને અંતે પાછું કાળચક્ર ફરીથી શરૂ થાય. પુરાણોમાં

એમ કહેવામાં આવ્યું છે કે કૃષ્ણ દ્વાપરયુગના અંત પછી અને કલિયુગની શરૂઆતમાં એટલે કે અઠ્ઠાવીસમા યુગમાં જન્મ્યા હતા. અને કુરુક્ષેત્રની લડાઈ કલિયુગને શરૂ થયાં ૫૦૦ મહિના વીત્યા પછી થઇ હતી.

પુરાણો પછીની તવારીખની ગણત્રી 'નક્ષત્ર યુગ' પરથી થતી. એ દરેક યુગ એકસો વર્ષનો હતો. રાજાઓનાં અમલનાં વર્ષો એ હિસાબે આપવામાં આવ્યાં હોય છે. દાખલા તરીકે એમ કહેલું હોય છે કે જ્યારે સપ્તર્ષિ પૂર્વાષાઢા નક્ષત્રમાં હતા ત્યારે મહાપદ્મ નન્દ રાજ્ય કરતો હતા. હિન્દુ પંચાગોએ એ ગણત્રીને બરાબર જાળવી રાખી છે. આ ગણત્રી પ્રમાણે નન્દ રાજા ઇ.સ. પૂર્વે ૪૦૧ની સાલમાં ગાદીએ આવ્યો એમ જણાય છે. એ ગણત્રી ધ્યાનમાં લેતાં એમ જણાય છે કે ૫૦૦૦ વર્ષનું છેલ્લું કાળચક્ર ઇ.સ. પૂર્વે ૫૯૫૮માં શરૂ થયું હતું. બરાબર એ જ વખતથી હિન્દનો સાચો–આધારભૂત–ઇતિહાસ શરૂ થાય છે. માન્ધાતા ઇ.સ. પૂર્વે ૩૪૫૯ની સાલમાં થઈ ગયો. રામ ઇ.સ. પૂર્વે ૨૧૨૪માં અને કૃષ્ણનો જન્મ ઇ સ. પૂર્વે ૧૪૫૮માં થયો. ઇ.સ પૂર્વે ૧૪૧૬માં કુરુક્ષેત્રનું યુદ્ધ થયું.' અજાતશત્રુ ઇ. સ. પૂ. ૫૨૭ ના અરસામાં રાજ્ય કરતો, નન્દ ૪૦૧માં, ચન્દ્રગુપ્ત ૩૨૦માં અને એ અનુસાર બીજા બધા. આ બધી તારીખો પુરાણો અને પંચાંગોના આધારે જ મેળવી શકાય છે. ચન્દ્રગુપ્ત અને બીજા રાજાઓની તારીખો બીજા પુરાવાઓથી પણ મુકરર કરવામાં આવી છે. એવી રીતે મેળવેલી તારીખો વચ્ચે જે સામ્ય છે તે ખાસ ધ્યાન ખેંચનારૂં છે. આ હકીકત ધ્યાનમાં લેતાં પ્રાચીન હિન્દુસ્તાનનો આધારભૂત ઇતિહાસ પૂરો પાડનાર પુસ્તકો તરીકે પુરાણોની ગણના કરી શકાય. (નવયુગ)

કચ્છી પાંચીઆની આત્મકથા

ચૌદ ચાલો કચ્છ એ એવી એક પ્રતાપી ભૂમિ છે કે જ્યાં મયૂરો ઈશ્વર પ્રેરિત ગીતો ઉલ્લાસ અને ઉમંગથી તેઓનાં કળાભર્યાં નૃત્ય સાથે કાળી કાળી ગિરિમાળાઓમાં ગહેકે છે; અને સતત સ્વાતંત્ર્યની હુંફમાં અનેક સ્વાતંત્ર્યદર્શી ચેષ્ટા રજુ કરી માનવહૃદયને કલ્પના, પ્રેરણા અને પ્રભુ પ્રત્યે આદર, આ ત્રણ વસ્તુથી વિભૂષિત કરે છે. વળી ઠેરઠેર ઉદ્યાનો, વાડીઓ, અને બાગબગીચાઓ આ પવિત્ર ભૂમિને ખુશનુમા અને દિલપઝીર સૌંદર્યનો ઓપ ચઢાવે છે! આવી પરમ પૂજ્ય પૃથ્વીમાતાને ખોળે, અને વિદ્યમાન મહારાજાઓશ્રી પ્રતિભાશાળી પિતાશ્રીના મંગલ રાજ્યશાસનના દિવસોમાં કચ્છ દેશના પાયતખ્ત શ્રી ભુજનગરમાં મારો જન્મ થયો. મારૂં નામ પાંચીઓ પડયું. હું કચ્છદેશનો મુખ્ય સિક્કો ગણાવા લાગ્યો. મારૂં નામ પાડનાર ફઇબાનું નામ હું જાણતો નથી. જેમ હિન્દમાં રૂપિયો, ઈંગ્લાંડમાં પૌન્ડ, અમેરિકામાં ડોલર, અને આફ્રિકામાં શિલિંગ, તેમ કચ્છમાં હું પાંચીઓ. મારી ઉમર લગભગ એંસી નેવું વર્ષની છે. હું શરીરે શ્વેતવર્ણો છું. મારૂં



શરીર, હાડ માંસ રક્ત કે મેદનું બનેલું નથી. હું નક્કોર ધાતુનો બનેલો છું; તે ધાતુ તે રૂપું. મારી કાયામાં અન્ય ધાતુનું મિશ્રણ છે; તે ધાતુ તે ત્રાંબુ. મારા દેહને બન્ને બાજુએથી કોતરવામાં આવ્યો છે. એક બાજુ બાળબોધ અક્ષરોમાં કચ્છાધિપતિનું નામ, સંવત, ચંદ્ર, ત્રિશૂલ અને કચ્છ કારીગિરીની વૃક્ષપત્ર વેલ આવું આવું કોતરવામાં આવ્યું છે; અને બીજી બાજુ ફારસી લિપિમાં સંવત તથા વેલ કોતરવામાં આવ્યાં છે. મારૂં કુટુમ્બ બહોળું છે; મને બે પુત્રો અને પાંચ પુત્રીઓ છે. પુત્રોનું નામ અડધીઆં છે અને પુત્રીઓનું નામ કોરી છે. મારી દીકરીઓનું કુટુમ્બ પણ વૃદ્ધિ પામતું છે. દરેકને બબ્બે છોકરાં સાપડયાં છે અને તેઓનું નામ આધિયાં છે. અત્યાર સુધી દર્શાવેલ આ બધાં જણનાં શરીરો રૂપાની ધાતુથી બંધાએલાં છે. પણ તે પછીનો પરિવાર ત્રાંબાધાતુ શરીરવાળો છે. મારી પુત્રીઓના પુત્રોને ચાર ચાર પુત્રો થયા; અને તેઓનું નામ ઢબ્બુ પડયું. આ પરિવાર ઘઉંવર્ણો છે. કયાં અમો શ્વેતવર્ણો અને કયાં આ ઘઉંવર્ણો! હશે, જેમ જળ, ભૂ, અને ખમાં કાળાંતરે ફેરફારો થયા કરે છે તેમ અમારૂં પણ થયું છે. જ્ઞાન સૌજન્ય, સૌન્દર્ય અને કળા આવે છે ને જાય છે,—જેમ સાગરમાં ભરતી ઓટ. આ ચાર પુત્રોને પણ બબ્બે પુત્રો છે, તેઓ ઢીંગલા કહેવાય છે. વળી આ પણ બાપા બનતા અટકયા નહિ. તેમને પણ પ્રજા થઈ. તેઓ ત્રાંબિયા નામે જાહેર થયા. એક કુટુમ્બી રહી ગયો અળગો. તેનું નામ દોકડો પડયું. એ રીતે મારૂં કુટુમ્બ વિકસ્યું અને વૃદ્ધિ પામ્યું છે. પ્રભુ મારૂં આયુષ્ય લંબાવજે કે જેથી રાજા અને પ્રજાના દહાડા સુખમાં જાય.

—મોહનલાલ ગુલાબશંકર કામદાર

ચીકુ

ચીકુને અંગ્રેજીમાં સેપોડિલા તથા લૅટિનમાં એક્રસ સેપોટા કહે છે. ચીકુનાં ઝાડ ઘણાંખરાંએ નહિ જોયાં હોય, પણ ફળ તો મોટા ભાગે ચાખ્યાં હશે.

ચીકુનું-અસલ વતન અમેરિકા તથા વેસ્ટ ઈન્ડીઝ, ને ત્યાંનું તેનું મૂળ નામ 'ચિકોઝપોટી' કે 'શિકાંઝપોટે' છે. એના એ મૂળ નામ પરથી ટૂંકું કરીને આપણે કદાચ એનું નામ ચીકુ પાડયું હશે. ચીકુનું ઝાડ રાયણ તથા બોરસલીના વર્ગનું છે. એ આખું વર્ષ ફૂટયાં કરે છે. આપણા દેશમાં એ ઝાડ ૨૦થી ૩૦ ફૂટ ઊંચાં વધે છે.

સમુદ્રકિનારા પરની ભેજવાળી હવા તેને વધારે અનુકૂળ હોય છે, જેથી આપણે ત્યાં મોટી મોટી ચીકુની વાડીઓ દરિયાકિનારે જ હોય છે. ઉત્તર કોંકણમાં એની પુષ્કળ વાડીઓ છે ને ત્યાંથી મુંબાઇમાં ઘણાં ચીકુ વેચાવા આવે છે. ચીકુના

ઝાડને વરસાદ પણ વધારે જોઇએ છે.

ચીકુના ઝાડને દરેક પ્રકારની જમીન અનુકૂળ થઇ પડે છે. ફક્ત જે જમીનમાં લાંબો વખત સુધી પાણી ભરાઇ રહી ચિકાશ થતી હોય તેવી જમીનમાં તે ઊગતાં નથી. પથ્થરવાળી ડુંગરાળ જમીનમાં પણ તેનાં ઝાડ સારી રીતે ઊગી શકે છે. ચૂનો એ ઝાડને બહુ ભાવે છે અને તેથી જે જમીનમાં ચૂનાનું તત્ત્વ કમી હોય ત્યાં ખાતરની સાથે ચૂનો મિશ્ર કરી નાખવો પડે છે.

ચીકુ માટે જમીનની પસંદગી ઉપરાંત સ્થળની પસંગી પણ સારી હોવી જોઇએ. જે જગ્યાએ પવનનું તોફાન વધુ હોય તે જગ્યા ચીકુ માટે નકામી છે. વળી બહુ છાયાવાળી જગ્યાએ પણ એ ઝાડ નહિ હોવાં જોઈએ. એટલે જે સ્થળે ચીકુનાં ઝાડ ઉગાડયાં હોય ત્યાં પવન સુસવાટાભર્યો વાતો હોય તો તે અટકાવવા ચીકુના વાવેતરની આસપાસ થોડે દૂરથી બીજાં ઝાડો રોપી પવનની અટકાયત કરવી જોઈએ, ને રક્ષણ માટે એવાં ઝાડો રોપવાં કે જે વર્ષો સુધી રહી શકે. ચીકુ વાવ્યા પહેલાંથી જ આ ગોઠવણ કરવી પડે છે.

ચીકુના છોડ રોપતાં પહેલાં જમીન હળથી ખેડી સરખી કરવી જોઇએ ને ત્રણ ચાર ફૂટ ઊંડા ખાડા ખોદી અંદરથી ઠીકરાં વીણી નાંખવા જોઇએ. જો જમીનમાં ઠીકરાં વધુ હોય તો ખાડા પાંચ ફૂટ ઊંડા ખોદવા જોઇએ. દરેક ખાડા પદરથી વીસ ફૂટ દૂર રાખવા ને ત્રણ ફૂટ વ્યાસના બનાવવા. ચીકુનો છોડ રોપવાની શરૂઆત કરીએ તેના ત્રણ મહિના અગાઉથી આ ખાડા ખોદી રાખવા જોઇએ. વરસાદ પડવાનો શરૂ થાય કે તરત તે અરસામાં તે ખાડાઓમાં લીલો થોર, આકડો તથા સૂકાં ડાળખાં વગેરે નાંખી તેને સળગાવી મૂકવાં. સૂકાં ડાંળખાંની સાથે બીજો કચરો નાખશો તોપણ ચાલશે આમ કરવાથી જીવજંતુનો નાશ થઇ જાય છે. જ્યાં ઉધઇનો ઉપદ્રવ વધુ હોય ત્યાં તો આ પ્રમાણે કરવું ખાસ જરૂરી છે.

આમ ખાડામાં અગ્નિ સળગાવ્યા પછી તેમાં તળીઓ થોર તથા આકડાનો પાલો નાખવો. પછી તે જ જમીનની માટીમાં બકરાંની લીંડીનું સડેલું ખાતર મેળવી ખાડા પૂરી દેવા. બકરાંની લીંડીનું ખાતર ન મળે તો પોપૈયાનું ખાતર પણ ચાલશે. જમીનમાં ઉધઇનો ઉપદ્રવ ચાલુ રહેતો હોય તો તે ખાતરની સાથે એરંડાનો ખોળ પણ ભેળવવો. દર ખાડા દીઠ બશેર ખોળ નાખવો. જે સ્થળે વાર્ષિક વરસાદ વીસ ઇંચથી ઓછો થતો હોય અગર અનિયમિત થતો હોય ત્યાં ચીકુના ઝાડ માટે પોપૈયાનું ખાતર નહિ વાપરતાં બકરાંની લીંડીનું જ ખાતર વાપરવું જોઇએ. ઉપર મુજબ ખાતર વગેરે નાખી ખાડા તૈયાર કર્યા પછી તેમાં પાણી નાખવું કે જેથી ખાતર તથા માટી બરાબર મળી જાય ને દબાઈ જાય. પછી તેમાં ચીકુના છોડ રોપવા જોઇએ.

ચીકુના છોડ વરસાદ થયેથી રોપી શકાય છે. કેટલેક ઠેકાણે એપ્રિલ મહિનામાં પણ તે રોપાય છે. એ રીતે વસંતઋતુની શરૂઆતમાં જો ચીકુના છોડ રોપ્યા હોય તો તે વરસાદ પડતાં બરાબર ઊગી જાય છે, મૂળ જમીનમાં સખત બાઝી જાય છે અને વર્ષાઋતુનો પૂરો લાભ તે લઇ શકવાથી ઝડપથી વધી શકે છે. દરિયાકિનારાના પ્રદેશમાં એપ્રિલ મે માસમાં જ્યારે પવનનું તોફાન સખત હોય છે ત્યારે તેવાં સ્થળોએ વરસાદ પડતાં રોપવાનું કામ થાય છે. વર્ષાઋતુની શરૂઆતમાં છોડ વાવવાથી એક ફાયદો એ થાય છે કે રોપેલા છોડ પૈકી બહુ જ ઓછા મરી જાય છે. જે પ્રદેશમાં વરસાદ પુષ્કળ પડે છે ત્યાં રોપવાનું કામ વસંતઋતુની શરૂમાં થાય છે.

ચીકુના છોડને રોપ્યા પછી પૂર્વ દિશા તરફનો ભાગ ઉઘાડો રાખી બાકીની ત્રણ દિશા તરફથી તથા ઉપરનો ભાગ સાદડી વડે બંધ કરી દેવો ને જેમજેમ અંદર છોડ મોટો થતો જાય તેમ તેમ બંધ ભાગ છોડતા જવું. છોડ સાધારણ મોટો થયા પછી બધું છોડી નાખવું જોઇએ. જો પૂર્વ દિશા તરફથી પણ ગરમ પવન આવતો હોય તો ત્યાં પણ સાદડી બાંધી પવન રોકવો જોઈએ.

ચીકુના છોડનાં મૂળ બરાબર જામી ગયા પછી તેની સુકાઇ ગએલી ડાળીઓ કાપી નાખવી જોઇએ. શરૂઆતમાં તો આ બાબત ઉપર ખાસ ધ્યાન આપવું જોઈએ. ચીકુના ઝાડની આસપાસની જગ્યામાં જો કેળ વાવી હોય તો ચીકુના ઝાડને ઘણો ફાયદો કરે છે, જમીનમાં કસ સારો આવે છે તથા હવા ભેજવાળી રહે છે જે તેને ઘણી અનુકૂળ હોય છે. દરિયાકિનારાથી દૂર આવેલા પ્રદેશમાં તો આ કેળ વાવવાની યોજના ઇચ્છવાજોગ છે.

ચીકુનાં ઝાડને પહેલા વર્ષમાં શિયાળામાં ૪ થી ૬ દિવસે અને ઉનાળામાં ૨ થી ૩ દિવસને આંતરે પાણી પાવું જોઇએ. ચોમાસામાં જ્યારે વરસાદ ન હોય ને તદ્દન ઉઘાડ નીકળ્યો હોય ત્યારે પાચ છ દિવસે પાણી પાવું.

ચીકુની કલમ વહેલામાં વહેલી ચોથે વર્ષે અને મોડામાં મોડી સાતમે વર્ષે ફળે છે. તેની મુખ્ય ડાળીઓ પરની વર્ષ દિવસની નાની ડાળીઓ પર ફળ લાગે છે. આથી દર વર્ષે તેના પરથી ફળ તોડી લીધા પછી એ ડાળીઓને છાંટી નાખવાથી બીજો ફાલ સારો આવે છે. ચીકુ વર્ષમાં બે વખત ફળે છે અને જો આખું વરસ નિયમિત પાણી પાવામાં આવે તો આખું વરસ પણ થોડાંઘણાં ફળ લાગ્યા જ કરે છે.

પહેલો ફાલ માર્ચ-એપ્રિલમાં આવે છે અને બીજો ફાલ ઑગસ્ટ-સપ્ટેમ્બરમાં. પહેલો ફાલ સારો હોય છે, ને એ ફળો પણ ઘણાં સારાં હોય છે. ઝાડ પરથી ફળ ઉતારી લીધા પછી ઝાડને પાણી પાવાનું કામ તદ્દન બંધ કરવું જોઇએ. જે જે નાની ડાળીઓ ઉપરથી ફળ તોડી લીધાં હોય તે બધી ડાળીઓ મૂળ ડાળી નજીકથી કાપી નાખવી જોઇએ. આ પછી બીજો ફાલ આવી જાય ત્યાં સુધી ઝાડને કશું કરવાનું હોતું

નથી. ઑક્ટોબરની શરૂઆતમાં ઝાડના મૂળની આસપાસ ખોદી નાનાં નકામાં મૂળ કાઢી નાખી ખાતર પૂરી પાણી પાવામાં આવે છે. આ ખાતર બકરાંની લીંડી તથા તળાવની માટીની કાંપટીનું સરખા પ્રમાણમાં હોય છે.

ચીકુનાં ફળ નાનાં સોપારી જેવડાં થાય ત્યારથી તે વધીને સંપૂર્ણ કદનાં થાય ત્યાં સુધી તેને ખૂબ જ પાણી પાવું. પછી પાણી પાવાનું કમી કરવું. આ પ્રમાણે કરવાથી ફળ બરાબર મોટાં થઇ મિઠાશવાળાં બને છે.

ચીકુ ઝુમખામાં લાગે છે. દરેક ઝુમખામાં બે થી ચાર ફળ હોય છે. વનસ્પતિશાસ્ત્ર પ્રમાણે ચીકુની જુદી જુદી જાતો પાડવામાં હજી આવી નથી. ફકત એના ઘાટ પરથી ગોળ અને લાંબી એવી બે જાત ગણવામાં આવે છે. ગોળ ફળની જાતનાં ઝાડનાં પાંદડાં પહોળાં અને રંગે ઘેરાં હોય છે, જ્યારે લાંબા ફળની જાતનાં પાંદડાં વધારે લાંબાં અને ફિક્કા રંગનાં હોય છે. ગોળ જાતનું ફળ લાંબી જાતનાં ફળ કરતાં વધારે મોટું હોય છે ને તેનો સ્વાદ પણ તીવ્ર હોય છે. લાંબી જાતનાં ફળ વધારે મીઠાં હોય છે ને તેનો માવો વધારે લીસો હોય છે.

ચીકુના છોડ કલમ અથવા ગુટીથી થાય છે. ગુટીથી કરેલા રોપા તરત ફળે છે ને ઊંચાઇમાં કંઇક ઓછા પણ થાય છે. ચીકુની કલમ તેના પોતાના રોપા પર અથવા રાયણ, ખોરસલી કે મહુડાના રોપા પર પણ થાય છે. રાયણ અને મહુડા પર કલમો કરવી વધારે યોગ્ય છે. રાયણ પર કરેલી કલમો કદમાં મોટી થઇ તેના પર પુષ્કળ ફળ લાગે છે. મહુડા પર કરેલી કલમનાં ફળ ઘણાં સ્વાદિષ્ટ થાય છે.

બી વાવીને જે ઝાડ તૈયાર કરવામાં આવે છે તે સુંદર અને ઘટાદાર બને છે. તેના પર ફળ પણ મોટી સંખ્યામાં લાગે છે; પણ એ હમેશાં મોડાં ફળે છે તેમજ તે પૈકી કોઇકોઇ ઝાડ નકામાં પણ નીવડે છે.

ચીકુના ઝાડ પરથી વરસ દહાડે ૮ થી ૧૦ ગુટી લઇ શકાય છે. ચીકુનાં ફળ તેના અસલ રૂપમાં જ ખાવાના ઉપયોગમાં લઈ શકાય છે. એ ડઝનબંધી ગણીને વેચાય છે. ફળનો રંગ ઝાંખો બદામી હોય છે. બી વાવીને ઉગાડેલા ઝાડને દસ વર્ષે ફળ લાગે છે, જ્યારે કલમો ત્રીજા વર્ષથી ફળવા લાગે છે. દર વર્ષે ઝાડમાં ખાતર નાખી પાણી પાઈ જો બરાબર માવજત કરી હોય તો ફળ સારાં લાગે છે.

ચીકુનાં ફળ પુષ્ટિકારક છે. અંગ્રેજ લોકો તેનો ખૂબ ઉપયોગ કરે છે. હવે તો આપણે પણ એનો ઉપયોગ વધારતા જઇએ છીએ. એ ફળ સાકર સાથે ખાવાથી પુષ્ટિ સારી મળે છે.

(સંકલિત) રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

દુનિયાભરમાં મોટામાં મોટો કૅમેરા

એકત્રીસ ફૂટ લાંબો, ચૌદ ટન વજનનો અને અંદર જ ડાર્કરૂમના સમાવેશ સાથેનો એવો જંગી કૅમેરા યુનાઇટેડ સ્ટેટ્સ (અમેરિકા) ના કોસ્ટ ઍન્ડ જીયોડેટિક સર્વે નામના (દરિયા કિનારા અને પૃથ્વીની સપાટીનું મોજણીકામ કરનારા) ખાતાએ રાજનગર વૉશિંગ્ટનમાં વપરાશમાં મૂકયો છે. તે વડે પચાસ પચાસ ઇંચના માપના, સમચોરસ આકારના, નૌકા-માર્ગ તથા હવાઇમાર્ગના નકશાઓ પાડી શકાય છે—અને તે એક ઇંચના એક હજારમા ભાગ જેટલી ચોક્કસાઇ જાળવીને! એ કૅમેરા-ની કીમત ૧૫,૨૪૦ ડૉલર થઈ છે.

(લિટરરી ડાઇજેસ્ટ)

વિચાર ચંક્રમણ

અમદાવાદ અને કલોલ વચ્ચે માત્ર સોળ માઈલનું અંતર છે. વચમાં સેરીસા નામનું એક નાનું ગામડું છે. આસપાસનો પ્રદેશ ખાખરીઓ કહેવાય છે, એટલે જમીન ખરાબ છે અને સારી ખેતી કરવી અશકય છે. ત્યાં ગરીબ અજ્ઞાન ઠાકરડાઓનાં ગામડાં છે. આવા ઉજ્જડ પ્રદેશમાં દસ લાખ રૂપિયાના ખર્ચે એક જૈન મંદિર બંધાય છે.

મારે આ મંદિર વિષે ટીકા કરવાની નથી; પણ જ્યારે હું તેમાંની બે ભવ્ય મૂર્તિઓની સામે ઊભો હતો ત્યારે મારા મનમાં વિચાર આવ્યો કે આ ઉત્તર ગુજરાતમાં પાંચથી છ લાખ ઠાકરડા ભૂખે મરે છે, લગભગ બધા નિરક્ષર છે, તાવ અને બીજા રોગથી પીડાય છે. એમની સ્થિતિ સુધારવા માટે નાણાં નથી અને માણસો નથી. જીવતાં માણસોનાં ઘડતર માટે નાણાં નથી; પણ મંદિરના ઘુમ્મટમાં પથ્થરમાથી સુંદર પરીઓ ઘડી કાઢવા માટે જયપુરના કારીગર આવ્યા છે!

આ બધાં ગામડાંઓમાં વૈષ્ણવ અને જૈન વાણિયા ધીરધારનો ધંધો કરે છે. નરસિંહ મહેતા કહે છે કે ખરો વૈષ્ણવ પરાઈ પીડ જાણે છે, અને જૈનનો પરમ ધર્મ અહિંસા–જીવદયા છે. આ વૈષ્ણવ અને શ્રાવકોમાંથી કેટલાક તો એટએટલી અમાનુષી રીતે જમીન પડાવી લે છે કે ઈશ્વરમાંથી અને મનુષ્યમાંથી આપણી શ્રદ્ધા હમેશને માટે જતી રહે.

સારે જહાંસે અચ્છા એવા અમારા હિંદોસ્તાંની ધર્મ-ભૂમિમાં સાત લાખ મંદિરો અને બાવન નહિ તો બાર લાખ સાધુઓ તો ખરા ને ?

આ સાત લાખ મંદિરોમાં એકેક સારો કાર્યકર્તા બેસાડી શકીએ તો ખરો ધર્મ જાગે. આજે તો ઢોંગ ચાલી રહ્યો છે. ઈશ્વરમાં માનનારા ગણ્યાગાંઠા ક્વચિત્ કોઇ હશે—બહુ થોડા.

એક બહુ નાના ગામડામાં, જ્યાં નવા વિચારનાં મોજાં પહોંચ્યાં જ નથી પણ દૂરથી ઊડતી ચીનગારી ભૂલથી પહોંચી છે, ત્યાં એક સાધુએ છોકરાં રમાડવાનું શરૂ કર્યું. હવે બાલવર્ગ, શાળા અને ઔષધાલય કાઢયાં છે.

જુવાનોને જો વિપ્લવોનાં પુસ્તકો વાંચી અથવા સભા ગજાવીને જ સંતોષ માનવો ન હોય તો ગુજરાતનાં મંદિરોનો વહીવટ તેઓ સુધારે. અકાળીઓએ તે કર્યું પણ તેમાં ઘણાએ માર ખાધો અને મરી ગયા.

(પ્રસ્થાન) સુમન્ત મહેતા

❀ જાતે છે ડૂબવું ને જાતે ઊગરવું, કોઇનું ના ચાલે કાંઇ ❀

ધરતીકંપથી મકાન પડુંપડું થઇ રહ્યું છે એ જોતાં પોતાની ઘરડી અશક્ત માતા ત્રીજે માળ એકલી છે તેનો ખ્યાલ બિહારની એ શિક્ષિકાને આવ્યો. પણ એક જ ક્ષણમાં એ સ્વાર્થી ખ્યાલ કાઢી નાખી કર્તવ્યપાલનનો નિશ્ચય તેણે કરી લીધો, અને પોતાના હાથ નીચેનાં નાનાં નાનાં બાળકોને સંભાળથી ખુલ્લા મેદાનમાં સલામત પહોંચાડવામાં તે પરોવાઇ ગઇ. સદ્‌ભાગ્યે એક નોકરડીએ બીજી બાજુ પેલી વૃદ્ધાને પણ બચાવી લીધી!

અનેકાર્થી શબ્દ: **વેધ**=દોષ, બાધ; વીંધવું તે; જખમ; છિદ્ર, વેહ; આકાશી પદાર્થોનું નિરીક્ષણ કરવું તે; ખાર, દ્વેષ; સૂર્ય તથા ચંદ્રનાં ગ્રહણો પહેલાં અમુક પ્રહરનો ગણાતો સૂતકનો સમય; સુતાર–કડિયાના કામમાં આવતો શાસ્ત્રીય દોષ; 'કો ઑર્ડિનેટ ઑફ ઝેડ (ગ)'.


સીનોરા ઍન્ટોનિયા ફર્નાન્ડિઝ લોપેઝ નામની સ્પૅનિશ બાઇ પોતાના મરણ પાછળ પાંચ છોકરાં, પાંત્રીસ છોકરાંનાં છોકરાં, ૪૮ પ્રપૌત્ર અને ૫૩ બીજાં સગાં મૂકતી ગઇ; પણ નવાઇની વાત તો એ હતી કે એ બધાં મળીને જ સાન જોર્જે નામના ગામડાની વસ્તી હતી!

સફેદ રેશમનાં કપડાંને ધોતી વેળા પાણીમાં થોડું ટર્પેન્ટાઇન નાખશો તો કપડું પીળું પડતું અટકશે.

જાપાનની ભાષામાં અગણિત મૂળાક્ષરો છે, કારણકે ત્યાં શબ્દ એ જ મૂળાક્ષર છે. એક વર્તમાનપત્ર વાંચવા માટે ૪ થી ૫ હજાર શબ્દો જાણવા જોઇએ!

લોહીના ડાઘવાળું કપડું ધોતાં પહેલાં થોડું મીઠું નાખેલા કોકરવરણા પાણીમાં અરધોક કલાક રાખી મૂકજો. જલદી જશે.

મનુ–આજ રાત્રે આપણે શું કરીશું? તનુ–હું પૈસો ઉછાળું. જો મહોરું પડે તો નાટક જોવા જવું, ને છાપ પડે તો સીનેમા જોવા જવું. અને જો પૈસો કિનાર ઉપર ઊભો રહે તો વાંચવા બેસવું.



કાગળ કચરાનું ખોખું. પૅકિંગના ખોખાનાં નકામા જણાતાં પાટિયાં નાખી ન દેતાં તેમાંથી આવું ખોખું બનાવવાની મહેનત કે ખર્ચ બહુ નહિ લાગે. બે પડખાં સરખાં ને બે આકાર પ્રમાણેનાં ત્રાંસ પડતાં જડી વધારાની ફાંસનો ભાગ વહેરી નાખી તેમાંથી બે ટેકા જોઇતા માપના બનાવી લઇને બે પડખે જડી દેવાથી આકર્ષક ઘાટનું કચરા ખોખું બનશે. તે પર મરજી પ્રમાણે રંગ કે શોભન કરીને ખૂબી વધારી શકાય.

જર્મનીના સૅક્સની પરગણામાં ઑગસ્ટસબર્ગ નામનો કિલ્લો છે જેને 'કૅલૅન્ડર કૅસલ' કહે છે, કેમકે વરસના દિવસ જેટલી (૩૬૫) બારીઓ, વરસનાં અઠવાડિયાં જેટલી(૫૨)ચીમની, વરસના મહિના જેટલાં (૧૨) દિવાનખાનાં અને વરસની ઋતુઓ જેટલી (પશ્ચિમ પ્રમાણે) જેટલા ૪ મિનારા તેમાં છે!

ચોમાસામાં ચમડાઇને કડક થઇ ગએલા જોડા માટે એરંડિયું ઉત્તમ છે. ગરમ પાણીના પોતાથી જોડા સાફ કરી એરંડિયું થોડુંથોડું મસળવું.

હારમોનિયમની ચાવીઓ ઉપરના હઠીલા ડાઘ કાઢવા માટે મેથીલેટેડ સ્પિરિટ અથવા હાઇડ્રોજન પેરૉક્સાઇડ વાપરી જોજો. હાઇડ્રોજન પેરૉક્સાઇડ વાપરો તો તડકા તથા હવામાં ખુલ્લું રાખજો અને તદ્દન સુકાઇ જાય તે પછી રેશમના ટુકડા વડે ઘસી સાફ કરજો.

ફુલદાનનાં પાણીમાં થોડું મીઠું અને સોડા નાખવાથી ફૂલ તાજાં બની જશે અને લાંબો વખત ટકશે.

નવાં વાપરવા કાઢેલાં બ્રશ કે સાવરણીને વાપરતાં પહેલાં ઠંડા પાણીમાં બોળી રાખવાથી તેનાં છૂછાં નીકળી નહિ આવે.

માછલીની ઉમર તેના શરીરનાં ભીંગડાં ઉપરનાં કુંડાળાં પરથી ગણી શકાય છે.

કીડીઓનાં દર આગળ કાર્બનનો ભૂકો છાંટવાથી કીડીઓ નાસવા જ માંડશે.

ડુંગળી સમારતી વખતે આંખમાં પાણી આવતાં સૌએ અનુભવ્યાં હશે. તપેલીમાં પાણી ભરીને તેમાં ડૂબાડૂબ હાથ રાખી સમારવાથી આંખો નહિ બળે.

કડક જોડામાં તરડ પડવા માંડતી હોય તો મીઠાના પાણીમાં બોળી લિનસીડ ઑઇલ ચોપડીને રાતભર રાખી મૂકજો.

અચાનક ક્યાંક ઇંચના માપીઆની જરૂર પડે ને કોઇ સાધન પાસે ન હોય તો પૈસાના સિક્કાનો ઉપયોગ કરજો. પૈસો બરોબર એક ઇંચના વ્યાસનો હોય છે.



જગવિખ્યાત નોબેલ પ્રાઇઝ મેળવનારાઓને આપવામાં આવતા સુવર્ણચંદ્રકની બે બાજુઓ